Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૫૪
તા.૦૯-૦૭-૨૦૧૮, સોમવાર
સંવત ૨૦૭૪ જેઠ વદ - ૧૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૦૧ સૂર્યાસ્ત : ૦૭:૨૮

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૭.૬ | વડોદરા | ૩૭.૬ |
| અમદાવાદ | ૩૫.૬ | સુરત | ૩૧.૨ |
| ગાંધીનગર | ૩૫.૫ | નલિયા | ૩૪.૨ |

ચાંદી : ૩૯,૫૦૦ સોનું : ૩૧,૪૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૭ વર્ષ...

# ઉમરગામ ૧૨ ઇંચ વરસાદથી જળ બંબાકાર

## વિચાર વૈભવ...

### સાચા ગુરુ

જાપાનમાં એક મહાન ઝેનગુરુ થઈ ગયા. નામ એમનું બાંકી. આશ્રમમાં દૂર દૂરથી ઘણા વિદ્યાર્થીઓ ભણવા માટે આવતા. ગુરુ બાંકી ખૂબ જ પ્રેમથી એમને ફિલસૂફી તેમજ ઝેનનું જ્ઞાન આપતા. એક વખત એક વિદ્યાર્થી ચોરી કરતાં રંગે હાથ પકડાઈ ગયો. અન્ય વિદ્યાર્થીઓ એને પકડીને ગુરુ બાંકી પાસે લઈ ગયા. બધાને એમ હતું કે ગુરુ એ ચોર વિદ્યાર્થીને ખિજાશે અથવા તો આશ્રમમાંથી જ કાઢી મુકશે. પરંતુ તે બધાની નવાઈ વચ્ચે ગુરુએ તો ચોરી એ સારી વાત ન કહેવાય એટલું જ બોલીને બીજી વાતો શરૂ કરી દીધી. એ વિદ્યાર્થીને ઠપકાના બે ઉગ્ર શબ્દો પણ ન કહ્યા. અરે! એમણે તો જાણે આખી વાતને જ ઉડાવી દીધી! બધા વિદ્યાર્થીઓને ગુરુનું આવું વલણ જોઈને નવાઈ લાગી. ગુરુએ એક વાક્યથી વધારે ચોરી અંગે કાંઈ કહ્યું પણ નહી એ વાતનો થોડોક આઘાત પણ એમને લાગ્યો. છતાં થોડીક ગણભણ પછી આ બધું ભૂલીને સૌ ભણવામાં લાગી ગયા. આ તરફ પેલા ચોર વિદ્યાર્થીને મજા પડી ગઈ. ગુરુના આવા વલણથી એની હિંમત વધી ગઈ. આ ગુરુ તો ખિજાતા નથી અને શિક્ષા પણ કરતા નથી એ વિચારમાત્રથી એના મનમાંથી ચોરીની બીક જ નીકળી ગઈ. એણે બીજી વખત કોઈપણ જાતના ડર વગર બિન્દાસપણે ચોરી કરી. ફરી વખત બધા વિદ્યાર્થીઓ એને પકડીને ગુરુ બાંકી પાસે લઈ ગયા. આ વખતે બધાને હતું કે હવે તો ગુરુ એને બરાબરની શિક્ષા કરશે જ. એકાદ વખત આવી મહાન વ્યક્તિ જવા દે, પરંતુ વારંવારની ભૂલ તો માફ ન જ કરે. પરંતુ બધાના આશ્ચર્ય વચ્ચે બબ્બે વખત રંગે હાથ પકડાવા છતાં એ ચોરને ગુરુએ ફક્ત એટલું જ કહ્યું, 'બેટા! ચોરી એ સારી વાત ન કહેવાય. એ એક ખુબ જ ખરાબ આદત છે!' ફરી વખત ગુરુએ પેલાને કાંઈ જ શિક્ષા ન કરી. એનાથી આ વખતે પણ બધાને નવાઈ અને આઘાત તો લાગ્યાં જ, ઉપરાંત ગુસ્સો પણ એટલો જ આવ્યો. ખુલ્લેઆમ વટથી ફરતા અને મનફાવે ત્યારે ચોરી કરતા એ વિદ્યાર્થીને ગુરુએ જાણે એણે જાહેરમાં છીંક ખાધી હોય અને ટોકતા હોય એટલું જ ટોક્યો. એનાથી એ બધા અત્યંત નારાજ થઈ ગયા. દરેકના મનમાં અત્યંત ગુસ્સો હતો, પરંતુ ગુરુ સામે બોલવાની કોઈની હિંમત નહોતી. એટલે થોડીક ગુસપુસ કરીને બધા છુટા પડ્યા.

બધા વીખરાઈ તો ગયા, પરંતુ કોઈનો ગુસ્સો શાંત થવાનું નામ નહોતો લેતો. એટલે એ રાતે બધા ફરીથી ભેગા થયા. ઘણી બધી ચર્ચાઓના અંતે એવું નક્કી કરવામાં આવ્યું કે કોઈએ ગુરુ સાથે દલીલોમાં ન ઊતરવું, પરંતુ સમગ્ર વાત અને સૌના વિચારો તેમજ લાગણી એક કાગળમાં ઉતારી બધા વતી એ કાગળ ગુરુને આપી દેવો. પછી ગુરુએ જે કરવું હોય તે કરશે. એમ છતાં જો ગુરુ કોઈ યોગ્ય નિર્ણય ન કરે તો પત્રમાં લખ્યા મુજબ આગળ પગલાં ભરવાં.

આટલું નક્કી કરી બધાએ પેલા ચોર વિદ્યાર્થી તેમજ એણે કરેલી ચોરીની અથથી ઈતિ સુધીની બધી વાત એક કાગળમાં વિગતે લખી. અન્ય વિદ્યાર્થીઓની લાગણી અને રોષ પણ એમાં વર્ણવ્યાં. જો એ ચોર વિદ્યાર્થીને શિક્ષા કરીને કાઢી મુકવામાં નહીં આવે તો બાકીના બધા વિદ્યાર્થીઓ આશ્રમ છોડીને જતા રહેવાનું પસંદ કરશે એવું પણ છેલ્લે લખ્યું. સવારે ઊઠીને બધાએ સૌથી પહેલું કામ એ કાગળ ગુરુ બાંકીને પહોંચાડવાનું કર્યું. ગુરુ બાંકીએ એ કાગળ લઈને એમાંની વિગત નિરાંતે વાંચી. પછી બધા પર એક પ્રેમભરી નજર ફેરવી. જરાક હસ્યા અને કહ્યું, 'મારા વહાલા શિષ્યો! તમે સૌ ખુબ જ શાણા છો. અત્યંત સમજુ છો. સાચું શું અને ખોટું શું એની તમને સૌને બરાબર સમજણ પડે છે. તમે બીજે ભણશો કે બીજે ગમે ત્યાં જશો તો પણ તમારું ભવિષ્ય તો ઉજ્જવળ જ રહેવાનું છે. એટલે તમને બધાને આશ્રમ છોડીને જતા હું નહીં રોકું! તમારે સૌને જવું હોય તો તમે જઈ શકો છો.' એટલું કહી ગુરુ બે ક્ષણ માટે અટક્યા.

બધા શિષ્યો આઘાત સાથે એકબીજા સામે જોવા લાગ્યા. એમના માનવામાં નહોતું આવતું કે ગુરુ આ શું કહી રહ્યા છે!

'પરંતુ મારા વહાલા શિષ્યો!' ગુરુ આગળ બોલ્યા, 'જે વિદ્યાર્થીએ ચોરી કરી છે, એને તો એ ખબર પણ નથી કે ચોરી કરવી એ ખરાબ છે! જેને હજુ સારું શું અને ખરાબ શું, સાચું શું, અને ખોટું શું એની પણ ખબર ન હોય એનો સાથ હું કેવી રીતે છોડી દઉં? એને સાચા રસ્તાની સમજણ આપવા માટે તો એનાં માતાપિતાએ મારી પાસે મોકલ્યો છે. હું જ એને અહીંથી કાઢી મૂકીશ તો પછી સાચા - ખોટાની સમજણ એને કોણ આપશે? એની જિંદગી તો એક ચોર કે ગુનેગારની જ બની જશે! નહીં! નહીં! હું એવું તો ન જ કરી શકું. મારે તો એને સાચા રસ્તા પર લાવવાનો છે. મારું એ કામ પૂરું ન થાય ત્યાં સુધી હું એને ન છોડી શકું. એને સારાસારની સમજણ આવે ત્યાં સુધી હું આશ્રમમાં જ રાખીશ. મારી આટલી વાત સાંભળ્યા પછી પણ જો તમારે સૌને આશ્રમ છોડીનું જવું હોય તો જઈ શકો છો. હું તમારામાંથી કોઈને પણ નહીં રોકું! પરંતુ પેલાને તો હું નહીં જ જવા દઉં!' બધા વિદ્યાર્થીઓ ચૂપ થઈ ગયા. પેલો ચોર વિદ્યાર્થી અચાનક જ કાંઈક સત્ય સમજાયું હોય એમ દોડીને ગુરુ બાંકીના પગમાં ઢગલો થઈ ગયો. એની આંખો કહેતી હતી કે એમાં રહેલ પાણી એ ખાલી આંસુ નહોતાં, પરંતુ ગુરુના પ્રેમથી એના મનમાં જે પસ્તાવાનું ઝરણું ફૂટી નીકળ્યું હતું એ આંખો દ્વારા વહી રહ્યું હતું! - ડૉ.આઈ.કે.વીજળીવાળા

## ટીંભી ગામનું તળાવ ફાટતાં રસ્તાઓ, ખેતરો પાણીમાં ગરકાવ : ઉમરગામ, ધરમપુર સહિતના પંથકોમાં ભારે વરસાદથી જનજીવન ખોરવાયું, સેંકડો લોકોનું સ્થળાંતર

અમદાવાદ

દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં મેઘરાજાએ આજે પણ જોરદાર ધડબટાડી બોલાવી હતી. ખાસ કરીને ઉમરગામ, ધરમપુર સહિતના પંથકોમાં તો સાંબેલાધાર અનારાધાર વરસાદ વરસ્યો હતો. ઉંમરગામમાં કલાકોના ગાળામાં જ ૬ ઈંચથી વધુ વરસાદ આજે ખાબકી ગયો હતો જેથી લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. ઉમરગામમાં તો ૧૪ કલાકમાં બાર ઈંચ વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકાર સર્જાયુ હતું. ટીંભી ગામનું તળાવ ફાટતાં રસ્તાઓ, ખેતરો અને આસપાસના વિસ્તારોમાં પાણી ફરી વળ્યા હતા. ધરમપુરમાં પણ સાત ઈંચ જેટલો અતિ ભારે વરસાદ ખાબકતાં સમગ્ર પંથક પાણીમાં ગરકાવ બન્યો હતો. ઉમરગામ અને ધરમપુર સહિતના વિસ્તારોમાં અનરાધાર વરસાદને પગલે પરિસ્થિતિ એટલી હદે વણસી હતી કે, રોહિતવાસ, સ્ટેશન રોડ સહિતના વિસ્તારોમાંથી સેંકડો લોકોનું સ્થળાંતર કરાવવાની ફરજ પડી હતી. પોલીસ, એનડીઆરએફ સહિતની ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ અભિયાનમાં જોતરાઇ હતી. માત્ર ૧૪ કલાકમાં જ ૧૨ ઈંચ જેટલા અતિભારે વરસાદથી ઉમરગામ જાણે બેટમાં ફેરવાયું હતું. દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાની આજે વધુ પડતી મહેરના કારણે જનજીવન ખોરવાયું હતું અને લોકોની હાલત બેહાલ અને કફોડી બની હતી. બીજીબાજુ, ગુજરાતમાં ફરી એકવાર વરસાદી સીસ્ટમ સક્રિય બની છે. જેમાં અપર એર સાયકલોનિક સર્ક્યુલેશન અને લો પ્રેશર સર્જાતા આગામી ૪૮ કલાકમાં રાજયના દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં અને સૌરાષ્ટ્ર સહિતના પંથકોમાં ભારે વરસાદની આગાહી વ્યકત કરતાં તંત્રને એલર્ટ કરી દેવાયું છે તો, સ્થાનિક લોકો ચિંતાતુર બન્યા છે. એકબાજુ, રાજયમાં દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત સહિતના પંથકોમાં મેઘમહેર જોરદાર રીતે ચાલુ છે ત્યારે બીજીબાજુ, રાજયના ઘણા ક્ષેત્રો હજુ મેઘમહેર વિના લગભગ કોરાધાકોર જેવા જ રહ્યા છે. તો, રાજયમાં સીઝનના કુલ જરૂરી વરસાદની સામે આ વખતે હજુ ૪૬ ટકા વરસાદની ખોટ છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, ગુજરાત દેશમાં બીજું રાજય છે, જયાં સૌથી ઓછો વરસાદ પડયો છે. પ્રથમ ક્રમે મણિપુર છે, જયાં હજુ ૬૮ ટકા વરસાદની જરૂર છે. દરમ્યાન રાજયમાં આજના વરસાદની વાત કરીએ તો, રાજયમાં આજે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક પંથકોમાં મેઘરાજાએ મહેર વરસાવી હતી પરંતુ ઉમરગામ અને ધરમપુર સહિતના પંથકોમાં વધુ પડતા વરસાદના કારણે સમગ્ર જીનજીવન અસ્તવ્યસ્ત થઇ ગયું હતું. ઉમરગામ, ધરમપુર, વાપી, વલસાડ, કપરાડા, નવસારી, ભરૂચ, વાગરા, પારડી સહિતના પંથકોમાં જોરદાર વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ વરસાદ ઉમરગામમાં ૧૨ ઈંચ અને ધરમપુરમાં સાત ઈંચ વરસાદ ખાબકયો હતો, જેને પગલે આ પંથકોમાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી.

## સુરતમાં તાપી નદી બે કાંઠે.....



દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે દિવસથી ભારે વરસાદ ખાબકયો છે જેના પગલે નદી-તળાવો છલકાયા છે ત્યારે સુરતની લોકમાતા સુર્યપુત્રી તાપી નદી બે કાંઠે વહેતી થઈ છે. સુરતમાં તાપી નદી પરનો કોઝવે ૬.૭ મીટર સુધી છલકાયો હતો.

## સસ્પેન્સનો અંત : ભાજપ સાથે જેડીયુ ગઠબંધન રાખવા સંમત

### જેડીયુની રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણય

નવીદિલ્હી

બિહારમાં બેઠકોની વહેંચણીને લઇને ચાલી રહેલી ખેંચતાણનો આખરે અંત આવી ગયો છે. આજે નવી દિલ્હીમાં જેડીયુની રાષ્ટ્રીય કારોબારીની બેઠક મળી હતી. જેમાં મોટાભાગે ચિત્ર સ્પષ્ટ થઇ ગયું છે. સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, ૨૦૧૯માં ભાજપની સાથે ગઠબંધન જારી રહેશે. જેડીયુએ આ જાહેરાત કરીને રાજકીય વર્તુળોમાં ચાલી



રહેલી અટકળોનો અંત આણી દીધો છે. મતભેદો હજુ અકબંધ રહ્યા છે પરંતુ બંને પાર્ટી સાથે મળીને ચૂંટણી લડશે. ૨૦૧૯માં યોજાનારી ચૂંટણીને લઇને બેઠકોની વહેંચણીને લઇને હજુ સમજૂતિ સાધી શકાય નથી. પાર્ટી નેતાઓનું કહેવું છે કે, ૨૦૦૯ની ફોર્મ્યુલા ઉપર કોઇપણ કારની સહમતિ સધાઇ તેવી શક્યતા ઓછી છે પરંતુ પાર્ટીને સન્માનજનક સીટો આપવામાં આવશે.

## મિશન ૨૦૧૯ :મોદી આ મહિને ચાર વખત યુપી જશે

લખનૌ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મિશન ૨૦૧૯ના ભાગરુપે ફરીએકવાર ઉત્તરપ્રદેશમાં ઝંઝાવતી પ્રચાર કરવાની તૈયારી કરી ચુક્યા છે. મોદી હવે ફરી કમળ ખિલાવવા માટે રાજયમાં આક્રમક ચાર પ્રવાસ કરનાર છે. છેલ્લી કેટલીક પેટાચૂંટણીમાં એકમત થયેલા વિપક્ષ સામે હાર ખાધા બાદ મોદીએ હવે પોતે જવાબદારી લઇ લીધી છે. સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી એકબીજાના વિરોધી હોવા છતાં મોદીને પછડાટ આપવા એકબીજા સાથે હાથ મિલાવી ચુક્યા છે.

## કટ્ટરપંથીના બંધ વચ્ચે હજારો અમરનાથ શ્રદ્ધાળુ અટવાયા

### જમ્મુ-શ્રીનગર હાઈવે પર ટ્રાફિક રોકવાની ફરજ

શ્રીનગર

કાશ્મીરને સમગ્ર દેશ સાથે જોડતા જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ ઉપર ટ્રાફિકને રોકી દેવામાં આવતા હજારોની સંખ્યામાં અમરનાથ શ્રદ્ધાળુઓ અટવાઈ પડ્યા છે. અમરનાથ શ્રદ્ધાળુઓમાં મોટી સંખ્યામાં મહિલાઓ પણ રહેલી છે. જુદી જુદી બસમાં આ તમામ મહિલા શ્રદ્ધાળુઓ છે. જમ્મુ ક્ષેત્રમાં સિમાંત જિલ્લાઓ પૂંચ અને રાજૌરીને દક્ષિણ કાશ્મીરના



સોપિયન જિલ્લાથી જોડનાર મુગલ રોડ ઉપર અધિકારીઓએ આજે સાવચેતીના પગલારુપે ટ્રાફિક રોકી દેવાનો નિર્ણય કર્યો હતો. હિઝબુલ મુઝાહિદ્દીનના ત્રાસવાદી બુરહાનવાનીની બીજી વરસી ઉપર કટ્ટરપંથીઓએ આજે બંધનું એલાન આપ્યું હતું જેના પરિણામ સ્વરુપે પોલીસ મહાનિર્દેશક એસપી વૈદ્ય દ્વારા અમરનાથ યાત્રાને એક દિવસ માટે બંધ રાખવાનો નિર્ણય ગઇકાલે જ લઇ લીધો હતો.

## સ્ટેચ્યુ ઓફ યુનિટીનું ૮૦ કામ પૂર્ણ : પ્રોજેકટ અંતિમ ચરણમાં

### રૂપાણીએ પ્રોજેક્ટની પુરતી માહિતી મેળવી

અમદાવાદ

પાટીદારોની શહીદયાત્રા આજે અમદાવાદ પહોંચી છે ત્યારે બીજીબાજુ, રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દુનિયાની સૌથી ઉંચી નિર્માણાધીન પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નીરીક્ષણ કરવાના હેતુસર કેવડિયા કોલોની ખાતે પહોંચ્યા હતા અને સમગ્ર પ્રોજેકટની તાજી સ્થિતિની જાત માહિતી મેળવી હતી. સરદાર વલ્લભભાઇ પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાના નિર્માણ પ્રોજેક્ટ માટે ગુજરાત સરકાર દ્વારા તેના બજેટમાં લગભગ રૂ.૯૦૦ કરોડ જેટલી માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કામ લગભગ ૮૦ ટકા જેટલું પૂર્ણ થઇ ગયું છે અને તા.૩૧મી ઓકટોબરે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સમગ્ર રાષ્ટ્રને સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કરવામાં આવે તેવી પૂરી શકયતા છે.

## અનામત આંદોલનને લઈ હાર્દિક ફરી ૨૫ ઓગસ્ટથી ઉપવાસ પર

અમદાવાદ

છેલ્લા ઘણા સમય બાદ હવે પાટીદાર નેતા હાર્દિક પટેલે અનામત મુદ્દે આજે આરપારની લડાઇની જાહેરાત કરી હતી અને પાટીદાર સમાજને અનામતની માંગણી મુદ્દે તા.૨૫મી ઓગસ્ટથી આમરણાંત ઉપવાસ પર બેસવાનું એલાન કર્યું હતું. ભાજપ સરકાર દ્વારા અનામતના મુદ્દાને કોરાણે મૂકી દીધો હોઇ હવે સમય પાકી ગયો છે કે, પાટીદારોને અનામતના મુદ્દે આરપારની



લડાઇ લડવી પડશે. તા.૨૫મી ઓગસ્ટથી હું અનામત નહી મળે ત્યાં સુધી આમરણાંત ઉપવાસ પર ઉતરીશ અને અન્ન જળનો ત્યાગ કરીશ. ગુજરાતમાં આ સૌથી મોટુ ઉપવાસ આંદોલન બનશે કે જેમાં રાજયભરમાંથી અને રાજય બહારથી હજારો લોકો જોડાવવા માટે આવશે. આ સિવાય ગુજરાતમાં જિલ્લા-તાલુકા કક્ષાએ પણ લોકો ઉપવાસ આંદોલનમાં જોડાઇ સહયોગ આપશે. હાર્દિક પટેલે એક તબક્કે એવી પણ તૈયારી બતાવી હતી કે, જો સરકાર બિનઅનામત વર્ગ માટે અનામત આપવાની પ્રક્રિયામાં પાટીદાર સમાજને સાથે રાખે અને તે મુજબ અમને લાભ આપે તો પણ અમને વાંધો નથી.

## મુંબઈમાં ધોધમાર વરસાદ જારી : નાગરિકો મુશ્કેલીમાં

મુંબઈ

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં ધોધમાર વરસાદનો દોર આજે પણ જારી રહ્યો હતો. બીજી બાજુ મુંબઈમાં રહેતા લોકોને હાલપુરતી રાહત મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. કારણ કે, આગામી પાંચ દિવસ દરમિયાન અતિભારે વરસાદની ચેતવણી તંત્ર દ્વારા જારી કરવામાં આવી છે. આજે ભારે વરસાદના કારણે અનેક જગ્યાઓએ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. મુંબઈ ઉપરાંત મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં પણ ભારે વરસાદ થઇ રહ્યો છે. વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને અન્ય જગ્યા પર લોકો અટવાયા હતા. જો કે, આજે રવિવાર હોવાના કારણે નોકરીમાં મોટાભાગના લોકોની રજા રહી હતી. શનિવારના દિવસે જ નાગપુર, ઔરંગાબાદ, નાંદેદ, અકોલા, વર્ધા, ચંદ્રપુર અને કોંકણમાં ભારે વરસાદની ચેતવણી જારી કરાઈ હતી.

## બનાસકાંઠામાં બટાકાની સબસીડીમાં ગેરરીતી આચરાઈ હોવાની રાવ

### તંત્ર દ્વારા કોલ્ડસ્ટોરેજમાં બટાકા મુકનારા ખેડૂતોના બદલે અન્ય શખ્સોને સબસીડી આપી દેવાઈ હોવાની બૂમરાણ

પાલનપુર

સરહદી બનાસકાંઠા જિલ્લામાં બટાકાનું વાવેતર કરનારા ખેડૂતો સાથે કોલ્ડ સ્ટોરેજના માલિકો અને બાગાયત કચેરીના અધિકારીઓ દ્વારા સબસીડીના નામે મોટી ગેરરીતી આચરવામાં આવી હોવાની રાવ ઉઠતાં ચકચાર મચી જવા પામી છે. આ કૌભાંડમાં સામેલ તમામની સામે સીબીઆઇ તપાસની માંગ સાથે ખેડૂતોએ આંદોલનની ચિમકી ઉચ્ચારતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. સરહદી બનાસકાંઠા જીલ્લામાં વહિવટીતંત્રના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓના કારણે ખેડૂતોને અન્યાય થઇ રહ્યો છે. અગાઉ મગફળી, પુર વખતે જમીન ધોવાણ, પાક ધોવાણમાં આચરાયેલા ભ્રષ્ટાચારમાં કેટલાક સરકારી બાબુઓ જેલની હવા ખાઇ રહ્યા છે. ત્યારે હવે પુનઃ જિલ્લાના ખેડૂતો સાથે કોલ્ડ સ્ટોરેજના માલિકો અને બાગાયતી વિભાગના અધિકારીઓ દ્વારા બટાકાની સબસીડીના નામે મસમોટું કૌભાંડ આચરવામાં આવ્યુ હોવાની ખેડૂતોમાં બુમરાણ મચી છે.

અનુસંધાન પાના નં.૬

### તંત્ર દ્વારા ડોક્યુમેન્ટની ખામી કાઢવામાં આવી

સમગ્ર એશિયામાં બનાસકાંઠા બટાટાના ઉત્પાદનમાં પ્રથમ ક્રમે છે. ત્યારે બટાટાના ખેડૂતોએ જે સબસિડી મેળવવાની કાર્યવાહી કરી હતી એમાં સબસિડીથી વંચિત રહી ગયેલા ખેડૂતો માટે તંત્રએ હવે જે તે સમયે જમા કરાવેલા ડોક્યુમેન્ટ્સમાં અનેક ખામીઓ કાઢવામાં આવી છે. અને ખેડૂતો પાસેથી સર્વે કરી અને હવે ડોક્યુમેન્ટ્સ મંગાવવાની વાત કરી રહ્યું છે ત્યારે સવાલ એ થાય છે કે ડોક્યુમેન્ટ્સ વગર ફોર્મ અપડેટ જ થતું નથી ત્યારે હવે આ અપડેટ થયેલા ફોર્મમાં ખામીઓ કેવી રીતે આવી કોને ખામીઓ ઉભી કરી એ એક સવાલ છે.

## ભીલડી રેલ્વે સ્ટેશને બે સગી બહેનોએ હાથ પકડીને માલગાડી નીચે પડતુ મુક્યુ

### એક બહેનના બે પગ કપાયા જ્યારે બીજીને પણ ઈજાઓ થતા સારવાર અર્થે ખસેડાઇ

પ્રતિનિધિ ભીલડી

ડીસા તાલુકાના ભીલડી રેલવે સ્ટેશન નજીક રેલ્વે ફાટકની બાજુમાં દિયોદર તરફથી આવી રહેલ માલગાડી નીચે સગી બે બહેનોએ હાથ પકડીને પડતુ મુકતા એક બહેનના બે પગ કપાયા હતા જયારે બીજી બહેનને પણ



કંચનજી ઠાકોર

ઈજાઓ થઈ હતી. જોકે ઘટનાની જાણ થતા આજુબાજુમાંથી લોકોના ટોળા ઘટના સ્થળે એકઠા થઈ ગયા હતા અને આ અંગે ભીલડી રેલવે પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરાતા પોલીસ તેમજ વાન ઘટના સ્થળે પહોંચી બંને બહેનોને સારવાર અર્થે ભીલડી રેફરલ બાદ

અનુસંધાન પાના નં.૬

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ. રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

**સૂર્યોદય - ૬.૪૪ સૂર્યાસ્ત - ૬.૫૦**

## તિથિદર્શન

જેઠ વદ-૧૧ સોમવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ વદ :અગીયારસ સોમવાર નક્ષત્ર:ભરણી સવારે ૬.૨૯ પછી કૃતીકા યોગ: શુલ કરણ:બવ આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ.લ.ઈ.) બપોરે ૧૨.૩૧ પછી વૃષભ (બ.વ.ઉ.) અક્ષરો ઉપર પાડવું શાસ્રોકત છે. - જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### સત્યાનુસારિણી લક્ષ્મી:, કીર્તિસ્ત્યાગાનુ સારિણી અભ્યાસસારિણી વિદ્યા, બુદ્ધિં કર્માનુ સારિણી

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે:-

'લક્ષ્મી સત્યને અનુસરનારી છે, કીર્તિ ત્યાગને અનુસરનારી છે, વિદ્યા અભ્યાસને અનુસરનારી છે અને બુદ્ધિ કર્મને અનુસરનારી છે.'

જ્યાં નિષ્ઠા- ન્યાય અને નીતિ હોય ત્યાં સત્ય રહે છે, સચ્ચાઈથી વ્યવહાર કરવામાં આવે ત્યાં અનીતિ- ભય- ચિંતા રહેતાં નથી. સાચો માણસ સૌને પ્રિય છે. તેને કારણે વિશ્વાસ વધે છે આવા કર્મચારીની કદર થાય, વેપારીની નિષ્ઠા કારણે વેચાણ વધે છે. શુદ્ધ વહેવાર હોય ત્યાં લક્ષ્મી ટકે છે. જે માણસમાં ત્યાગ અને સમર્પણની ભાવના હોય તેનું સમાજમાં મહત્વ હોય છે. તેનો સૌ વિશ્વાસ કરે છે, એવા ચારિત્ર્યનું સર્વ સન્માન કરે છે અને કીર્તિ પ્રાપ્ત થાય છે. જે વિદ્યાર્થી સર્વ સુખ- ભોગ- આરામનો ત્યાગ કરી 'તપસ્વી' જેમ ભૂખ- દુ:ખ, તડકો- છાંયડો, નિદ્રા બધું જ ભૂલી જઈ 'અભ્યાસ' પાછળ લાગ્યો રહે તો જ તેને વિદ્યા પ્રાપ્ત થાય છે. સત્કર્મ કરનાર હંમેશા સાત્વિક વિચાર કરનારા હોય છે. સાત્વિક બુદ્ધિ હોય તો જ સુંદર કાર્યો થાય છે.

## રાંટીલા પ્રાથમિક શાળામાં બાળ સંસદની ચૂંટણી યોજાઈ


હસમુખ ચૌધરી

પ્રતિનિધિ લવાણા

તા.૬-૭-૨૦૧૮ ના દિવસે રાંટીલા પ્રા.શાળામાં યોજાતી વિવિધ પ્રવૃતિઓની સમિતિ માટે બાળ સંસદની ચૂંટણી કરવામાં આવી જેમાં વિવિધ સમિતિઓ જેવી કે પ્રાર્થના, સફાઈ, બાગકામ, પ્રવાસ, મધ્યાહન ભોજન,ગણિત વિજ્ઞાન મંડળ વગેરે જેવી સમિતિ માટે વિદ્યાર્થીઓએ ઉમેદવારી નોંધાવી હતી અને એમના દ્વારા પ્રચાર પણ કરવામાં આવ્યો હતો. બાળકોએ ખૂબ ઉત્સાહ પૂર્વક તમામ ઉમેદવાને વોટ આપ્યા હતા. આ પ્રસંગે ગ્રામ પંચાયત સરપંચ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ થકી બાળકોને લોકશાહી અને ચૂંટણી પ્રક્રિયા વિસે સમજ આપવામાં આવી હતી. આ પ્રવૃત્તિનું આયોજન શાળાના સ્ટાફ અને શાળાના આચાર્ય દ્વારા કરવામાં આવ્યું હતું

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

શેલી, ફકત ત્રીસ વરસનું જ જીવન જીવનાર છતા વિશ્વસાહિત્યમાં નામના મેળવનાર કવિ.

એમન જન્મ ઈંગલેન્ડમાં ઈ.સ. ૧૭૮૯માં એક ઉમરાવ કુટુંબમાં થયો હતો.

શેલીનું મોટા ભાગનું જીવન ઈટાલીમા જ વીત્યું હતું. ઈંગલેન્ડના આ મહાન અંગ્રેજ કવિ શેલીનું માત્ર ૩૦ વરસની નાની વયે તા. ૯-૭-૧૮૧૯ ના રોજ અવસાન થયું.

રૂઢિઓ સાથેના સતત સંઘર્ષમાં લખપતિ પિતાના આ પુત્ર સખત નાણાભીડમાં જીવ્યા અને પોતાના અલ્પ આયુષ્ય દરમિયાન ઉત્તમ કાવ્યોનું સર્જન કરનાર આ કવિ સાહિત્યાકાશમાં અમર બની ગયા.

એમનો કાવ્યો આજે પણ આપણને એટલા જ મુગ્ધ કરે છે.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસ:-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

## આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ**

પારિવારીક મદદથી અગત્યના કાર્યમાં સફળતા મળેવી શકશો. જીવનસાથી પ્રત્યે વિશેષ લગાવ રહે. સામાજિક કાર્યમાં સફળતા મળે. અકારણ વિવાદથી દૂર રહેવું. મન પ્રફુલ્લિત રહે. નવિન આનંદદાયક સમાચાર મળે. શત્રુ વર્ગ નિર્બળ બને. જો કોઇ સમસ્યા હોય તો તેનું સમાધાન થાયે તેવો સમય છે. આરોગ્ય અંગે સાવચેતી રાખવા જેવો સમય છે. આ સમય દરમિયાન મુસાફરી ટાળવી હિતાવહ.

**વૃષભ**

મનની મુરાદ પૂરી થાય. અતિ મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકશો. ધીરજપૂર્વક આગળ વધવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. પ્રવાસ ઉત્સાહસભર પૂર્ણ કરી શકશો. ભાવાત્મક પીડા અનુભવાય. સંપત્તિને લગતા કાર્યોમાં ઉત્તરોત્તર પ્રગત્તિ કરી શકશો. માનસિક તનાવમાંથી મૂક્તિ મળે. અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. કલા-સાહિત્ય ક્ષેત્રે વિશેષ લગાવ રહે. મનની મીઠી મૂંઝવણ દૂર કરી શકશો.

**મિથુન**

આ સમય દરમિયાન તંદુરસ્તી બાબતે ખાસ સાવચેત રહેવું. નાણાંકીય રોકાણકારોએ પ્રતિકૂળ સમય હોઇ શક્ય હોય તેટલું રોકાણ ટાળવું. ભાઈ-બહેનના સહકારથી કાર્ય સફળતાથી પાર પાડી શકશો. જો કે, દામ્પત્ય જીવનમાં મતભેદ રહે. આર્થિક સમસ્યા હળવી થશે. અટકી પડેલા કાર્યો પૂર્ણ કરી શકશો. નોકરીયાત વર્ગને આકસ્મીક લાભ થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં રૂકાવટ આવે. અકસ્માતથી સંભાળવું.

**કર્ક**

આ સપ્તાહ દરમિયાન સંતાન સંબંધિ ચિંતા રહે. પારિવારીક સમસ્યા પ્રબળ બને. હરિફવર્ગને પીછેહટ કરવી પડે. જૂના સંબંધિઓની મદદ મળે. મહત્વનાના નિર્ણયો આ સપ્તાહ દરમિયાન મોકુફ રાખવા હિતાવહ. યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. વ્યાપાર-ધંધામાં વૃધ્ધિ થશે. આવક સંબંધિ નવા માર્ગો ખૂલ્લે. મનની મૂંઝવણ દૂર કરી શકશો. નાનો આકસ્મિક આર્થિક ખર્ચનો પ્રસંગ બને. યાત્રા-પ્રવાસ ટાળવો હિતાવહ.

**સિંહ**

આ સપ્તાહ દરમિયાન થોડી આર્થિક મૂંઝવણ અનુભવાય. નોકરીયાત વર્ગ માટે બઢતી-બદલીના યોગ સર્જાય. વ્યાપારી વર્ગ માટે મધ્યમ સમય. હિતશત્રુઓથી સાવચેતી રાખવી હિતાવહ. માંગલિક કાર્ય માટે આયોજન થાય. આરોગ્ય બાબતે આ સપ્તાહે ખાસ ચિંતા જેવું નથી. તમે કરેલું આયોજન ગુપ્તતાપૂર્વક પરા પાડવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. કાર્યબોજમાં વધારો જોવા મળે. જો કે, તેનું શુભ ફળ પણ મેળવી શકશો.

**કન્યા**

વિદ્યાર્થીઓ માટે આ સપ્તાહ શુભ ફળદાયી નીવડે. અટકી પડેલા કાર્યમાં મંદગતિ રહે. સંતાન વર્ગ બાબતની ચિંતા રહે. અકારણ મનમાં ચિંતા અનુભવાય. મુસાફરીનું આકસ્મીક આયોજન નકારી ન શકાય. મિત્રો-સ્નેહિજનો સાથે સારો લાભ પ્રાપ્ત કરી શકશો. પારિવારીક કાર્યમાં સફળતા મળે તેમજ યશ, વૃધ્ધિ પણ થાય.

**તુલા**

સપ્તાહની શરૂઆતમાં નાણાંકિય તંગી અનુભવાય. આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું નહિંતર પીછેહટ કરવાનો વખત આવે. બૌધિક કાર્યમાં અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. રાજકીય બાબતોને લગતા કાર્યમાં સાવચેતી રાખવી. હિતશત્રુઓ સ્વમાન ભંગ માટે પ્રયત્નશીલ બને પરંતુ દાળ ગળે નહિં.

**વૃશ્ચિક**

આ સપ્તાહ દરમિયાન નવી ઓળખાણો લાભદાયી નીવડે તેમજ જૂની ઓળખાણો પણ સફળતા માટે મદદરૂપ નીવડે. વડીલ વર્ગ સાથે મનદુ:ખ ઊભું થાય પણ પાછળથી સુલેહ થઇ જાય. અધિકારી વર્ગ સાથે ચકમક ઝરે. જોખમી કાર્યો ટાળવા હિતાવહ. નાણાંકીય લાભ મેળવી શકશો. આકસ્મીક ધન લાભ થાય. પ્રિયજન સાથે વિશેષ લગાવ રહે. વાણી સંયમ જાળવવો હિતાવહ.

**ધન**

આ સપ્તાહ દરમિયાન સામાજિક કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. માનસિક મૂંઝવણ દૂર કરી શકશો. સંતાન સંબંધિ ચિંતા દૂર થાય. મનની પ્રસન્નતામાં વધારો થાય. માંગલિક કાર્યો અંગે ગોઠવણ થાય. દોડા-દોડીમાં ઘટાડો થાય. ક્રોધ ઉપર કાબુ રાખવો. નવી મોજ શોખની વસ્તુની ખરીદી નકારી ન શકાય. અલબત્ત ખાવા-પીવા અને આનંદ-પ્રમોદ પાછળ નાણું વપરાય તેવા યોગ છે. આકસ્મીક પ્રવાસનું આયોજન થાય.

**મકર**

આ સપ્તાહ જરા સંઘર્ષસભર વ્યતિત થાય. ખાસ તો કાર્યબોજ વિશેષ રહે જેથી માનસિક ટેન્શન અને અકારણ ક્રોધના ભોગ ન બની જવાય તે માટે ખાસ સાવચેતી રાખવી નહિંતર પાછળથી પસ્તાવવાનો વખત આવે. આત્મવિશ્વાસ અને પુરૂષાર્થથી આ સમય દરમિયાન પ્રગતિ કરી શકશો. પડવા-વાગવાથી સંભાળવું. પરોપકારને લગતા કાર્યો ટાળવા નહિંતર પીડા વેઠવી પડે. ગુપ્ત ષડયંત્રના ભોગ ન બનો તેની ખાસ તકેદારી રાખવી.

**કુંભ**

આ સમય તમારા માટે મધ્યમ અને મિશ્ર ફળદાયી નીવડે. નવિન મકાન, વાહન આદિની ખરીદીના યોગ છે. રચનાત્મક કાર્યમાં રૂચિ વધે. આપત્તિ ટળે. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય. આમોદ પ્રમોદમાં અધિક્તા રહે. લગન અને મહેનતથી અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. નવિન ખરીદી થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યો વિલંબમાં પડે. ગૃહજીવનમાં આનંદ રહે.

**મીન**

કાર્યની અધિક્તાને કારણે અત્યંત વ્યસ્ત રહેવાય. શત્રુપક્ષ પ્રબળ બને. અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. અકારણ ગુસ્સો રહે. ધાર્મિક કાર્યમાં ધન વપરાય. જમીન સંબંધિત કાર્યમાં સફળતા મેળવી શકશો. કોઇ ગેરસમજનો ભોગ ન બની જવાય તેની સાવચેતી રાખવી. પ્રવાસ-મુસાફરીમાં સફળતા મળે. ભાગીદારી વર્ગ સાથે મનદુ:ખ રહે. સાહસિક કાર્યમાં સફળતા મળે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## ભારતીય જનતા યુવા મોરચા થરાદ શહેર દ્વારા વૃક્ષારોપણ કરાયો


(વિષ્ણુ દવે)

થરાદ

ભારતીય જનતા યુવા મોરચો થરાદ શહેર ના પ્રમુખ પ્રકાશભાઈ સોની અને હિતેશભાઈ વાણિયા, અશોકભાઈ પરમાર રસિકભાઈ વાણિયા, પ્રતાપભાઈ વાણિયા, દેસાઈ રમેશભાઈ અને આખી યુવા ટીમ દ્વારા ધરણીધર પેટ્રોલિયમ થરાદ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ. કાર્યક્રમમાં વસંતભાઈ પુરોહિત પ્રમુખ ભાજપ, જેહાભાઈ, મહેશભાઈ વાણિયા અર્જુન ભાઈ, મહેશભાઈ વિગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

## અમીરગઢ તાલુકાના ડાભેલા ગામે મફ્ત સારવાર કેમ્પ યોજાયા


(વિશાલ નાઈ)

અમીરગઢ

અમીરગઢ તાલુકાના ડાભેલા ગામમાં શરીરના વિવિધ અંગોના દુ:ખાવાના નિદાન કેમ્પ યોજાયો હતો જેમાં આજુ બાજુના પીડિતો ઉમટી સારવાર લીધી હતી. અમીરગઢ તાલુકાના ડાભેલા ગામના ધરમસિંહ તેમજ જાલમસિંહના સહયોગથી ડૉ. હિતેશ વહોરા(પટેલ) દ્વારા ૨૦૦ જેટલા ઘૂંટણ, કમ્મર, મણકા, ગાદી, સહિત શરીરના વિવિધ અંગોના પીડિતો દર્દીઓ ની સારવાર કરી હતી.

અત્રેઉલ્લાખનીય છેકે, અમીરગઢ તાલુકાના ડાભેલા ગામમાં પહેલી વાર આ કેમ્પ યોજાયો હતો તેથી આ નિદાન કેમ્પ થી લોકોમાં આનંદ જોવા મળ્યો હતો જયારે પીડિતોએ કેમ્પ માં સેવા લઇ સારવાર લીધી હતી..

નોંધ પાત્ર છે કે ડૉક્ટર હિતેશ અમીરગઢ તાલુકામાં ટ્રાયબલ વિસતારમાં આવા દરેક વખતે અવાર નવાર કેમ્પો કરતા હોયઅને ગરીબ લોકોને પોતાની સેવાનો લાભ આપતા હોય છે ત્યારે ડાભેલા ગામો પણ ધરમસિંહ તથા જાલમ સિંહ ધ્વારા આ ગામો કેમ્પ યોજાયો હતો અને સમગ્ર અમીરગઢ તાલુમ્ની આજબાજુના લોકોએ આ મફત કેમ્પનો લાભ લીધો હતો.

## સણવાલમાં પુત્રોએ ભગવાન તુલ્ય પિતાને સ્નેહીજનો સાથે શ્રદ્ધાંજલિ અર્પી


(વિષ્ણુ દવે)

(પ્રતિ.) થરાદ

ગામમાં રાત્રે સુંદરકાંડ અને ભજનસત્સંગ કાર્યક્રમનું આયોજન કરાયું હતું થરાદમાં પરિવાર સાથે રહેતા વર્ધાજી લાધાજી બારોટની બીજી વાર્ષિક પુણ્યતિથીએ તેમના પરિવાર દ્વારા વતન સણવાલ ગામમાં રવિવારે શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તેમના બંન્ને પુત્રો ભરતભાઈ (પિન્ટુભાઈ) અને ભગીરથભાઈએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત સ્નેહીજનો સાથે પોતાના ભગવાન તુલ્ય પિતાના સ્મારકે પુષ્પોથી શ્રદ્ધાંજલી આપી તેમના આત્માની ચિરશાંતીની પ્રાર્થના કરી હતી.ત્યાર બાદ સભામાં સરહદના લોકસાહિત્યકારો દિનશેભાઈ બારોટ અને પ્રફુલ્લભાઈ (ટડાવ) સહિતોએ સરહદી પંથકના અનેક ગરીબ પરિવારોને આર્થિક તથા અન્ય પ્રકારે મદદ કરતા હોઈ ભામાશાના હુલામણા નામથી ઓળખાતા સદગત વર્ધાજી બારોટના ગુણો અને કર્મોને યાદ કરી શબ્દો અને પુષ્પોથી ભાવભિની શ્રદ્ધાંજિલ અર્પણ કરી તેમના પરિવાર પ્રત્યે સંવેદના પ્રક્ટ કરી હતી.જ્યારે શનિવારની રાત્રે ગામમાં પુત્રોએ પોતાના ભગવાન તુલ્ય પિતા વર્ધાજી લાધાજી બારોટની સ્થાપિત કરેલ પ્રતિમા (સ્મારક) એ સુંદરકાંડનું પઠન અને ભજનસંતવાણી જેવા ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.તથા અન્યપ્રકારનાં દાનપુણ્ય પણ કર્યાં હતાં.આ સભામાં થરાદ તાલુકા કૉંગ્રેસ સમિતીના પ્રમુખ આંબાભાઈ સોલંકી,અમરતલાલ બારોટ સહિત બહોળી સંખ્યામાં સમાજ અને સ્નેહીજનો ઉપસ્થિત રહ્યા હતા

## રાજપુર-૧ શાળામાં બાળ સાંસદની ચૂંટણી યોજાઈ


જમીલ મેમણ

પ્રતિ. રાજપુર

રાજપુર અનુપમ શાળા નં-૧ માં બાળ સંસદની ચૂંટણી કરવામાં આવી હતી. જેમાં ૧૬ ઉમેદવારોએ ઉમેદવારી કરેલ. બીજી તારીખે ચૂંટણી અંગેનું જાહેરનામું બહાર પાડીને સમગ્ર ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં તમામ વિદ્યાર્થીઓએ પોતાની પસંદગીના ઉમેદવારને મત આપેલ. આ માટે, પ્રિસાઈડીંગ ઓફિસર, મતદાન અધિકારી, ચૂંટણી એજન્ટ, પોલીસ અધિકારી વગેરેની સત્તાવાર નિમણૂંક પણ કરવામાં આવી હતી.

છેલ્લે ઉમેદવારો સન્મુખ મત ગણતરી કરતાં રમેશ હીરાજી વજીરને પ્રમુખ, પંચાલ જાગૃતિ અશોકભાઈને ઉપપ્રમુખ તથા દિપકકુમાર મહેન્દ્રભાઈને મહામંત્રી તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

સમગ્ર ચૂંટણી પ્રક્રિયાના આયોજનમાં શાળાના શિક્ષક ચિરાગભાઈ સોની, મંગળગીરી, નવીનચંદ્ર લિંબાચિયા, મંગળસિંહ જીતાબેન, કિરણકુમાર તથા શાળા પરિવારે ખૂબ જ જહેમત ઉઠાવી હતી. સંચાલક નરેન્દ્રભાઈ ઠક્કરે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. આચાર્ય શ્રવણભાઈએ વિજેતા ઉમેદવારોને પોતાની ફરજ અંગેની જાણકારી આપી અભિનંદન પાઠવ્યા હતા.

## ધાકડી લબ્ધિધામ તીર્થ ખાતે સાધ્વીજી શ્રી હેમલત્તાશ્રીજી કાળધર્મ પામ્યા : આજે અગ્નિ સંસ્કાર



તાલુકા પ્રતિ. થરા

પરમ પૂજ્ય આચાર્ય દેવ શ્રીમદ્ વિજય ભક્તિસુરીશ્વરજી મહારાજા ના સમુદાય ના ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય દેવ શ્રીમદ્ વિજય કલ્પજયસુરીશ્વરજી મહારાજા ના આજ્ઞાનુવર્તિની ૭૨ વર્ષ ના સુદીર્ઘ સંયમી ૮૮ વર્ષ વયોવૃદ્ધ પરમ પૂજ્ય સાધ્વીજી શ્રી હેમલત્તાશ્રીજી મહારાજ સાહેબ શ્રી લબ્ધિધામ તીર્થ ધાકડી મુકામે જેઠ (દ્વિતીય) વદ ૧૦ - તારીખ ૮ જુલાઈ, ૨૦૧૮ રવિવાર ના રોજ સમાધીપૂર્વક કાળધર્મ પામેલ છે. તેમના અગ્નિ સંસ્કાર તારીખ ૯, જુલાઈ, ૨૦૧૮ સોમવાર ના રોજ ધાકડી લબ્ધિધામ તીર્થ ખાતે રાખેલ છે.

## નહેરૂનગર પ્રા.શાળામાં આચાર્યનો વિદાય સમારંભ યોજાયો



ડીસા

ગત તા. ૨૯/૦૬/૨૦૧૮ ના નહેરૂનગર પ્રા.શાળાના આચાર્ય શારદાબેન ભીખાભાઈ શ્રીમાળી વય નિવૃત થતા તેમનો વિદાય સમારંભ બનાસકાંઠા જિલ્લા પ્રા.શિ. સંઘના પ્રમુખ તેમજ ગુ- જરાત રાજ્ય પ્રા.શિ.સંઘના કાર્યાધ્યક્ષ ચમનભાઈ વાઘેલાના અધ્યક્ષસ્થાને યોજાયેલ જે પ્રસંગે જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી ડૉ.દિપકભાઈ આર. દરજી તાલુકા પ્રા.શિ. અધિકારી જાગૃતિબેન આઈ. દેસાઈ નાયબ જિ.પ્રા.શિ. અધિકારી મુકેશભાઈ ચાવડા બીટ કે.નિ. ભરતભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા રોટરી ક્લબ ડીસાના પ્રમુખ નટુભાઈ પટેલે જણાવેલ કે રોટરી ક્લબ આયોજીત આ શાળાનું અધ્યતન બિલ્ડિંગ બનાવી આપવામાં આવશે. શાળા પરિવારે સોનાની વીંટી સાલ સાકર શ્રીફળ તેમજ શાળા સન્માનપત્રક આપી શારદાબેનનું સન્માન કરેલ.

શિવનગર આચાર્ય ગીતાબેન તથા સ્ટાફ જમનાબાઈ આચાર્ય નયનાબેન તથા સ્ટાફ કે.બી.મુનિ આચાર્ય મુકેશભાઈ વ્યાસ તથા ઈન્દિરાનગર રમેશભાઈ જોષી તથા સ્ટાફ ટેકરા ઠાકરશીભાઈ રાણપુર હસમુખભાઈ પટેલ મુવમેંન્ટ શાલ આપી સન્માન કરેલ. જિલ્લા શિ.સંઘના પ્રમુખ ચમનભાઈ વાઘેલા તથા શિ.સંઘની ટીમ દ્વારા સન્માનપત્રક શાલ દ્વારા સન્માન કરેલ.

ડીસા પે.કેન્દ્ર આચાર્યો તથા મોટી સંખ્યામાં શિક્ષક ભાઈ- બહેનો ઉપસ્થિત રહી મુવમેંન્ટ આપી સ્વાગત કરેલ. શારદાબેન શ્રીમાળી તરફથી રૂા. ૪૦,૦૦૦ ચાલીસ હજારની પાણીની ટાંકી બનાવી શાળાને ભેટ આપેલ.

## સાચી પ્રિત

**મનદર્પણ - મંજુ પ્રજાપતિ**

ગાંધીનગર જિલ્લાનું સાવ નાનકડું ગામ જેમાં પટેલ, ઠાકોર, બારોટ એમ બધી કોમના થોડાક કુટુંબો રહે. ગામમાં ખુબ ભાઈચારો. સૌ હળીમળીને રહે, ગામની વિશેષતા એ જકે સાંજના સાત વાગ્યે એટલે ગામની પાદરે આવેલા ભોળાનાથના મંદિરે આરતી થાય અને એ આરતીમાં ગામના નાના મોટા સૌ એકઠાં થાય. આ ગામમાં શૈલેષ નામનો એક પટેલ યુવાન એની વિધવા આંધળી માની સાથે રહેતો. એ હતો તો મુળ મહેસાણાનો વતની પરંતુ પિતાનું મૃત્યુ થતાં કાકાએ જમીન પચાવી લીધી. અને ફોઈએ ઘર પડાવી લીધું એટલે પોતાના નાનકડા પુત્રને લઈને બિચારી આ ગામમાં રહેવા આવેલા. શૈલેષનું બાળપણ આ જ ગામમાં વીતેલું એટલે ગામના લગભગ બધા લોકો એને સારી રીતે ઓળખતા.વળી શૈલેષ નાનો હતો ત્યારે આર્થિક મદદ પણ કરતો. આમ જોઈએ તો ગામની દયા ઉપર જ શૈલેષ યુવાન થયેલો અને ખાસ તો શકરાભાઈ બારોટની અસીમ કૃપા, એમની એક દિકરી દીપા, શૈલેષ અને દીપા ગામની નિશાળમાં સાથે જ ભણતા પરંતુ ધોરણ સાત પછી દીપા બાજુના ગામમાં આગળ ભણવા માટે ગઈ અને શૈલેષ મજુરી કામમાં વળ્યો.ધીરે ધીરે પોતાનું ઘર લીધું. ઘરમાં રસોઈનું કામ, કપડાં ધોવા બધું જ શૈલેષ કરતો. કયારેક દીપા આવીને એને મદદ કરી દેતી. રોટલા ઘડી આપતી બંને જણાં સાંજે મંદિરે સાથે જતા અને ત્યાં ઓટલા પર થોડીવાર બેસતા. એકબીજાને દિલ ખોલી વાત કરતા. દીપા નાની હતી ત્યારે એના લગ્ન એમની જ્ઞાતિમાં થઈ ચુકયા હતા પણ શકરાભાઈ અને જમનાબેને દીકરી પુખ્તવયની થીય પછી જ આણું કરશે એવી શરત મુકી હતી એટલે સાસરીયા કયારેય આણા બાબતે હરફ ઉચ્ચારતા નહીં.. આ તરફ દીપા પોતાના બચપણના સાથી શૈલેષને દીલ દઈ ચુકી હતી. એ હંમેશા શૈલેષને પોતાના જીવનસાથીના રૂપમાં જ જોતી.શૈલેષના દીલમાં પણ દીપા વસી ચુકી હતી પરંતુ દિપાના મમ્મી પપ્પાના એના પર એટલાં અહેસાન હતાં કે એ ચાહવા છતાં દીપાને કહી શકતો નહી. દીપાથી તે હંમેશા એક અંતર રાખતો. એ પણ સારી રીતે જાણતો હતો કે દીપા મનોમન પોતાને દિલોજાનથી ચાહે છે અને એટલા માટે એ હંમેશા ડર્યા કરતો કે કયાંક દીપા પોતાના પ્રેમનો એકરાર ના કરી બેસે. એક દિવસ સાંજના સમયે શૈલેષ રસોડામાં રોટલા ઘડતો હતો ત્યારે દીપા દોડતી આવી. શું કરે છે શૈલેષ ? આવતાંવેંત ઉમળકાથી શૈલેષને પુછ્યું :કેમ તારે આંખો નથી? દેખાતું નથી શું કરૂં છું તે ? તારી સામે રોટલા તો ઘડું છું..

તેં મારી સામે તું અકળાય છે શા માટે ? થાક લાગતો હોય તો એક રોટલા ઘડવાવાળીને લઈ આવને..! મારી સામે રોફ હાંકે છે તો ? દીપા શૈલેષની પડખે બેસતાં બોલી રોટલાને તાવડીમાં નાખી હાથ ધોતાં ધોતાં શૈલેષ દીપાની સામે તાકી રહ્યો. દીપાની આંખોની શરારત હતી. તે મરક મરક હસતી હતી.શૈલેષ હાથ લુછતાં બોલ્યો, દીપા રોટલાને ઘડીક શેકજે. હું મારી બાને બોલાવતો આવું..એને જમાડીને પછી આપણે મંદિર જઈએ.. રોટલો ફેરવતાં દીપા બોલી, અરે, જો હું તને એ જ તો કહેવા આવી હતી કે હવેથી હું મંદિરે નહીં આવું.મારે બોર્ડની પરીક્ષા નજીક આવે છે.હવે પંદર દિવસ જબાકી છે.. તો હું ઘરે વાંચીશ.. તું હવે થોડા દિવસ એકલો જ જઈ આવજે..દીપાની વાત સાંભળી શૈલેષનું મોં વીલાઈ ગયું પણ નારાજગીના ભાવ બતાવ્યા સિવાય એ 'હા' કહીને તે બહાર નીકળી ગયો. શૈલેષ આમ તો સાત ધોરણ જ ભણેલો પણ દીપા પાસે રોજ તે થોડી વાર ભણવા બેસતો એટલે થોડું ઘણું અંગ્રેજી પણ બોલતાં શીખી ગયેલો. હિસાબમાં પણ પાક્કો કોઈ પહેલી વાર જુએ તો લાગે જ નહીં કે છોકરો સાત પાસ હશે. શકરાભાઈને શૈલેષ ખુબ જ વ્હાલો.પોતાના સગા દિકરાની જેમ રાખતા. સંતાનમાં તો એમને એક માત્ર દીપા જ હતી. ખુબ લાડકોડથી ઉછરેલી.. વળી ખુબ જ ડાહ્યી અને હોંશિયાર પરાણે વ્હાલી લાગે એવું નિર્દોષ રૂપ.. કયારેક બંને માણસને ખુબ જ પસ્તાવો હતો. દીકરીને નાનપણમાં પરણાવી એની સાથે એની જીંદગી સાથે અન્યાય કર્યાનું દુ:ખ એમના હૃદયને કોરી ખાતું. કારણ કે જમાઈ ચાર ચોપડી જ ભણેલા અને અતિ શ્રીમંત ઘરનો પૈસાના નશામાં છકી ગયેલો વંઠેલ દિકરો. બાપનામાં જ કંઈ લેવાપણું નહીં તો દીકરાને શું કહેવા જાય ? પણ વચન એકવાર આપ્યું પછી એમાંથી ફરવું નહી એ એમનો નિયમ. એ હંમેશા લોકોને ગર્વથી કહેતા ફરતા કે પ્રાણ જાય પણ વચન ના જાયે અને હવે પોતે જદિકરીને ઓગણીસ વર્ષે આણું કરી વળાવશે એવા વચનમાંથી કેમ ફરે ? દીકરી જેમ જેમ મોટી થતી જાય એમ એમની ચિંતા વધતી હતી. દીપા બારમાની પરીક્ષામાં ખુબ સારા માર્કસે પાસ થઈ ગઈ. એણે ગાંધીનગરની કોલેજમાં આર્ટસમાં એડમીશન લઈ લીધું. દીપાના સસરાને પોતાના દિકરાની વહુ કોલેજ જાય એ ગમતું તો નહોતું. પણ આણું ના કરે ત્યાં સુધી કાંઈ બોલાય તેમ ન હતું. આમને આમ એક વર્ષ પસાર થઈ ગયું.દીપા વીસમા વર્ષમાં બેઠી.. સાસરીયામાંથી પાંચ માણસો મીઠાઈ લઈ શકરાભાઈને આણા માટે કહેવા આવ્યા ના મરજી હોવા છતાં એમણે મહીના પછીનું મુહુર્ત જોવડાવ્યું. દીપાથી સહન થતું નહોતું. પણ મા બાપની સામે બોલી શકતી નહોતી. એ પોતાનો ગુસ્સો શૈલેષ પર ઠાલવતી. શૈલેષ તને તો હવે શાંતિ જ થઈ જશે નહીં.. તું તો રાજી થતો હશે ને કે આ દીપાડી જશે એટલે મારે નિરાંત, મારૂં માથું તો કોઈ નહીં ખાય.. શાંતિથી લાંબો થઈ આરામ ફરમાવજે. દીપા કંઈ કેટલુંય બોલ્યા કરતી. શૈલેષ એના રોષનું કારણ જાણતો હતો. એટલે સાવ મુંગો રહેતો.શૈલેષનું મૌન દીપાને અકળાવતું એ શૈલેષના બાવળા પકડી એને હલબલાવી નાખતી અને બોલતાં બોલતાં રડી જતી. શૈલેષના પગ પકડી લેતી પણ કંઈ બોલી શકતી નહીં.. પછી દોડતી ઘરે ભાગી જતી. એના ગયા પછી શૈલેષ બેચેન બની જતો. પોતાનું અમૂલ્ય રતન દિલની કિંમતી મિલકતને કોઈ લુંટી ચાલ્યું જવાનું હતું. એના ગયા પછી પોતાનું જીવન સાવ શૂન્ય બની જવાનું હતું.. પણ તેમ છતાં તે કંઈ બોલી શકે તેમ ન હતો. દીપાના મમ્મી પપ્પાના અઢળક અહેસાનોના બોજા તળે દબાયેલો બિચારો શૈલેષ ઈચ્છે તોય દીપાનો હાથ માગી શકે તેમ નહોતો.વળી દીપા સુખી બાપનું સંતાન, ગરીબી તોજોઈ પણ નહોતી અને પોતે સાવ કંગાલ, રાજકુંવરી સમી કોઈની લાડકડીને ઝુંપડામાં કેમ લાવી શકે ? એ એકાતમાં જઈ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. શૈલેષની મા એની વ્યથાને, એના હૃદયની પીડાને જાણતી હતી પણ બિચારી લાચાર હતી પણ પુત્ર પ્રેમ માણસની સારા નરસાનું બધું જ ભાન ભુલાવી દે છે. એ શકરાભાઈ અને એમની પત્નીની પાસે ગઈ. બે હાથ જોડી પોતાના દીકરાની જીંદગીની ભીખ માગવા લાગી. શકરાભાઈને ખુબ નવાઈ લાગી. બેય માણસ કંઈ સમજી શકયાં નહીં, એટલે ખુલાસો કરતાં એ બોલી, મોટા ભાઈ હું આંખ વગરની આંધળી થઈ. મારા દિકરાની આંખમાં રહેલા પ્રેમને, એના હૃદયમાં રહેલા દર્દને અને પીડાને જોઈ શકું છું તો તમે તો બેય માણસ ચાર આંખો વડે તમારી દીકરીના પ્રેમને ના ઓળખી શકયા ? એના અરમાનો શું છે એ શું ના જાણી શકયા ?

કેમ બેન ? તમે શું બોલો છો ? મારી તો કંઈ સમજમાં પડતું નથી ?માંડીને વાત કરો. શું અપરાધ થયો છે અમારાથી ? શકરાભાઈ નર્વસ થઈને બોલ્યા.

ખુબ મોટો અપરાધ કર્યો છે અને હજીપણ કરવા જઈ રહ્યા છો.. મોટાભાઈ..શૈલેષ અને દીપા બંને બાળપણના મિત્રો છે. બંને સાથેભણ્યા સાથે રમ્યા છે. એ બંને યુવાન હૈયાં એકમેકને મનોમન ખુબ જ ચાહે છે.એમને અલગ ના કરશો. બેય જણા કમોતે મરી જશે. હું આંધળી મારા જુવાન દીકરાને ખોઈ બેસીશ ને તમે તમારી ફુલ જેવી દીકરીને.. બોલતાં બોલતાં એ રડી પડયા.

દીપાના મમ્મી પપ્પા તો આ વાત સાંભળી અચંબામાં પડી ગયા. થોડીવાર સાવ ચુપ થઈ ગયા. પછી શકરાભાઈ અતી આનંદમાં આવી નાચવા લાગ્યા. અરે બેન તમે તો આજે મને ખુબ ખુશ કરી દીધો. હું તો પહેલેથી જ નહોતો ઈચ્છતો કે મારી દીકરી પારકે ઘેર જાય. અરે મારા બારોટકોમમાં પાછા આવેલી દીકરી કે છુટાછેડા લીધેલી દીકરીના ફરીથી લગ્ન શકય નથી. પણ હું એના લગ્ન ધામધુમથી મારા શૈલેષ સાથે કરાવીશ. શૈલેષ તો મને ખુબ જ વ્હાલો છે. મારે તો દિકરી આપ્યા સિવાય દીકરો મેળવવાનો છે. જાઓ બેન તૈયારી કરો. એ જ મુહુર્તમાં મારી દિકરીને તમારા દિકરા સાથે પરણાવીશ. આ મારૂં વચન છે તમને..

દીપા અને શૈલેષને ભેગા બેસાડી શકરાભાઈએ શાંતિથી શૈલેષ સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મુકયો. શૈલેષ અને દીપા ફાટી આંખે કલ્પનાની દુનીયાને વાસ્તવિક પરીસ્થિતિમાં ફેરવવાની જોઈ જ રહ્યા. દીપા દોડતી એના પિતાને જઈ વળગી પડી. ખુશીની મારી હીબકાં ભરવા લાગી. શૈલેષ પણ શરમાતા શરમાતા શકરાભાઈને પગે લાગ્યો. શકરાભાઈએ બંનેને બાથમાં લઈ લીધાં. દીપાએ શૈલેષનો કાન ખેંચી કહ્યું :લે ચીબાવલા હવે તો આખી જીંદગી તારું માથું ખાઈશ. બોલ હવે તું શું કરીશ ?

શૈલેષ પોતાની સ્વપ્નસુંદરીને મરક મરક હસતાં નીરખી રહ્યાં.

## બનાસકાંઠા જીલ્લામાં વરસાદ ખેંચાતા

# યુવાને સોશીયલ મીડીયા થકી સરહદી વિસ્તારમાં પડી રહેલી પાણીની સમસ્યાને કલેકટરને રજુઆત કરી

પ્રતિનિધિ વડાવલ

આજકાલ ટેકનોલોજીના યુગમાં સોસીયલ મિડીયાનો ઉપયોગ ખૂબ જ વધી રહ્યો છે ત્યારે સોશિયલ મીડિયા થકી અનેક પ્રશ્નોનું નિરાકરણ આવતું રહ્યુ છે ત્યારે બનાસકાંઠા જિલ્લામાં વરસાદ ખેંચાવાના પગલે સરહદી વિસ્તારમાં પાણીની સમસ્યાનો મોટો પ્રશ્ન બની ગયો છે ત્યારે સરહદી વિસ્તારના વાવ તાલુકાના ઉમેદપુરા ગામના અને વિહોતર ગ્રુપ ઓફ બનાસકાંઠાના વાવ, થરાદ અને સુઈગામ તાલુકાના પ્રભારી વિશાલ ભાઈ આલ દ્વારા કલેકટર ને પાણીના પ્રશ્ને બાબતે ટ્વિટરના માધ્યમથી રજૂઆત કરતા તેમની આ રજૂઆતને જીલ્લા



કલેકટરે ધ્યાનમાં લઈ યોગ્ય કરવાની ખાતરી આપી હતી વધુમાં કોઈ ગામની વિશેષ પાણીનો પ્રશ્ન હોય તેની પણ રજૂઆત કરવા જણાવ્યું હતું ત્યારે સોશિયલ મીડિયાના માધ્યમથી સરહદી વિસ્તારના આ યુવાનની પહેલ દરેક લોકોએ આવકારી છે અને કલેક્ટર પણ તેમની રજૂઆતને ધ્યાનમાં રાખી યોગ્ય કાર્યવાહી હાથ ધરવા કાર્યપાલ ઈજનેર પાણી પુરવઠા વિભાગ ડીસાને પણ સૂચના આપવામાં આવી છે ત્યારે આ યુવાનની પહેલથી લોકોની સમસ્યાનો જરૂર હલ થશે અને સરહદી વિસ્તારના લોકોના પાણીના પ્રશ્નોનુ જરુર નિરાકરણ આવશે તેવી આશા જાગી છે.

# થરાદમાં રથયાત્રા નિમિત્તે પોલીસ અને શાંતી સમિતીના આગેવાનો વચ્ચે બેઠક યોજાઈ



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

આગામી અષાઢી બીજના દિવસે થરાદમાં પરંપરાગત ભગાવાનની રથયાત્રા યોજાનાર છે. રથયાત્રા દરમ્યાન કોઇ પણ પ્રકારનો અનિચ્છનીય બનાવ ન બને તે માટે રવિવારની સવારે થરાદ પોલીસમથક ખાતે શહેરના હિંદુમુસ્લીમ સમાજના આગેવાનો અને પોલીસતંત્ર વચ્ચે શાંતિ સમિતીની બેઠક યોજાઇ હતી. જેમાં નગરપાલિકાના પ્રમુખ લવજીભાઇ વાણિયા, ઉપપ્રમુખ ચોથાભાઇ રબારી, જગદીશ રાજપુત, શ્રીરામ સેવા સમિતીના કાશીરામ પુરોહીત, મુસ્લિમ સમાજના પ્રમુખ હાજીખાન જાનમહમંદ સિપાઇ, મેરાબભાઇ રાઉમા તાલુકા ભાજપના પુર્વ પ્રમુખ ઉમેદસિંહ ચૌહાણ, શહેર પ્રમુખ વસંતભાઇ ત્રિવેદી, મંત્રી જેહાભાઇ હડીયલ, પ્રભુભાઇ માળી, મહેશભાઇ વાણિયા, પીરાભાઇ નઝાર, હાજીભાઇ લાડુભાઇ સિપાઇ સહિત બહોળી સંખ્યામાં નગરપાલિકાના સદસ્યો તથા જિલ્લા ભાજપના ચંદ્રિકાબેન પટેલ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ઇન્ચાર્જ પી.આઇ.એ કાર્યક્રમની સમિક્ષા કરી કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તથા કોઇ પણ પ્રકારનો અનિચ્છનીય બનાવ ન બને તે માટે શાંતી અને સહયોગની અપીલ કરતાં આગેવાનોએ ભુતકાળમાં પણ ક્યારેય કોઇ અપ્રિય બનાવ નહી બન્યાનું જણાવી ભવિષ્યમાં પણ કોમી એક્તા અને ભાઇચારાનો માહોલ જળવાઇ રહેશે તેવી ખાત્રી આપી હતી.

# વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં સમૃધ્ધ અને શક્તિશાળી રાષ્ટ્રીનું નિર્માણ કરીએ - હરીભાઇ ચૌધરી

## સૂઈગામ ખાતે પાણીની ટાંકી અને સંપનું લોકાર્પણ થયું



પાલનપુર

જિલ્લાના સરહદી વિસ્તાર સૂઇગામ ખાતે કેન્દ્રીય ખાણ, ખનીજ અને કોલસા રાજય મંત્રી હરીભાઇ ચૌધરી તથા સિંચાઇ અને પાણી પુરવઠા રાજય મંત્રી પરબતભાઇ પટેલના હસ્તેર પાણીની ટાંકી અને સંપનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રૂ. ૫૩ લાખના ખર્ચથી નિર્માણ પામેલ આ પાણીની ટાંકી સૂઇગામના લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

આ પ્રસંગે કેન્દ્રી ય મંત્રી હરીભાઇ ચૌધરીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં સમૃધ્ધ અને શક્તિશાળી રાષ્ટ્રનું નિર્માણ થઇ રહ્યું છે ત્યારે તેમનામાં ફરી વિશ્વાસ મુકી ભારતને શક્તિશાળી રાષ્ટ્રા બનાવવામાં મદદરૂપ બનીએ. કેન્દ્રીય મંત્રી હરીભાઇ ચૌધરીએ કહ્યું કે ભૂતકાળમાં બનાસકાંઠા જિલ્લાની ગણાના પછાત જિલ્લામાં થતી હતી. પરંતુ આજે સરકારશ્રીના સક્રિય પ્રયત્નોના લીધે જિલ્લામાં ઠેર ઠેર પ્રાથમિક અને માધ્યરમિક શાળાઓ, વિવિધ કોલેજો, આઇ.ટી. આઇ., જગાણા એન્જીનિયરીગ કોલેજ, દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે ડેરી ટેકનોલોજી જેવી ઉચ્ચ અભ્યાસ માટેની સગવડ જિલ્લામાં વ્યાંપક પ્રમાણમાં ઉપલબ્ધ બનાવાઇ છે.

આ પ્રસંગે મંત્રી પરબતભાઇ પટેલે પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું હતું કે ભૂતકાળમાં વાવ-સૂઇગામ સરહદી વિસ્તારના લોકોએ ખુબ તકલીફો ભોગવી છે. તેમણે કહ્યું કે આ સરહદી વિસ્તારમાં પીવાનું પાણી, શાળાના ઓરડાઓ, આરોગ્યની સુવિધાઓનો અભાવ હતો. તેમણે જણાવ્યું કે આ સરકાર લોકોના ભલા માટે કામ કરે છે.

અનુસંધાન પાના નં.૬

# લુપ્ત થતી બહુરૂપી કલાને જીવંત રાખતા રાજસ્થાનના પાંચ પરિવાર

**ઐતિહાસિક, ધાર્મિક તેમજ રમૂજી પાત્રોની વેશભૂષા થકી લોકોનુ મનોરંજન કરી ગુજરાન ચલાવે છે.**



નરસિંહ પ્રજાપતિ

પ્રતિનિધિ ગેળા

લોકોના મનોરંજન માટેની ઘણી કળાઓ લુપ્ત થઈ રહી છે. ત્યારે આજના ટેલિવિઝન, કોમ્પ્યુટર અને ઈન્ટરનેટના યુગમાં રાજસ્થાનના પાંચ પરિવાર પોતાના પરિવારનું ગુજરાન ચલાવવાની સાથે સાથે બહુરૂપીના વેશ દ્વારા લોકોનું મનોરંજન પણ પૂરું પાડી રહ્યા છે.

મૂળ રાજસ્થાનના શિકર જિલ્લાના ડાબલા ગામના ભાટ સમાજ ના અનેક પરિવારો નો મુખ્ય વ્યવસાય અલગ અલગ ઐતિહાસિક ધાર્મિક તેમજ રમુજી પાત્રો જેવાકે મહાદેવ , ટીપુ , સુલતાન, ચંદ્રકાન્તા, દૂધવાળી શિકારીનો વેશ ધારણ કરી એટલે કે બહુરૂપી બની લોકોનું મનોરંજન કરી જીવન ગુજરાન ચલાવતા હતા. પરંતુ આજના આધુનિક યુગમાં ટેલીવિઝન, ઈન્ટરનેટ કોમ્પ્યુટર વગેરે લોકપ્રિય થતા તેમજ મોંઘવારી વધતા બહુરૂપી ના વેશ દ્વારા ગુજરાન ચલાવતા પરિવારો ને ગુજરાન ચલાવવું કઠિન બનતા અન્ય ધંધા વ્યવસાય અપનાવતાં બહુરૂપીની કલા લુપ્ત થવાના આરે આવી ઊભી છે. ત્યારે રાજસ્થાનના પાંચ ભાઇ અને તેમના પરિવાર અત્યારે પણ એક એક વર્ષે લાખણી, થરાદ, ધાનેરા, દિયોદર, ભાભર વગેરે જેવા શહેરો અને ગામોમાં અલગ અલગ વેશભુષા કરી લોકોનું મનોરંજન કરી રહ્યા છે અને તેમના પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે. આ પરિવારોની વેશભુષા એટલી આબેહુબ હોય છે કે લોકો પણ અવાક બની જાય છે.

આ બાબતે બહુરૂપીની કલામાં પારંગત રાજસ્થાનના રામકુમાર ભાટે જણાવ્યું હતું કે અમો પાંચ ભાઈઓ બહુરૂપી ના વ્યવસાય સાથે સંકળાયેલા છીયે તેમા હું રાજસ્થાનના સિરોહી જિલ્લા અને ગુજરાત ના બનાસકાંઠા જિલ્લા માં અલગ-અલગ ખેલ કાઢી લોકોનું મનોરંજન કરું છું અને તેમાંથી થતી આવક થી પરિવારનુ ગુજરાન ચલાવું છું.

# આજે ડીસા શહેર કોંગ્રેસની બેઠક મળશે

ડીસા

ડીસા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ દિપકભાઈ પટેલ અને ડીસા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પી.વી.રાજગોર એક અખબારી યાદીમાં જણાવે છે કે પ્રદેશ કોંગ્રેસ સમિતિની સુચનાનુસાર પક્ષના સંગઠન માટે અને કોંગ્રેસ પક્ષના કાર્યકરો ભાઈ - બહેનોના આઈ. કાર્ડ સાથેના રજીસ્ટ્રેશન કરવા કરાવવા માટેની માહિતી આપવા માટેની માહિતી આપવા માટે એક અગત્યની મીટીંગ ડીસાના પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ રબારીના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવેલ છે. ડીસા શહેર તથા તાલુકા કોંગ્રેસ સમિતિ કાર્યકર ભાઈ - બહેનો ડીસા ન.પા.ના કોંગ્રેસ સદસ્યો, તેમજ તા.પ.ના તથા જિલ્લા પંચાયતના ડેલીગેટ, સરપંચો, યુથ કોંગ્રેસ એન.એસ.યુ.આઈ. મહિલા કોંગ્રેસ તેમજ સેવાદળના કાર્યકર ભાઈ - બહેનોને તા.૦૯/૦૭/૨૦૧૮ ને સોમવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ડીસા જી.પ.રેસ્ટ હાઉસ ખાતે હાજર રહેવા અનુરોધ કરવામાં આવે છે.

# સુરતમાં જૈનાચાર્ય શ્રી પ્રબોધચન્દ્ર સુરીશ્વરજી મ.સા.નું મહામાંગલીક યોજાયું

**જીવદયાના તેમજ જૈનધર્મના દરેક અનુષ્ઠાનોમાં સદાય અગ્રેસર રહીશ : નિરવ શાહ ડે.મેયર(સુરત)**



નવિન દોશી

સુરત

ગઈકાલ તા-૮/૭/૨૦૧૮ ના રોજ સુરત (અડાજણ) સુંદરબા આરાધના ભુવન મધ્યે પ.પૂ.આ.ભ.શ્રી વિજય પ્રબોધચન્દ્રસુરી શ્વરજી મ.સા.ના સ્વમુખે વદ-૧૦ (દસમ)નું મહામાંગલીક યોજાયું આ પ્રસંગે ભારત ભર માંથી ભક્તો ઉમટ્યા હતા. પૂજ્ય આચાર્ય તેમજ આદિ ગુરૂભગવંતો વહેલી સવારે શ્રી રાંદેર સંઘમાં પધાર્યા હતા, જ્યા વાજતે ગાજતે પૂજ્યશ્રીનું સામૈયુ કરવામા આવ્યું હતું.

ઉપરોક્ત પ્રસંગે પધારેલા દરેક ગુરૂ ભક્તોએ પૂજ્ય ગુરુદેવના સન્મુખે માંગલિકનું શ્રવણ કરી ભાવવિભોર બન્યા હતા, તેમજ આ પ્રસંગે મોટીમાત્રામાં માનવ મહેરામણ ઉમટ્યો હતો. ઉપરોક્ત પ્રસંગે શહેરના મેયર તેમજ ડેપ્યુટી મેયર પણ પધાર્યા હતા, તેમજ ઊપસ્થિત ડેપ્યુટી મેયર શ્રી નિરવ શાહે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે જીવદયાના તેમજ જૈનધર્મના દરેક અનુષ્ઠાનોમાં હું કાયમ અગ્રેસર રહીશ તેવી ચોક્કસ ખાત્રી આપી હતી, તદઉપરાંત શ્રીસંઘે પુજ્યશ્રી ને આગામી ચાતુર્માસ માટે આ સંઘને નિશ્રાપ્રદાન કરવાની વીનંતી પણ કરી હતી, ઉપરોક્ત પ્રસંગે પધારેલા મહેમાનો ની સંઘ સાધર્મિક ભક્તિનું આયોજન પણ થવા પામ્યું હતું..!!

# રેલવે બોર્ડના ચેરમેન વડોદરાની મુલાકાતે

વડોદરા

રેલવે બોર્ડના ચેરમેન અશ્વિની લોહાણીએ તા. (૦૬/૦૭/૨૦૧૮) ના રોજ વડોદરાની મુલાકાત દરમિયાન લાલબાગ સ્થિત ભારતીય રેલ રાષ્ટ્રીય અકાદમીના બાંધકામ હેઠળના નેશનલ રેલ અને ટ્રાન્સપોર્ટેશન ઈન્સ્ટીટ્યુટનું નિરીક્ષણ કર્યું હતું. આ પછી તેઓએ અકાદમીમાં પ્રોબેશનરો, ટ્રેઈની અધિકારી અને ફેકલ્ટીઓ સાથે ચર્ચા કરી હતી. આ પ્રસંગે એ.કે.ગુપ્તા, જનરલ મેનેજર, પશ્ચિમ રેલવે, સુધાંશુ મની, ડાયરેક્ટર જનરલ, ભારતીય રેલ રાષ્ટ્રીય અકાદમી, દેવેન્દ્ર કુમાર, ડિવિઝનલ રેલવે મેનજર, વડોદરા તથા અન્ય અધિકારીઓ હાજર રહ્યા હતા.

પ્રતાપનગર સ્થિત રેલવે ઓડિટોરીયમમાં બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ અન્વયે ભારત સ્કાઉટ ગાઈડની પાંચ દિવસીય રીજનલ લેવલ વોકેશનલ હેન્ડીક્રાફ્ટ ગ્રાંડ કેમ્પ ફાયરના પ્રસંગે આયોજીત પ્રદર્શનનું નિરીક્ષણ પણ અશ્વીની લોહાણીએ કર્યું હતું. પશ્ચિમ રેલવે, વડોદરા દ્વારા આયોજીત આ કોર્સમાં પશ્ચિમ રેલવે, ઉત્તર -પશ્ચિમ રેલવે, પશ્ચિમ- મધ્ય રેલવે, ગુજરાત, મહારાષ્ટ્ર, છત્તીસગઢ, રાજસ્થાન તથા દાદરા- નગર હવેલીના લગભગ ૯૬ સ્કાઉટ ગાઈડોએ ભાગ લીધો હતો. પ્રદર્શનમાં કોર્સ દરમિયાન નકામી ચીજોમાંથી બનાવેલી ગ્રીટીંગ કાર્ડ, મીણબત્તી, અગરબત્તી, સાબુ, શણના ઉત્પાદનો, પી.ઓ.પી. વગેરેને પણ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

# સકલાણામાં નિવૃત કર્મચારી મંડળની સભા મળી



પુષ્કર ગૌસ્વામી

પ્રતિ. વડગામ

વડગામના સકલાણા ગામ તા.૭/૭/૨૦૧૮ ના રોજ નિવૃત કર્મચારી મંડળની સાધારણ સભા મંડળના સિનિયર સભ્ય વાઘજીભાઈ જી. વળાગાંઠના પ્રમુખ સ્થાને મળી હતી.

આરંભમાં મંત્રી મોતીભાઈ ડી. ચૌહાણે સૌ" સભ્યોનું સ્વાગત કરી મંડળની કાર્યવાહી ચાલુ કરી તેમજ ચાલુ વર્ષના આવક જાવકના હિસાબોનું વાંચન કર્યું જે સર્વાનુંમતે મંજુર કર્યું હતું.તેમજ ચાલુ વર્ષની કારોબારી તેમજ પ્રમુખ/મંત્રી તેમજ અન્ય હોદેદારોને પુનઃ વરણી કરવામાં આવી. જેમાં પ્રમુખ તરીકે મૂળજીભાઈ એસ.પટેલ અને મંત્રી તરીકે મોતીભાઈ ડી.ચૌહાણ અને સહમંત્રી તરીકે જી.એલ. ગૌસ્વામીની વરણી કરવામાં આવી હતી. ઉપપ્રમુખ તરીકે ભવાનસિંહ એ. રજપૂત અને ઓડીટર તરીકે તેજાજી એચ. વાઘેલાની વરણી કરી હોદેદારોને ચાલુ રાખવામાં આવ્યા હતા.

સામાન્ય સભામાં ડોહજીભાઈ પી.પટેલ ગુલાબજી એન.વાઘેલા, લવજીભાઈ જી.ચૌહાણ અને કાનજીજી એફ ઠાકોરે નિવૃત્ત કર્મચારી મંડળની સેવાઓને બિરદાવી તેમજ ચાલુ વર્ષે વિદ્યાર્થીઓને અને બેરોજગારો માટે માર્ગદર્શન તાલીમ શિબિર સેમિનાર રાખવા આયોજન કરવાની ચર્ચા કરવામાં આવી હતી.

# ભીલાચલ કોમ્યુનીટી હોલમાં તાલુકા ભાજપની બેઠક મળી



ઈશ્વર રબારી

પ્રતિનિધિ દાંતીવાડા

દાંતીવાડા તાલુકા ભાજપની બેઠક ભીલાચલ ખાતે મળી હતી જેમાં આવનારી લોકસભાની ચૂંટણીમાં ખભેખભો મિલાવી નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબૂત કરવા જણાવેલ. વધુમાં બનાસ મેડીકલ કોલેજમાં ખેડુતોના હિતમાં નિર્ણય લઈ ૫૦૦ વિદ્યાર્થીઓ મેડીકલમાં પ્રવેશવા તેમજ ખેડુતોને મફત સારવાર માટે રાહત કરવા બદલ મેડીકલ કોલેજના સંચાલક મંડળ, બનાસડેરીના સંચાલક મંડળનો આભાર માનેલ. આ પ્રસંગે મેડીકલ કોલેજના ચેરમેન માવજીભાઈ દેસાઈ, મેરૂજી ધુંખ, નટુભાઈ ચૌધરી, દિનેશભાઈ મેવાડા, જયંતિભાઈ બોચાતર, સુધિરસિંહ ગોહિલ, ભોળાજી રબારી, સુરેશ મોદી, સુજાણસિંહ વાઘેલા, અરજણભાઈ રબારી, જીવરાજભાઈ, સવસીભાઈ પટેલ, કાન્તીભાઈ બોકા, રમેશભાઈ પટેલ, રમેશભાઈ દરજી, વક્તાભાઈ પુરોહિત તેમજ બહોળી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહેલ. ત્યારે ભોજનપ્રસાદ કાળુસિંહ દેઓલ દ્વારા રાખવામાં આવેલ. આભારવિધિ સરપંચ કાળુસિંહ દેઓલે કરેલ.

# થરાદમાં પાંચ પૈકી બે નવા બોર બનાવવાની કામગીરીનું મુહર્ત કરાયું



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ નગરમાં પાણીની સમસ્યા ન સર્જાય અને લોકોને પીવાનું પાણી મળી રહે તે માટે પાલિકાની માંગણી પ્રમાણે સરકારે મંજુરી અને ૧૪ મા નાણાપંચમાંથી પાંચ બોર બનાવવા માટે ગ્રાંટ આપતાં રવિવારે રાજયમંત્રી અને થરાદના ધારાસભ્ય પરબતભાઇ પટેલના હસ્તે નગરમાં ફિલ્ટર પ્લાન્ટ અને નરસિંહટેકરી ખાતે બનનારા નવા બોરનું ખાતમુહર્ત કર્યું હતું.આ પ્રસંગે સંબોધન કરતાં રાજયમંત્રીએ આ બોર એ વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરુપ ગણાવી નગરમાં જયારે પણ નર્મદા આધારિત પાણીની સમસ્યા સર્જાય ત્યારે ઉપયોગી બનશે તેમ જણાવી દરેક બોરનું મીઠું પાણી નિકળે તેવી આશા પણ પ્રક્ટ કરી હતી.સાથે સાથે આજે પણ ગામમાં કોઇ પણ કાર્યક્રમોનું સામુહિક આયોજન કરતું આખું ગામ સરકારની ભાગીદારીકરણ વાળા કામથી દુર ભાગી જવાબદારીથી દુર રહેતું હોઇ તેમ કરવાના બદલે તેની કામગીરી કે જાળવણીમાં ભાગીદાર બનવા માટેની અપીલ કરી હતી.

અનુસંધાન પાના નં.૬

# ગૌસ્વામી શંભુદળ યુવા બ્રિગ્રેડ ઓલ ઇન્ડિયા બનાસકાંઠાનું સ્નેહમિલન યોજાયું



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદમાં આવેલા શ્રી નાંણદેવી માતાજીના મંદીરે રવિવારે ગૌસ્વામી શંભુદળ યુવા બ્રિગ્રેડ ઓલ ઈન્ડિયા બનાસકાંઠા જિલ્લાનું સ્નેહમિલન યોજાયું હતું.જેમાં થરાદ,વાવ,ભાભર,સુઈગામ અને લાખણી તાલુકાના યુવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.જિલ્લાના અધ્યક્ષ રેવાગર શાંતીગર અતિત, પ્રમુખ મુકેશપુરી અમૃતપુરી, ઉપપ્રમુખ રાજેશપુરી રામપુરી, મંત્રી અરજણપુરી લક્ષ્મણપુરી, કોષાધ્યક્ષ દિક્ષિતપુરી પ્રહલાદપુરીએ માર્ગદશન આપ્યું હતું.જેમાં બહોળી સંખ્યામાં તાલુકાના પ્રમુખો, ઉપપ્રમુખો, મંત્રીઓ તથા યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.સ્નેહમિલનમાં સમાજમાં શિક્ષણ અને વ્યસનમુક્તિ બાબતે જાગૃતી તથા સમાજની એકતા પર ભાર મુકવામાં આવ્યો હતો.

# છાપી હાઈવે ઉપરથી બોલેરો જીપની ઉઠાંતરી થતા ચકચાર

પ્રતિનિધિ છાપી

વડગામ તાલુકા ના છાપી હાઈવે વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ચોરી, લૂંટ અને ચિલઝડપ ના વધતા બનાવો વચ્ચે શુક્રવાર ની રાત્રે એક કોમ્પ્લેક્ષ આગળ પાર્ક કરેલ બોલેરો જીપ ની ઉઠાંતરી થતા પંથક માં ચકચાર મચી જવા પામી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ છાપી હાઈવે ઉપર આવેલ ડાયમન્ડ કોમ્પ્લેક્સ આગળ શુક્રવાર ની રાત્રે પાર્ક કરેલ બોલેરો જીપ નંબર ૪ન્ન -૦૨ ઝ.છ ૬૧૫૦ અજાણ્યા ઈસમો ચોરી જતા જીપ માલીક સ્નેહલ કાંતિલાલ મોદી રહે. માણસા જિલ્લો ગાંધીનગર વાળા એ છાપી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જોકે ગત સપ્તાહે ડાયમંડ કોમ્પ્લેક્સ મા આવેલ બેકરી આગળ થી કાર મા પડેલ રોકડ દોઢ લાખ ભરેલ બેગ તસ્કરો ઉઠાવી ગયા હતા. જેનો ભેદ ઉકેલવા માં પોલીસ ને સફળતા હજુ સુધી મળી નથી. ત્યારે એકજ સપ્તાહમાં માં આ બીજી ચોરી ના પગલે પોલીસ ની કામગીરી ને લઈ અનેક સવાલ ઉભા થયા છે.

# ડીસામાં સૈયાબાવા તથા ભાઈજાનબાવાના ઉર્સેની ઉજવણી



જમીલ મેમણ

ડીસા

ડીસામાં સૈયાબાવા તથા ભાઈજાનબાવા ના ઉર્સે નિમિત્તે આજ રોજ હઝરત મહમદ અલી બાવા તથા હઝરત હસન અલી બાવા ની નિગરની હેઠળ ખાનકાહથી ચાંદરસરીફ લઈને રિસલા મસ્જિદ ખાતે આવેલ સૂફી સંત હઝરત શૈયા બાવાની દરગાહ શરીફ પર સંદલ તથા ચાંદરસરીફ ચડાવવમાં આવી હતી જેમાં વિસાલ સંખ્યામાં મુસ્લિમ બિરાદસરો ઉપસ્થિત રહ્યા હતા. જયારે ખાન કહ થી ચાંદરસરીફ લઈને અસર બાદ હઝરત ભાઈઝનબાવા ની દરગાહ પર ચાદર શરીફ લઈને ચડાવવમાં આવી હતી જેમાં હઝરત અખ્તર અલી બાવા તથા હઝરત મહમદલી બાવા તથા હઝરત હસન અલી બાવા સહિત વિશાલ સંખ્યામાં હાઝર રહ્યા હતા આ પ્રસંગે દરગાહ શરીફ ખાતે ગુજરાત રાજસથાન તથા મહારાષ્ટ્ર તથા યુપીમાં થી વિશાલ સંખ્યા માં મુરીદો હાજર રહીને ઉર્સેની ઉજવણી નિમીતે આજ રાત્રે તકરીરનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો.

# નાની તેમજ મોટી ઘરનાળ પ્રા.શાળામાં ઓરી રૂબેલા રસીકરણ વિશે વાલી મીટીંગ યોજાઈ



કંચનજી ઠાકોર

પ્રતિ. ભીલડી

ડીસા તાલુકાના નાની ઘરનાળ તેમજ મોટી ઘરનાળ પ્રા.શાળામાં ઓરી રૂબેલા રસીકરણના અભિયાન રૂપે વાલી મીટીંગનું આયોજન કરાયું હતું. જેમાં ઓરી અને રૂબેલાના રસીના ફાયદાઓની સરળ ભાષામાં ગામના લોકોને પ્રા.આરોગ્ય કેન્દ્ર વરનોડાના મેડીકલ ઓફીસર ડૉ.મીતાબેન કથીરીયા દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ વાલી મીટીંગમાં બંન્ને ગામના લોકો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ મીટીંગમાં પ્રા.શાળાના આચાર્ય સંકેતભાઈ પટેલ તથા પ્રકાશભાઈ ચૌધરી, સમસ્ત શિક્ષક સ્ટાફ, તલાટી ક્રમમંત્રી વાસુભાઈ જોષી આરોગ્ય કર્મચારી, કિરણભાઈ જોષી, પરેશભાઈ જોષી, રમીલાબેન બોચીયા તથા આંગણવાડી વર્કર બહેનો તથા આશાવર્કર બહેનો હાજર રહી હતી.

# તંત્રી સ્થાનેથી ...

તું તારા શરીરથી કોઈનેય પણ પીડા ન આપ.

## દેશમાં અલગ રાજ્યના દરજ્જાનો પ્રશ્ન સરકારે ઉકેલવો જરૂરી

દેશમાં ૨૯ રાજ્યો અને ૭ કેન્દ્ર શાસિત પ્રદેશો છે.દરેકને પોતાની સમસ્યાઓ હોય છે. કેટલા રાજ્યોમાં કેટલો વિકાસ થયો હશે તે બાબતે સમીક્ષા કરવી જરૂરી છે. ત્યારે કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ત્યાંના વિકાસ માટે સરકાર દ્વારા કરોડોની લહાણી થયા કરે છે પરંતુ ત્યાં કેટલો ક્યાં વિકાસ થયો તે બાબત સુનિશ્ચિત થઈ શકી નથી. અમુક રાજ્યોમાં નકસલી અને ત્રાસવાદની સમસ્યાને પડકારી શકી નથી. સરકાર પાસે સત્તા સહિત તમામ પ્રકારના અધિકારો હોય છે. લશ્કરી જવાનો પોતાની ફરજ બજાવતા હોય છે. પરંતુ અમુક સમસ્યાઓ વર્ષો સુધી જૈસે થે જેવી સ્થિતિમાં જ જણાય છે. પૂર્ણ રાજ્યનો દરજ્જો અમુક જ રાજ્યને અર્પણ છે.

દેશ આઝાદ થયો ત્યારથી માત્ર એક જ કેન્દ્ર શાસિત પ્રદેશ આંદામાન અને નિકોબારને પૂર્ણ રાજ્યનો દરજ્જો મળ્યો હતો બાકીના પછી બન્યા. અમુક કેન્દ્ર શાસિત પ્રદેશોને રાજ્યોના દરજ્જા અપાયા. અત્યારે જે છે એ સાતની અંદર આંદામાન, નિકોબાર ,ચંદીગઢ, દાદરા અને નગર હવેલી દીવ અને દમણ, લક્ષદ્વીપ, પુંડીચેરી અને દિલ્હીનો સમાવેશ થાય છે.

દિલ્હી અને પુંડીચેરી પૂર્ણ રાજ્ય નથી એટલે ત્યાં રાજ્યપાલને બદલે લેફટનન્ટ ગવર્નરની નિમણુંક કરવામાં આવે છે, રાજ્યપાલની જેમ જ તેની નિમણુંક રાષ્ટ્રપતિ દ્વારા થાય છે.

દિલ્હીમાં છેલ્લા ત્રણ વર્ષથી 'આમ' આદમી પાર્ટીની સરકાર છે, સરકાર બની ત્યારે નજીવ જેંગ ગવર્નર હતા. અત્યારે અનિલ બૈજલ છે મુખ્યમંત્રી અરવિંદ કૈજરીવાલે ઉપરાજ્યપાલ સામે એવો આક્ષેપ કર્યો છે કે રાજ્ય સરકારની કામગીરીને સારી રીતે ચાલવા દેતા નથી. દિલ્હીને પૂર્ણ રાજ્યનો દરજ્જો મળવો જોઈએ. એવી માગણીને લઈ કેજરીવાલે સુપ્રિમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો, ત્યારે ગત બુધવારે સુપ્રિમ કોર્ટે દિલ્હીને પૂર્ણ રાજ્ય બનાવવાની માંગણી તો ફગાવી દીધી પણ રાજ્યપાલ અને મુખ્યમંત્રીના સંબંધો અને કામગીરી વિશે ચોખવટો કરી દીધી હતી. દિલ્હીની વાત કરીએ તો દિલ્હીને પોલીટીકલ સ્ટેટનો દરજ્જો અપાયો છે. જો કે કાયદો અને વ્યવસ્થાનું કામ મતલબ કે પોલીસ કેન્દ્ર સરકાર હસ્તક છે. દિલ્હી વીવીઆઈપીઓનું શહેર છે સંસદ ભવન પણ અહીં આવેલું છે, ચાંપતી સુરક્ષા હોવા છતાં એક વખત આતંકવાદીઓ સંસદ સુધી પહોંચી ગયો હતો અને ગોળીબારનો બનાવ બન્યો હતો.

અલગ રાજ્યના દરજ્જા સંદર્ભે દિલ્હીના લોકોને પૂછી જુઓ કે દિલ્હીને અલગ રાજ્યનો દરજ્જો મળવો જોઈએ ખરો? એક માંગણી એવી છે કે દિલ્હીના અમુક સંવેદનશીલ વિસ્તારો કેન્દ્ર હસ્તક રાખીને બીજા વિસ્તારને અલગ રાજ્યનો દરજ્જો આપી દેવો જોઈએ, જો કે આ બાબતે સંશોધન થતું હોય તો સરકારે યોગ્ય કરવું જોઈએ. મણીપ-ુર, મેઘાલય અને ત્રિપુરા પણ અગાઉ કેન્દ્ર શાસિત પ્રદેશો હતા. બાદમાં ૨૧ જાન્યુઆરી ૧૯૭૨માં ત્રણે રાજ્યોને અલગ રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો હતો. આજે નહિં તો ભવિષ્યમાં દેશની સરકારે કેન્દ્ર શાસિત પ્રદેશોના મામલામાં કંઈક નિર્ણયો તો કરવા જ પડશે, કેમ કે કોઈ પણ તકરાર કાયમી રહેતી હોય તો તેનો ઉકેલ લાવી દેવા જોઈએ. તેવું દેશના બુદ્ધિજીવીઓનું માનવું છે.

## કથાસાગર-શરાબીને બોધ

પ્રસિદ્ધ સંત તિરુવલ્લુવર એક વખતે પોતાના શિષ્યો સાથે કોઈ જગ્યાએ જઈ રહ્યા હતા. રસ્તામાં આવતા-જતા લોકો તેમનું અભિવાદન કરી રહ્યા હતા. ત્યારે જ અચાનક, એક શરાબી લડખડાતો તેમની સામે આવ્યો. તેણે સંત તિરુવલ્લુવરને પૂછ્યું, 'તમે લોકો એમ કેમ કહેતા ફરો છો કે શરાબ બહુ ખરાબ ચીજ છે? શરાબ ના પીશો. શું દ્રાક્ષ ખરાબ હોય છે? શું ચોખા ખરાબ ચીજ છે? જો આ બંને ચીજો સારી છે તો તેનાથી બનનારી શરાબ ખરાબ કઈ રીતે કહી શકો? લોકો આશ્ચર્યથી જોવા લાગ્યા કે સંત તિરુવલ્લુવર આનો શો જવાબ આપે છે. તિરુવલ્લુવર હસીને બોલ્યા, 'ભાઈ, જો તારા પર મુઠ્ઠી ભરીને કોઈ માટી નાખે અથવા તો વાટકો ભરીને પાણી નાખે તો શું તેનાથી તને કોઈ ઈજા થશે?' શરાબીએ નકારમાં માથું ધૂણાવ્યું. પછી સંતે કહ્યું, 'પરંતુ એ જ માટીમાં પાણી મેળવીને તેની ઈંટ બનાવીને તારા પર ફેંકવામાં આવે તો...?' શરાબીએ કહ્યું, 'દેખીતી વાત છે, હું ઘાયલ થઈ જઈશ.'

સંત તિરુવલ્લુવરે શરાબીને સમજાવતાં કહ્યું, 'જો ભાઈ, જ્યારે માટીમાં પાણી મેળવીને તેની ઈંટ બનાવીને તારા પર ફેંકવામાં આવે તો તું ઘાયલ થઈ જઈશ. એ જ રીતે દ્રાક્ષ અને ચોખા પણ પોતે ખરાબ નથી, પરંતુ જો તેમને મેળવીને શરાબ બનાવીને સેવન કરવામાં આવે તો તે મનુષ્ય માટે નુક્સાનકારક છે. તે સ્વાસ્થ્યને ખરાબ કરે છે. તેનાથી વ્યક્તિની વિચારવાની ક્ષમતા પર પણ બહુ ખરાબ અસર પડે છે. તેને કારણે કેટલીય વખત અનેક પરિવાર નષ્ટ થઈ જાય છ. સંતની આ વાતની એ શરાબી પર ઊંડી અસર થઈ. તેણે એ જ દિવસથી શરાબ છોડી દેવાના સોગંદ લીધા.

### આત્મચિંતન

## જ્ઞાનનું મહત્વ કર્મની સાથે જ

જ્ઞાનનું પોતાનું મહત્વ છે, પણ તેને હજમ કરવા માટે કર્મ જોઈએ. નહિતર તે અપચો જ ઉત્પન્ન કરશે. અજાણ્યો તો પશુની જેમ અરામથી નિર્વાહ પસાર કરી દેશે પરંતુ જ્ઞાનવાનનું અંતઃકરણ અને વિવેક જાગ્રત થવા પર ભૂખ પ્રગટ કરે છે અને તેની પૂર્તિ ના થાય તો આત્મપ્રતાડનાના રૂપમાં કોહરામ મચાવે છે. આને જ્ઞાનદંડ જ કહે છે.જેવી રીતે ધનનો સદ્દુપયોગ અને સંરક્ષણ ના થઈ શકે તો અનેક સંકટો ઉત્પન્ન થાય છે, જ્ઞાન સંપદા પણ જો કર્મના રૂપમાં પરિણત ના થાય તો સંગ્રહ કરનારને હેરાન કરી નાંખે છે.

માત્ર જ્ઞાન સંચય તો એક પ્રકારનું વ્યસન છે. બુદ્ધિ વિલાસ તેને જ કહે છે. તેને ક્યારેય નીંદનીય તો ના કહી શકાય પણ સાર્થકતા તો ત્યારે જે માની શકાય જ્યારે તે કર્મમાં પરિણત થાય. જો એમ ના થાય તો જ્ઞાન અને કર્મની વિસંગતિ ઉલટુ અંતઃદવ ઉભુ કરે છે.

નીતિકારે સાચું જ કહ્યું છે કે, "સંસારમાં બે જ સુખી રહી શકે છે. એક તો મૂર્ખ અને બીજા પારંગત બુદ્ધિવાળાઓ. બાકીના બધા તો દુઃખી દેખાય છે. "મૂર્ખ" એ જે પેટ અને પ્રજનન સિવાય બીજી કોઈ વાત વિચારતા નથી. "પારંગત બુદ્ધિવાળા" એ જે કર્મમાં બુદ્ધિને પરિણત કરીને વિચારસંપદાનો આધાર પર મળનાર રિધ્ધિ અને સિદ્ધિઓને મેળવીને પૂર્ણતાના લક્ષ્ય સુધી પહોંચી જાય છે. સમાજ તેમને જ માર્ગદર્શન માને છે. **ગાયત્રી શક્તિપીઠ, ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# જગન્નાથ ભગવાન રથયાત્રાના માધ્યમથી લોકોના ખબર અંતર પુછવા હાલ્યા..



સમગ્ર વિશ્વની મીટ જેના તરફ મંડાય છે તેવી અષાઢ સુદ બીજના પાવન દિવસે ભારતના ઓરીસ્સા રાજ્યમાં જગન્નાથ પુરીમાંથી નીકળતી જગન્નાથ ભગવાનની વિશાળ રથયાત્રા આબેહૂબ અને દર્શનીય છે. એટલે જ જગન્નાથના આ વિશાળ રથોને રથયાત્રા સમયે ખેંચવાની ક્રિયા પરથી અંગ્રેજી ભાષામાં "જગરનોટ" શબ્દ રચાયો છે. બીજા નંબરે અમદાવદના જમાલપુરમાંથી નિકળતી જગન્નાથ ભગવાનની રથયાત્રાનો જરૂર આવે..આ રથયાત્રા પણ અદભૂત અને અકલ્પનીય છે. આ વાત કરીશું અમદાવદમાં નિકળતી રથયાત્રા વિશે..

ઈતિહાસમાં ડોકીયું કરીએ તો અમદાવાદમાં જગન્નાથ ભગવાનનું મંદિર સાડા ચારસો વર્ષથી અધિક સમયનું પ્રાચીન મંદિર છે. ત્યાં પહેલાં સ્મશાન હતું. જે આજે "સપતર્ષિના આરા" તરીકે પ્રખ્યાત છે. મંદિરની સ્થાપના વિશે કહેવાય છેકે એક રામાનંદી સંત હનુમાનદાસજી સાબરમતી નદીના કિનારે એક ઝુંપડામાં રહેતા હતા. એકવાર એવું બન્યું કે, કેટલાક ડાધુઓ એક શાબને લઈને ત્યાં આવ્યા, અને તેઓ પોતાના સ્નેહી છૂટી ગયો હોવાથી કલ્પાંત કરી રહ્યા હતા. સાધુ તો કરૂણાથી ભરેલા હોય છે. એટલે આ હનુમાન દાસજીમાં કરૂણા આવતા પોતાના કમંડળમાંથી પાણી છાંટી પોતાની પાસે રહેલી જડી બુટ્ટી લઈને જગન્નાથનું સ્મરણ કરતાં શબ સજીવન થઈ ગયું. ડાઘુઓને અત્યંત આનંદ થયો. ત્યારબાદ આ સાધુએ ત્યાં એક નાનું મંદિર બનાવી નિવાસ કર્યો. અને ધીમે ધીમે ત્યાં મોટા મંદિરનો વિકાસ થવા લાગ્યો. રામાનંદી સંતે જગન્નાથજીની મૂર્તિઓ મંગાવીને વિધિસર પ્રાણ પ્રતિષ્ઠા પણ કરી. ત્યારથી આ મંદિરમાં "કાળી રોટી ધોળી દાળ" એટલે કે માલપૂઓ અને દૂધપાકનો પ્રસાદ લોકોને આપવામાં આવે છે. જેઠ વદ અમાસ અને ઉતરાયણ દિવસે ભંડારા વિશિષ્ટ રીતે અહી થાય છે.

થોડોક સમય થયા બાદ એવું કહેવાય છે કે, ત્રાદીપતિ સારંગદાસજી મહારાજને સ્વપ્નમાં દર્શન આપતાં અમદાવાદમાં રથયાત્રાનો પ્રારંભ થયો. ૨ જુલાઈ ૧૮૭૮ ની મંગળ ઘડીની સૌ પ્રથમ રથયાત્રા નીકળી હતી.

રથયાત્રા મારફતે ભગવાન લોકોના ખબર અંતર પુછવા અને મળવા માટે સૌ પ્રથમ કેવી રીતે નક્કી થયુ એ બાબતે પણ એક લોકવાયકા એવી છે કે, એકવાર ભગવાન કૃષ્ણ, તેમના ભાઈ બલરામ સાથે દ્વારકા ગયા.. ત્યારે કૃષ્ણની ૧૬૧૦૮ રાણીઓ રોહિણી માતા (બલરામની માતા) ને પુછ્યું કે, અમે કૃષ્ણ ભગવાનની આટલી સેવા કરીએ તો પણ તેઓ રાધાનું જ નામ કેમ લે છે...? ત્યારે રોહિણી માતાએ કહ્યું કે, મહેલનો દરવાજો બંધ કરો.. કોઈ અંદર ન આવે તો કહું. અને રાણીઓએ વિચાર કરીને સુભદ્રાને દરવાજાની બહાર ધ્યાન રાખવા ઉભા રાખ્યા. અને રોહિણી માતાએ કથા ચાલું કરી.

પણ બન્યું એવું કે, કૃષ્ણ અને બલરામ એ જ ઘડીએ આવી ગયા. સુભદ્રા તો દરવાજા પર કાન રાખીને કથા સાંભળતાં જ હતા. કૃષ્ણને બલરામ મહેલમાં પ્રવેશવા ગયા તો સુભદ્રાએ રોક્યા. અને કહ્યું કે અંદર જવાની ના છે. એટલે કૃષ્ણ અને બલરામ પણ દરવાજા પર કાન રાખીને અંદરના મહેલની કથા સાંભળવા લાગ્યા. કહેવાય છે કે, અચાનક ભક્તિના ભાવને લીધે ત્રણેયના હાથ અને પગ સંકોચાવા લાગ્યા, આંખો મોટી થવા લાગી. વળી એજ ઘડીએ નારદમૂનિનું પણ ત્યાં આવવાનું થયું. નારદે ભગવાનને પ્રાર્થના કરી કહ્યું કે, ભગવાન તમારૂ આ રૂપ જગતના લોકોને બતાવો. જેનું દર્શન કરી ધન્યતા અનુભવે.. લોકો સુખી થાય. અને ભગવાને વચન આપ્યું કે ત્રેતાયુગમાં જગતને મારૂ આ રૂપ બતાવીશ.

રથયાત્રાના રથો વિશે જોઈએ તો.. જગન્નાથ ભગવાનના રથને 'નંદીઘોષ' નામ આપવામાં આવે છે, જેને પીળા રંગથી શણગારવામાં આવે છે, સારથી તરીકે દ્વારૂકાનજીને બેસાડવામાં આવે છે. બલરામના રથને 'તાલધ્વજ' નામથી ઓળખાય છે, જેને લાલ ભુરા રંગથી શણગારવામાં આવે છે, જેમના સારથી તરીકે મતાલી હોય છે. અને સુભદ્રાજીના રથને 'કલ્પધ્વજ' કહેવાય છે. જેને ભુરા રંગથી શણગારવામાં આવે છે. રથયાત્રામાં સૌ પ્રથમ આગળ મોટા ભાઈ બલરામ વચ્ચે બેન સુભદ્રા અને છેલ્લે શ્રી કૃષ્ણના રથની સવારી નીકળે છે.

રથયાત્રાનો રૂટ લગભગ ૨૦ કિલોમીટર જેટલો છે. આ રથયાત્રા લગભગ ૨ કિલોમીટર લાંબી હોય છે. પરંપરાગત રૂટ છે તેમાં શહેરના કાંટ વિસ્તારના ખાડીયા, રાયપુર, કાલપુર, ખમાસા, શાહપુર, દરીયાપુર, દિલ્હી ચકલા, ઘી કાંટા ઉપરાંત ભગવાનના મોસાળ એવા સરસપુરના વિસ્તારોનો પણ સમાવેશ થાય આ રથયાત્રામાં શણગારેલા હાથીઓ, અખાડા, ભજન મંડળી, બેન્ડવાજા, ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતી ટ્રકો સામેલ થાય છે. સાધુ સંતો સહીત હજારો માણસો રથયાત્રામાં મંદિરમાં કોણ છે.. રાજા રણછોડ છે, જય રણછોડ માખણચોર, બોલ મેરે ભૈયા કૃષ્ણ કનૈયા.." વગેરે નારાઓ બોલતા બોલતા જોડાય છે. રથયાત્રા દરમિયાન જગન્નાથજી મંદિર તરફથી લોકોને પ્રસાદ વહેંચવામાં આવે છે. તેમાં મગ, જાંબુ, કેરી, કાકડી, બદામ ઉપરાંત પ્રસાદી તરીકે ઉપરણા પણ આપવામાં આવે છે.

### સંવેદના
**પ્રવીણ એમ. નાઈ**

રથયાત્રા અમુક દિવસો અગાઉ પરંપરાગત રીતે જગન્નાથજીની ચંદનયાત્રા (જળ વિહાર) નો ઉત્સવ મનાવવમાં આવે છે. આ પ્રસંગે મંદિરોમાં રહેલી મૂર્તિઓને સરઘસ સ્વરૂપે સાબરમતી નદીના કિનારે પવિત્ર સ્નાન માટે લઈ જવાય છે. આ યાત્રામાં ૧૮ થી ૨૦ હાથીઓ સાથે હજારો ભક્તો માથે પીત્તળનાં પાણી ભરેલા ઘડા લઈને જોડાય છે.

જળયાત્રા બાદ તેઓ તેમના મામાના ઘરે પધારે છે. અને મામાના ઘરેથી જેઠ અમાસના દિવસે નિજ મંદિરે પરત ફરે છે... મામાના ઘરે જાંબુ ખાવાની મજા માણતાં આંખો આવી જાય છે. તેથી આંખો પર પાટા બાંધી દેવામાં આવે છે. પરંતુ રથયાત્રાના દિવસે પાટા છોડી દેવાય છે.

રથયાત્રાના દિવસે સવારે ચાર વાગે મગલા આરતી (પ્રભાતની પહેલી આરતી) થાય છે. એ પછી ભગવાન પ્રિય ગવાર ફળીનું શાક અને ખીચડીનો ભોગ ધરાવવામાં આવે છે. પાંચ વાગ્યા આસપાસ શરણાઈના સૂર અને ઢોલ નગારાના તાલે ત્રણેય મૂર્તિઓને રથમાં બિરાજમાન કરવામાં આવે છે. સાત વાગ્યાની આસપાસ રથયાત્રા શરૂ થાય છે. પરંપરાગત રીતે ગુજરાતના મુખ્યમંત્રી હાથમાં સોનાની સાવરણી લઈને માર્ગની સફાઈના પ્રતિકરૂપ 'પહિંદ વિધી" કરે છે. આ 'પહિદ વિધી એવો સંદેશ આપે છે કે, "ભગવાન જગન્નાથ સમક્ષ મહાશક્તિશાળી સમ્રાટ અને નાના ભક્ત વચ્ચે કોઈ ભેદ હોતો નથી."

રથાયાત્રા એટલે અનરાધાર પ્રેમની પરાકાષ્ટાની પ્રતિક યાત્રા જે મહાભાવનું અતિ પાવન મહાપર્વ છે. ભગવાન જગન્નાથ સામે ચાલીને નગરજનોને મળવા આવે એ આપણા માટે પુનિત અને અણમોલ પ્રસંગ જરૂર કહેવાય.

"ઘણાઓના મતે આદિવાસી શવર જન સંપદાયો દ્વારા વૃક્ષ પૂજાથી જગન્નાથની ઉપાસનાનો પ્રારંભ થયો હોવાનું મનાય છે. મૌલિક શવર દેવતાનું નામ જગન્ત હોઈ એ શબ્દથી જગન્નાથ શબ્દની વ્યુત્પપતિ થઈ છે."ભગવાન જગન્નાથની ભવ્ય રથયાત્રાને બપોરના સમયે સરસપુર ખાતે વિરામ આપવામાં આવે છે. જે ભગવાનનું મોસાળુ કહેવાય છે, ત્યાં ભગવાનને મામેરૂ ભરવાની રસમ અદા કરવામાં આવે છે. જેમાં ભગવાનને આભુષણો, વસ્ત્રો, હાર, પાઘડી, કાંડા ઘડીયાળ સહિતની કિંમતી ચીજ વસ્તુઓની પહેરામણી કરવામા આવે છે. માત્ર સરસપુરમાં જ બે લાખથી વધુ ભક્તો પ્રસાદીનો લાભ લે છે. સરસપુરની બહેનો દ્વારા ભાણેજોની નજરબંધી ઉતારીને ભગવાન જગન્નાથજીનું મોસાળ પુરવામાં આવે છે. નોંધનીય છે કે, મામેરૂ ભરવા માટે ઘણા લોકો વેઈટીંગમાં હોય છે. એટલા બધા લોકો મામેરૂ પુરવા તૈયાર થાય છે કે ન પૂછો વાત..!

સવારના સાત વાગ્યે શરૂ થયેલી રથયાત્રા લગભગ રાત્રે નવ વાગ્યાની આસપાસ નિજમંદિરે પરત ફરે છે.

રથાયાત્રાનો મુવિંગ બંદોબસ્ત ક્રાઈમ બ્રાંચના શિરે હોય છે. રથયાત્રાના અનુસંધાને સ્પેશિયલ ઓપરેશનગ્રુપ, કાઈમ બ્રાંચ તરફથી અમદાવાદ શહેરની મહત્ત્વની નાકાબંધી પોઈન્ટ પર વાહન ચેકીંગ કરવામાં આવે છે. તેમજ અતિ સંવેદનશીલ વિસ્તારમાં તથા ભીડભાડવાળી જગ્યા ઉપર કોમ્બિંગ અને પેટ્રોલીગ કરી હથિયારના કેશો શોધી કાઢવામાં આવે છે. શહેરની તમામ હોટલોમાં પણ ચેકીંગ કરવામાં આવે છે. વળી અમદાવદ શહેરના તમામ પોલીસ સ્ટેશન ખાતેથી અસામાજીક તત્વો ઉપર અસરકારક અટકાયતી પગલાં લેવામાં આવે છે.

રથયાત્રા અગાઉ મિટીંગ દ્વારા રથયાત્રાનું સંકલન કરવામાં આવે છે. જગન્નાથ મંદિરના ટ્રસ્ટીઓના સંકલનમાં રહી પોલીસ કમિશનરના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની મીટીંગ યોજાય છે. જેમાં ઝોન ડીસીપી, ક્રાઈમ ડીસીપી, ટ્રાફિક ડીસીપી દ્વારા આ રથયાત્રા સરળતાથી પાર પાડવા માટે અખાડા એસોસીએશન, ટ્રક એસોસીએશન તથા રથ એસોસીએશન સાથે મીટીંગો પણ થાય છે.

રથયાત્રાને બંદોબસ્ત તરીકે ૨૫ રેંજમાં વહેંચવામાં આવે છે. જેમાં પોલીસ કમિશ્નર, સંયુકત અધિક પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર, મદદનીશ પોલીસ કમિશ્નર, પોલીસ ઈન્સ્પેકટર, પોલીસ સબ ઈન્સ્પેકટર, પોલીસ કર્મચારીઓ વન વિભાગ કર્મચારી, એસ.આર.પી.કંપની,પેરામીલેટ્રી ફોર્સ, કેન્દ્રીય રિઝર્વ પોલીસ, બી.એસ.એફ.અને આરપીએફની કંપની ઉપરાંત એન્ટી ટેરેરીસ્ટ સ્કવોર્ડ અધિકારીઓની મદદ લેવામાં આવે છે.

સમગ્ર રૂટ ઉપર ડ્રોન કેમેરાથી બાજ નજર રખાય છે. અલગ અલગ સ્થળો ઉપર સીસીટીવી મુકવામાં આવે છે.

અને અંતમાં,

'ભગવાન તો ગરીબના બેલી છે.. રથયાત્રાના દિવસે તેમના દર્શન કરીને જીવનને કંઈક નવી દિશા તરફ મંડાણ કરીએ.. (૯૪૨૭૯૦૩૨૬૨)

**પ્રવીણ એમ.નાઈ**
**રતનગઢ (તા.કાંકરેજ)**

### ભારત દેશનું ગૌરવરત્ન

# પિસ્તોલ દ્વારા નિશાનેબાજી કરી જર્મનીમાં ડંકો વગાડનાર વિશ્વા



ઓગષ્ટ ૨૦૧૮ માં નવી દિલ્હીમાં યોજાનારા ઈન્ડિયા સ્કવોર્ડ કેમ્પમાં પણ ભાગ લેશેબંધ આંખો, હાથની મુવમેન્ટ અને નિશાનની સમતુલા વડે મુળ રાજકોટની પણ વડોદરામાં વસતી વિશ્વા દહીયાએ જર્મનીમાં બે સુવર્ણચંદ્રક જીતી રાષ્ટ્રનું નામ રોશન કર્યું છે.રાજકોટથી આવીને વડોદરામાં વસનારા વિશ્વા દહિયાએ માંડ બે વર્ષ પહેલા પ્રથમવાર હાથમાં પિસ્તોલ પકડવાનો રોમાંચ માણ્યો હતો. આ રોમાંચને સંકલ્પબધ્ધતામાં પરિવર્તીત કરીને વિશ્વાએ તાજેતરમાં જર્મનીમાં રમાઈ ગયેલા રાયફલ/પિસ્તોલ (ફાયર આર્મ્સ) દ્વારા નિશાનેબાજીના આઈ.એસ.એફ.વર્લ્ડકપમા બે સુવર્ણ ચંદ્રકો જીતી લઈને વડોદરા, ગુજરાત અને ભારતને ગૌરવ અપાવ્યું છે. કિશોરીઓ/યુવતીઓને ઉચિત સમયે તક મળે તો ચમત્કારો સર્જી શકે, વિશ્વાએ આ બાબત સિધ્ધ




કરીને બતાવી છે.

રાજકોટની વિશ્વાની સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુ-જરાત દ્વારા વડોદરામાં સંચાલીત શુટીંગ એકેડેમી માટે અંદાજે બે વર્ષ પહેલા પસંદગી થઈ હતી. તેની સીલેકશન ટ્રાયલ વખતે એણે પ્રથમવાર પિસ્તોલ હાથમાં પકડી હતી. હાથની મુવમેંટ અને નજરની ચપળતા વચ્ચે સંકલન, નિશાન તાકતી વખતે સમતુલા જાળવવી અને આંખે પાટા બાંધીને અંદાજને આધારે લક્ષ્ય વિંધવા જેવી અઘરી કસોટીઓમાં તે સફળ થઈને શુટીંગ એકેડેમીઓ પ્રવેશને પાત્ર ઠરી હતી.

વિશ્વા દહિયા હવે વિવિધ ઈન્ટરનેશનલ શુટીંગ કોમ્પ્ટીશન્સમાં ભાગ લેવાની સાથે ઓલિમ્પિક સુધી પહોંચવા અને દેશ માટે મોડલ જીતવાનું અંતિમ લક્ષ્ય ધરાવે છે. ઓગસ્ટ-૨૦૧૮માં વિશ્વા નવી દિલ્હી ખાતે ઈન્ડિયા સ્કવોર્ડના કેમ્પમાં ભાગ લેશે. આ કેમ્પમાં દેશના ટોચના ૦૮ શુટર્સ (નિશાને બાજો) ભાગ લેશે અને તેમાંથી પરફોર્મન્સને આધારે હવે પછીની આંતરરાષ્ટ્રીય શુટીંગ સ્પર્ધાઓમાં ભાગ લેવાને પાત્ર નિશાનેબાજોની પસંદગી કરવામાં આવશે. વિશ્વાને વિશ્વ કક્ષાની સ્પર્ધાઓ માટે પસંદ થવાનો પૂરો વિશ્વાસ છે.

સામાન્ય મધ્યમવર્ગી પરિવારમાંથી આવતી વિશ્વાએ તાજેતરમાં જર્મનીના સુહી ખાતે રમાઈ ગયેલી અને ઈન્ટરનેશનલ શુટીંગ સ્પોર્ટસ ફેડરેશન આયોજિત શુટીંગ વર્લ્ડકપની જુનિયર કેટેગરીમાં દેશનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમાં તેણે ૨૫ મીટર સ્ટાન્ડર્ડ પિસ્તોલ શ્રેણીમાં હંગેરી અને યુક્રેનના સ્પર્ધકોને પાછળ પાડી દઈને દેશ માટે બે ગોલ્ડ મેડલ્સ જીતી લીધા હતા. એસએજી, બરોડા રાયફલ કલબ અને વડોદરા ડિસ્ટ્રીક્ટ રાયફલ એસોસીએશનની સાધન સુવિધાના સૌજન્યથી વિશ્વાએ એક્સપર્ટસ સી.કે.ચૌધરી ફરીદુદીન, હિરેન જયસ્વાલ અને પુષ્પા માલવીયા પાસેથી તાલીમ મેળવી છે. તે જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, વડોદરા સિનીયર કોચ જયેશ ભાલાવાળા દ્વારા મળેલી તાલીમની વિવિધ સવલતો પ્રેરણા અને પ્રોત્સાહનને આ સિધ્ધિમાં પૂરક ગણાવે છે.

આપ પણ રમત ક્ષેત્રે આગળ વધવા માગો છો ? આપનો અભિપ્રાય મને, મેઘવર્ષા ૧૪ સહ્યગીરી સોસાયટી નં.૩ સાંઈમંદિર અને બગીચા પાછળ વિશ્વામિત્રી ક્રોસીંગ, માંજલપુર, વડોદરા-૩૯૦૦૧૧ અથવા મો.૯૯૨૫૬ ૨૮૪૮૯ પર મોકલજો

**સંવેદના : નિશાન ચુક માફ નહીં નીચું નિશાન માફ**
**મનિષ જોષી,'મૌન'**
**વડોદરા**

## સંભવિત ઘર ખરીદદારો માટે હાઉસિંગ લોનના વ્યાજદર હજુ પણ ઊંચા છે – મેજિકબ્રિક્સ કન્ઝ્યુમર પોલ

સંભવિત ઘર ખરીદદારોના ૪૫ ટકા માટે, ઘરની લોન માટે વધતા વ્યાજદર તેમના સ્વપ્ન ઘરની ખરીદીમાં એક અવરોધ છે, મેજિકબ્રિક્સ દ્વારા ભારતની નંબર ૧ પ્રોપર્ટીસાઈટ દ્વારા કન્ઝ્યુમર પોલ જાહેર કર્યું.રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા રેપો રેટમાં ગયા મહિને થયેલા વધારા બાદ ગ્રાહક સેન્ટીમેન્ટ પર અસર થઈ હતી. રેપો રેટ, આરબીઆઈ બેન્કોને ટૂંકા ગાળા માટે નાણાં ચૂકવે છે તે દર, ૨૫ બીપીએસ(બેસિસ પોઈન્ટ) વધીને ૬.૨૫ ટકા થયો છે. રિઝર્વ બેન્કે રિવર્સ રેપો રેટમાં પણ વધારો કર્યો છે, આરબીઆઈ વ્યાજદર ધરાવતી બેન્કો પાસેથી ૬ ટકા સુધી ઉધાર આપે છે.મેજિકબ્રિક્સ પોલે હકીકતને પણ પ્રતિબિંબિત કર્યું છે કે લગભગ ૨૭ ટકા દેવાદારો માટે લાંબુ વળતર ચૂકવવાનો સમય ચિંતાજનક પરિબળ છે, જ્યારે ૨૧ ટકા લોકો માને છે કે હોમ લોન માટે અરજી કરવાની કંટાળાજનક પ્રક્રિયાએ સૌથી મોટી સમસ્યા છે. માત્ર ૭ ટકા દેવાદારો માને છે કે આ દિવસોમાં હોમ લોન મેળવવાનું સરળ છે.

## વ્હોટ્સએપ દ્વારા મંચ પર નકલી સમાચારો ફેલાવનારને વખોડી કાઢ્યા: તેને રોકવા માટે શ્રેણીબદ્ધ પહેલો શરૂ કરી

આ ભગીરથ કામમાં સરકાર, નાગરી સમાજ અને ટેકનોલોજી કંપનીઓએ ભાગીદારીમાં એકત્ર કામ કરવાની જરૂર પર ભાર આપવામાં આવ્યો.ભારતમાં વ્હોટ્સએપ, ફેસબુકની માલિકીના મેસેજિંગ એપ્લિકેશને હિંસા અને મારઝૂડનાં બદનસીબ કૃત્યો ફાટી નીકળે એવા બેજવાબદારીભર્યા અને વિસ્ફોટક સંદેશાઓ તેમના મંચ પર ફેલાવનારને રોકવા માટે પગલાં લેવાનાં ભારત સરકારના નિર્દેશને પ્રતિસાદ આપ્યો છે. તારીખ ૩ જુલાઈ, ૨૦૧૮ના રોજ ઈલેક્ટ્રોનિક અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી (એમઈઆઈટીવાય) મંત્રાલયને લખેલા પત્રમાં તેણે એપ્લિકેશન પર સુસંગત વિશિષ્ટતાઓ રજૂ કરીને દેશમાં આ મંચનો દુરુપયોગ રોકવા માટે અમલ કરવાનાં અનેક પગલાં આલેખિત કર્યાં છે. વ્હોટ્સએપ લોકોની સુરક્ષા અને તેમની મુક્ત રીતે સંદેશવ્યવહાર કરવાની ક્ષમતાની ઊંડાણથી કાળજી રાખે છે. વ્હોટ્સએપ લોકોની સુરક્ષા બાબતે ઊંડાણથી કાળજી રાખે છે, જેથી અમે સલામતીને ધ્યાનમાં રાખીને અમારું એપ તૈયાર કર્યું છે. દાખલા તરીકે, તમે ફક્ત એક ટેપમાં મેસેજિંગમાંથી કોઈને પણ બ્લોક કરી શકો છો. જો કોઈ તમારા એડ્રેસ બુકમાં નહીં હોય તે તમને મેસેજ મોકલાવે તો વ્હોટ્સએપ આપોઆપ તમેતે બ્લોક કરવા માગો છો કે તે ઉપભોક્તાને જાણ કરવા માગો છો તે પૂછશે. અમે હાલમાં અનિચ્છનીય માહિતી ફેલાવવાનું ટાળવા માટે ગ્રુપ ચેટ્સમાં પણ ઘણા બધા ફેરફાર કર્યા છે, જેનાથી તમે ઉપસ્થિત કરેલા અમુક ચોક્કસ મુદ્દાઓને પહોંચી વળી શકીશું એવો અમને વિશ્વાસ છે.

## રૂપ... મર્દ કા નયા સ્વરૂપ ક્ષ૧૨-વર્ષની ફાળ ભરે છે



કલર્સના રૂપ... મર્દ કા નયા સ્વરૂપે પુરુષપ્રધાન સમાજની માન્યતાઓ પર પ્રશ્નો ઉઠાવતા૮-વર્ષની વયના છોકરા રૂપની કહાણી વડે દર્શકોનીકરોડરજજુ પર ચાબખો માર્યો છે.જયાં તેના પિતા શમશેર સિંહ નાનકડારૂપનેપૌરુષયુક્ત અને લડાયક બનાવવા પ્રયાસરત છે તો બીજી બાજુએ રૂપ પરોપકારી છે અને એ પ્રકારે વિચારનાર નથી.આત્માને હલાવી જનારીરૂપની આ મુસાફરીને અનુસરતો શો રૂપનાજીવનના નવા તબકકા પર પ્રકાશ પાડતાં૧૨-વર્ષની ફાળ ભરશે અને અને કેવી રીતે તે સમાજમાં પુરુષનીભૂમિકાને પરિભાષિત કરશે અને એ ધારણાને પરિવર્તિત કરશે તેદર્શાવશે.મોટા થઈ ગયેલા રૂપ તરીકે આ જયોતને આગળ ધપાવવા હશે શશાંક વ્યાસ જે બાલિકા વધુના વિખ્યાત પાત્ર જગ્યા તરીકે જાણિતા છે. એમની સાથે રૂપનીપ્રમિકાઈશિકા તરીકે જોડાવા ડોનલબિષ્ત હશે. ઘણાં બધા વળાંકોને ઝડપી પાડવા દર સોમવારથી શુક્રવાર રાત્રે ૯.૦૦કલાકે જોતાં રહો રૂપ–મર્દ કા નયા સ્વરૂપ, ફક્ત કલર્સ પર!

## અંતર્દષ્ટિ- શ્રદ્ધામય જીવન

સામાન્ય રીતે શ્રેષ્ઠતા પ્રત્યે અતૂટ આસ્થાને શ્રદ્ધા કહેવામાં આવે છે. આસ્થા જ્યારે સિદ્ધાંતથી વ્યવહારમાં આવે છે ત્યારે તેને નિષ્ઠા કહેવામાં આવે છે. જ્યારે નિષ્ઠા વ્યક્તિના જીવનના પરમ લ-યને પ્રાપ્ત કરવા માટે ભક્તિના ક્ષેત્રમાં પ્રવેશ કરે છે ત્યારે શ્રદ્ધાનું રૂપ લઈ લે છે. વસ્તુતઃ શ્રદ્ધા એક ગુણ છે જે વ્યક્તિના સદ્ગુણો, સદવિચારો અને ઉત્કૃષ્ટ વિશિષ્ટતાઓના આધાર પર તેને શ્રેષ્ઠતા પ્રદાન કરે છે. એવા સદ્ગુણી, સદાચારી અને શ્રેષ્ઠજન જ વ્યક્તિને ઉન્નતિના શિખર પર પહોંચાડવાની સીડી રૂપે સહાયક સાબિત થાય છે અને તેના જીવન-પથને આલોકિત કરે છે. કર્મ, જ્ઞાન અને ઉપાસના કે ભક્તિનું મૂળ શ્રદ્ધા જ છે. એ જ પ્રકારે ભક્તિ રસામૃત સિંધુ નામના ગ્રંથમાં લખવામાં આવ્યું છે કે શ્રદ્ધાથી સત્સંગ, પારસ્પરિક સદ્ભાવ સ્નેહ-આદર અને સહયોગના સંવર્ધનની સાથે જ સમાજમાં ભાગલા પર નિયંત્રણ અને એકત્વની ભાવનામાં વૃદ્ધિ થાય છે. સમગ્ર સૃષ્ટિ ભગવાનની જ અભિવ્યક્તિ છે. ભગવાન શ્રીકૃષ્ણએ 'ગીતા'માં એક સ્થાને સ્પષ્ટ ઘોષણા કરતાં કહ્યું છે કે શ્રદ્ધાવાન વ્યક્તિ જ મને પ્રાપ્ત કરી શકે છે. સારહીન સંસારનો કોઈપણ વ્યક્તિ ભગવાનને શ્રદ્ધા વગર પ્રાપ્ત કરી શકે છે. એ શ્રદ્ધા જ છે જે સમાજને ગતિ, દિશા અને સદ્ભાવ ઉત્પન્ન કરવાની સાથે મનુષ્યતાને વિકસિત કરે છે.

શ્રદ્ધા માનવ જીવનના પ્રત્યેક ક્ષેત્રને ઊંડાણથી પ્રભાવિત કરે છે. ગીતામાં કહેવાયું છે કે શ્રદ્ધા અધ્યાત્મ ક્ષેત્રમાં સાત્વિક અને કર્મના ક્ષેત્રમાં રાજસી ગુણોને ઉત્પન્ન કરે છે. સંત તુલસીદાસે પણ 'માનસ'માં એક સ્થાને કહ્યું છે કે 'શ્રદ્ધા બિના ધર્મ નહિં હોઈ'. ભક્તિના ક્ષેત્રમાં શ્રદ્ધાની જ પ્રધાનતા હોય છે. શ્રદ્ધા અને વિશ્વાસની સાથે અર્જિત ઊર્જા વિલક્ષણ પ્રભાવ પ્રગટ કરે છે. ભૌતિકતા અને પાશ્ચાત્ય સભ્યતાના પ્રભાવને કારણે આપણે આપણા ગૌરવશાળી અતીતને ભૂલતા જઈએ છીએ. વસ્તુતઃ શ્રદ્ધા વ્યક્તિના જીવનનું ઉત્કૃષ્ટ આભૂષણ છે. ત્યારે જ કહેવાયું છે કે શ્રદ્ધાવાન વ્યક્તિ જ જ્ઞાનને પ્રાપ્ત કરી શકે છે. અહી યાદ રાખવું જોઈએ કે શ્રદ્ધાનો અર્થ અંધવિશ્વાસ નથી. જ્યારે અંધવિશ્વાસ દૂર થઈ જાય છે ત્યારે શ્રદ્ધાનો અભ્યુદય થાય છે.




# આટલા ઘરેલુ ઉપાયો અજમાવી જૂઓ

દૂર થશે દાંતોની પીળાશ : લીંબુ ખાવાથી દાંતો પરની પીળાશ દૂર થાય છે. તમે સલાડ પર પણ લીંબુ નાખીને તેનુ સેવન કરી શકો છો. કરચલીઓ નહી પડે : ટામેટામાં રહેલા બીટકૈરોટિન ત્વચા પર ફ્રી રેડિકલ્સના દુષ્પ્રભાવ પડવા દેતા નથી. તેથી ટામેટાનું પુષ્કળ પ્રમાણમાં સેવન કરવુ જોઈએ. ક્લીન થશે ચહેરો : મધને હાથમા લઈને તેની હળવા હાથે ચહેરા પર મસાજ કરો. આની એંટીબેક્ટેરિયલ પોર્ફ્ટીથી ત્વચાના બંધ છિદ્રો ખુલી જશે. જલદી રાહત મળશે : વધુ પડતા લુઝ મોશન થવાથી શરીરમાંથી પાણીની કમી થઈ જાય છે, આવામાં જો નારિયળનું પાણી ભરપૂર માત્રામાં પીવુ જોઈએ.

મજબૂત થશે પેઢુ : નિયમિત રૂપે એલોવીરાનુ જ્યુસ પીવુ જોઈએ. એલોવીરામાં રહેલ એંટીબેક્ટેરિયલ પોર્ફટીથી દાંતોના પેઢુ સંબંધી બધી સમસ્યાઓ દૂર થાય છે અને પેઢુ મજબૂત બને છે. વજન વધે છે : પાતળા લોકોએ ક્રીમ, મિલ્ક શેક અને દહી જેવા ડેયરી પ્રોડક્ટ્સ ભરપૂર પ્રમાણમાં ખાવા જોઈએ, આ વજન વધારવામાં મદદરૂપ છે. થશે ફાયદો : ગર્ભાવસ્થાના શરૂઆતના મહિનામાં દરેક પ્રકારના ખાટા ફળો ખાવા જોઈએ, આ માતા અને શિશુ બંને માટે ફાયદાકારી છે. મૂડનો કારગર ઈલાજ : મૂડ ખરાબ હોય કે દિલ ઉદાસ હોય તો દૂધમાં મધ મિક્સ કરો અને એક સફરજન સાથે આ દૂધનુ સેવન કરો. તમારો મૂડ તરત જ ઠીક થઈ જશે. જમ્યા પછી ગોળ ખાવ : જમ્યા પછી એક નાનકડો ટુકડો ગોળ જરૂર ખાવ.



# હૃદયની સમસ્યાથી બચવા માટે આ Tips યાદ રાખો

**આરોગ્ય સંહીતા**

આજકાલની જીવનશૈલીનો એક ભાગ તનાવ બની ગયો છે. ઓફિસ હોય કે પરિવાર માણસ કોઈને કોઈ કારણસર તનાવમાં રહે છે. પણ તમારા હૃદય માટે બિલકુલ સારો નથી. તેથી તનાવ મુક્ત રહેવાની કોશિશ કરો. તેનાથી તમને હૃદયરોગને રોકવામાં મદદ મળશે. કારણ કે તનાવ હૃદયની બીમારીઓનુ મુખ્ય કારણ છે.

કોલેસ્ટ્રોલ લેવલને ૧૩૦ એમજી/ડીએલ સુધી બનાવી રાખો. કોલેસ્ટ્રોલના મુખ્ય સ્ત્રોત જીવ ઉત્પાદ છે. તેનાથી જેટલુ વધુ હોય બચવાનો પ્રયત્ન કરવો જોઈએ. જો તમારા યકુત મતલબ લીવરમાં વધુ કોલેસ્ટ્રોલનુ નિર્માણ થઈ રહ્યો હોય ત્યારે તમારા કોલેસ્ટ્રોલ ઘટાવનારી દવાઓનુ સેવન કરવુ પડી શકે છે.

પોતાના બ્લડપ્રેશરને ૧૨૦/૮૦ એમએમએચજીની અ અસપાર રાખો. બ્લડ પ્રેશર વિશેષ રૂપે ૧૩૦/૯૦થી ઉપર તમારા બ્લોકેજને ડબલ ગતિથી વધારશે. તેને ઓછુ કરવા માટે ખાવામાં મીઠાનો ઉપયોગ ઓછો કરો અને જરૂર પડે તો હળવી દવાઓ લઈને પણ બીપી ઓછુ કરી શકાય છે.

હૃદયને સ્વસ્થ બનાવવા માટે જરૂરી છેકે શરીરના વજનને સામાન્ય રાખો. તમારી બોડી માસ ઈંડેક્સ ૨૫થી નીચે રહેવુ જોઈએ. તેની ગણના તમે તમારા કિલોગ્રામ વજનને મીટરમાં તમારા કદના સ્ક્વેયર સાથે ઘટાડીને કરી શકો છો. તેલના પરેજ અને નિમ્ન રેશવાળા અનાજ અને ઉચ્ચ પ્રકારના સલાડનુ સેવન કરી તમે વજનને નિયંત્રિત કરી શકો છો.

રોજ અડધો કલાક જરૂર ચાલો. ચાલવાની ગતિ એટલી હોવી જોઈએ જેનાથી છાતીમાં દુખાવો ન થાય અને તમે હાંફવા ન લાગો. આ તમારા સારા કોલેસ્ટ્રોલ મતલબ એચડીએલ કોલેસ્ટ્રોલને વધારવામાં તમારી મદદ કરી શકે છે. તમે સવારે સાંજે કે પછી રાત્રે જમ્યા પછી કોઈપણ સમયે ચાલી શકો છો.

વ્યાયામ કરો - રોજ ૧૫ મિનિટ સુધી ધ્યાન અને હળવા યોગ વ્યાયામ રોજ કરો. આ તમારા તનાવ અને રક્ત દબાણને ઓછુ કરશે. તમને સક્રિય રાખશે અને તમાર હૃદય રોગને નિયંત્રિત કરવામાં મદદરૂપ થશે. વ્યાયામ કરવાથી ન ફક્ત હૃદય પણ સંપૂર્ણ શરીર ચુસ્ત દુરસ્ત અનુભવ કરવા માંડશે.

રેશાવાળુ ભોજન કરો - સ્વસ્થ હૃદય માટે રેશાવાળુ ભોજન કરો. ભોજનમાં વધુ શાકભાજી, ફળ અને સલાદનું સેવન કરો. આ તમારા ભોજનમાં રેશા અને એંટી ઓક્સીડેંટ્સના સ્ત્રોત છે અને એચડીએલ કે ગુડ કોલેસ્ટ્રોલને વધારવામાં સહાયક છે. તેનાથી તમારી પાચન ક્ષમતા પણ સારી બની રહે છે.

શુગર પર રાખો નજર - જો તમે ડાયાબિટીસથી પીડિત છો તો શુગરને નિયંત્રણમાં રાખો. તમારુ ફાસ્ટિંગ બ્લડ શુગર ૧૦૦એમજી/ડીએલથી નીચે હોવુ જોઈએ અને ખાવાના બે કલાક પછી તેને ૧૪૦ એમજી/ડીએલથી નીચે હોવુ જોઈએ. કસરત વજનમાં કમી મીઠા ભોજ્ય પદાર થોથી બચતા ડાયાબિટીસને ખતરનાક ન બનવા દેશો

# અનેક બીમારીઓમાં ઉપયોગી : બદામ

અનેક પ્રકારના આરોગ્ય લાભ આપનાર બદામ મિનરલ્સ, પ્રોટીન, ફાઈબર અને રિબોફલેવિનથી યુક્ત છે. રોજ બદામનું સેવન હૃદય રોગ અને સ્થૂળતાથી બચાવે છે. સાથે જ તે ડાયાબિટીસ સામે લડવામાં પણ મદદ કરે છેઅનેક પ્રકારના આરોગ્ય લાભ આપનાર બદામ મિનરલ્સ, પ્રોટીન, ફાઈબર અને રિબોફલેવિનથી યુક્ત છે. રોજ બદામનું સેવન હૃદય રોગ અને સ્થૂળતાથી બચાવે છે. સાથે જ તે ડાયાબિટીઝ સામે લડવામાં પણ મદદ કરે છે. વિશ્વમાં અનેક સ્થળે જેનું ઉત્પાદન થાય છે તે બદામ સૌથી પ્રાચીન પાક પૈકી એક છે. પોષક ગુણો અને વાત નિયંત્રકના રૂપમાં બદામ આયુર્વેદમાં ઉચ્ચ સ્થાને સમ્માનિત છે. આયુર્વેદ અનુસાર સાત્વિક, ઉર્જા વર્ધક બદામ મગજને સંતુલિત કરે છે. બદામમાં યાદશક્તિ વધારવા અને મગજની ક્રિયાશીલતા સુધારવા માટેના ઘણા પોષક તત્વો છે. તે ઉછરતા બાળકો માટે ઘણી લાભદાયક છે. તે ત્વચા અને માઈક્રોસકરૂલેટરી ચેનલને ચિકાશ આપી તમામ સાત ધાતુ, ખાસ કરીને શુક્ર ધાતુને સશક્ત બનાવે છે. તેના પચવામાં ભારે હોવાથી તમારો જઠરાગ્નિ મજબૂત હોવું જોઈએ. જો તમારી પાચન શક્તિ નબળી છે તો બદામનું સેવન કરતાં પહેલા તમે તેને મજબૂત બનાવો. એવા લોકો જેમના લોહીમાં પિત્ત વધારે છે તેમણે બદામ ખાવી ન જોઈએ. બદામની છાલ કઠણ હોય છે તેથી આયુર્વેદમાં તેને ખાતા પહેલા છાલ ઉતારી દેવાની સલાહ આપવામાં આવે છે. પલાળ્યા વિનાની બદામ પિત્ત વધારી શકે છે. તેથી તેને આખી રાત પલાળીને સવારે છાલ ઉતારી તેને ખજૂર અને કિશમિશ સાથે પીસી લો. આ પ્રકારની બદામ ખાવાથી લોહીમાં પિત્તની પ્રબળતા ઘટી જાય છે. ૧૦ બદામ સવારે અને સાંજે આરોગો. પિત્તના અસંતુલનથી બચવા માટે બદામ એકલી ખાવી ન જોઈએ. તેની સાથે દૂધ, અનાજ અને શાકભાજી વગેર ખાવ. બદામના લેપમાં ગુલાબની પાંદડી મિલાવીને એક પેસ્ટ બનાવો. તેને ચહેરા પર લગાવો અને એક કલાક પછી ધોઈ નાખો. રોજ સવારે નિયમિત પ્રયોગ કરવાથી ચહેરાની કરચલીઓ, કાળા દાગ, આંખના કાળા દાગ, ખીણ અને સુકી ત્વચા સારી થાય છે. મુખ્ય લાભ એલડીએલ કોલેસ્ટ્રોલને ઘટાડે છે. વધારે વસાયુક્ત ભોજનની શ્રેણીમાં આવીને પણ બદામ તમારા આરોગ્ય માટે લાભદાયક છે. બદામમાં રહેલ મોનોસેચુરેટેડ ફેટ્સ હૃદયરોગના ખતરાને ઘટાડે છે. બ્રિટિશ જનરલ ઓફ ન્યુટ્રીશનમાં પ્રકાશિત એક અભ્યાસ અનુસાર બદામમાં રહેલ વિટામિન ઈ અને પોટેશિયમ સ્વસ્થ વસા અને વિટામિન ઈ ઉપરાંત બદાતને ચોથા ભાગના કપલમાં લગભગ ૯૯ એમજી મેગ્નેશિયમ હોય છે જે રોજની જરૂરિયાતના ૨૫ ટકા છે. તેમાં ૨૫૭ એમજી પોટેશિયમ પણ હોય છે. લોહીમાં મેગ્નેશિયમની યોગ્ય માત્રાથી શરીરમાં લોહી, ઓક્સિજન અને પોષક તત્વોનો પ્રવાહ સુધરે છે. બ્લડપ્રેશર અને હૃદયની ક્રિયાઓ સામાન્ય હોવા માટે પોટેશિયમ એક જરૂરી ખનીજ છે.

# કર્ણપૂય-કાનમાં રસી આવવી

**આયુર્વેદનું અમૃત** — **વૈદ્ય મહેશ અખાણી**

આયુર્વેદ ના આચાર્ય જયારે એમ કહે કે," ચક્ષુષો વિશેષાત શ્લેષ્મતો ભયમ્" એટલેકે આંખ ને વિશેસ કરીને કફ નો ભય હોયછે. આ સૂત્ર વૈદ્ય વાંચી ને વિચાર કરેછે કે અહીં આંખ ની સાથે કાન, નાક, ગળું, દાંત, પેઢા, જીભ અને તમામ માનસિક રોગો થવામાં મુખ્ય કારણ કફ નો સૌ પ્રથમ વિચાર કરવો જોઈએ.

આંખ માં તેજ મહાભૂત છે તો કાન માં આકાશ મહાભૂત નું સ્થાન છે. પૃથ્વી ને જળ પકડી શકાય, તેજ ને જોઈ શકાય, વાયુ નો અનુભવ કરી શકાય જયારે આકાશ નો અનુભવ પણ કરી શકતા નથી તો પછી કાન ના રોગો ને સમજવા, સારવાર કરવી ને મૂળ થી મટાડવા તે આકાશ ને સ્પર્શ કરવા જેટલું અઘરું છે ને તેથી જ કાન ના રોગો નથી તો ઓપરેશન થી સંપૂર્ણ મટતા કે નથી બહેરાશ કે નથી કાન માં અવાજ આવવો જેવા રોગો ની થતી મૂલગામી સારવાર.

પરંતુ જયારે શરદી થાય કે અપાન વાયુ અવળો થવાથી કાન, નાક, આંખ ની કુદરતી ચિકાશ બહાર ના કચરા સાથે કે કફ સાથે બહાર નીકળે છે તેને સાદી ભાષા માં કાન, નાક કે આંખ ની શરદી કહીએ તોય ખોટું નથી. એટલેકે કાન માં થી રસી આવે, ખંજવાળ આવે, નાક બંધ થાય, છીંકો આવે, નાક માં સોજો આવે, નાક નો પડદો વાંકો થાય, આંખ માં ખજવાળ, પાણી, સાજો થઈ આવે.... આ બધાજ એકબીજા સાથે જોડાયેલા રોગો છે જાણે ચાર બાજુ ચાર ઓરડા અને મધ્ય માં સૌની સહિયારી ઓસરી.

● કાન ની રસી... .આ રસી- પૂય એ વાયુ, પિત્ત, કફ , ત્રણેય દોષ અને રક્તદોષ થી થાય છે. આ કર્ણ પૂય ઝડપ થી નહિ મટાડવા થી કાન ના અંદર ના અને પાસે ના હાડકા માં સોજો, સડો ને બહેરાસ થાય છે. કાન ના પડદા માં કાણું તો તરતજ થઈ જાયછે.તેથી તત્કાળ આયુર્વેદ સારવાર થી મૂળ થી, ઝડપથી મટે છે અન્યથા ઓપરેશન પછી પણ કાયમી દર્દ દૂર થતું નથી. ઝડપથીને મૂળ માંથી દર્દ નહિ મટાડવાથી આંખ ને અને માનસિક શક્તિ ને ખૂબજ નુકશાન થવા સંભવ છે.

● ઠંડુ પાણી, ઠંડા પીણા, દહીં, ભેંસ નું દૂધ, અડદ, મીઠાઈ, ડુંગળી, કેળાં નું સેવન કરવું નહિ અને કાનમાં પવન, પાણી પ્રવેશ કરે નહિ તે કાળજી લેવી, કાન માં ચોવીસે કલાક રૂ રાખવું. મૌન રાખવું ને બ્રહ્મચર્ય નું પાલન કરવું તે કાન ના તમામ રોગો ની પ્રાથમિક પરહેજ છે.

● નિષ્ણાત વૈદ્ય ના માર્ગદર્શન થી હરડે, સુંઠ, ત્રિફલા ચૂર્ણ, ત્રિફલા ગુગલ, કાંચનાર ગુગલ, કિશોર ગુગલ, ત્રિકટુ, શૃંગ ભસ્મ, સાટોડી, સારિવા, ગળો, અરડુશી, તુલસી, રસાયણ કર્મ કરનાર સુવર્ણ ભસ્મ માં થી તૈયાર થતી ઔષધિઓ અને ચ્યવનપ્રાશ જેવા ઔષધો નું પદ્ધતિસર નિયમિત સેવન કરવાથી અને જરૂર જણાય તો પંચકર્મ પદ્ધતિ થી વમન, વિરેચન કરવાથી પ્રાયઃ રોગ મટી જાયછે.

● આયુર્વેદ અને શ્રીમદ્ ભગવત ગીતા નો એક શલોક કાન, નાક, ગળું, આંખ ને માથા ની તંદુરસ્તી માટે નો સામાન્ય લાગેછે...

ઉર્ધ્વ મૂલં અધ શાખ્યં અશ્વં પ્રાહુરવ્યં .. અ.૧૬


**વૈદ્ય મહેશ અખાણી વૈદ્ય પરાશર મ.**
**કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર) મો.૯૪૨૬૩૯૯૧૨૫**


# બ્રેન ટ્યુમરનો ઈલાજ સાયબર નાઈફથી

સાયબર નાઈફની આગામી જનરેશન એમ-૬ ભારતમાં પહેલા ઉપયોગમાં લેવામાં આવનારી

**હિપ્નોથેરાપી**

સર્જરીઓની તુલનામાં વધારે પરિષ્કૃત છે, તેમાં રેડિએશનનો મહત્તમ ડોઝ અનેક અલગ-અલગ ખૂણેથી ટ્યુમર સુધી પહોંચાડવામાં આવે છે. તેનો સફળતાનો દર પણ ઘણો ઊંચો છે.

આજકાલ સાયબર નાઈફ રેડિયો સર્જરી સિસ્ટમને સર્જરીના વિકલ્પ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. આ મગજના કેન્સરયુક્ત અને કેન્સર રહિત ટ્યુમરોનના પ્રબંધનમાં અન્ય ઉપચારો સાથે આ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ ટેક્નોલોજી ભારતમાં છેલ્લા ત્રણ-ચાર વર્ષથી ઉપયોગમાં લેવામાં આવી રહી છે. આ ટેક્નોલોજી દ્વારા શરીરના મોટાભાગના કેન્સરયુક્ત ટ્યુમરો અને કેન્સરસહિત ટ્યુમરોનો ઉપચાર શક્ય છે, જેમાં સામેલ છે પ્રોસેટ્ટ, લિવર વગેરેના ટ્યુમર. હવે સામાન્ય રીતે તેનો ઉપયોગ મગજ અને સ્પાઈનના ટ્યુમરને નષ્ટ કરવા માટે થઈ રહ્યો છે. આધારભૂત રીતે સાયબર નાઈફ રેડિએશન સર્જરી સર્વાધિક વિકસિત, નોન-ઈનવેસિવ રેડિએશન થેરેપી ટૂલ છે જે કેન્સરયુક્ત ટ્યુમરોની સાથે જ કેન્સરરહિત ટ્યુમરો અને અન્ય બીમારીઓના ઈલાજ માટે ઉપલબ્ધ છે. આ થેરેપીમાં રેડિએશનના હાઈ ડોઝ પરિશુદ્ધ કિરણોનો ઉપયોગ કરાય છે. આ સારવારમાં ના તો કોઈ પીડા થાય છે અને ના તો તેમાં કોઈ જોખમ છે. આ માટે હોસ્પિટલમાં રોકાવાની જરૂર પણ નથી પડતી કારણ કે સેશન પૂર્ણ થતાં જ તરત જ હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવે છે. સાયબર નાઈફ રેડિએશન સર્જરીમાં રેડિએશનના હાઈ ડોઝ સીધા તમારા ટ્યુમરને આપવામાં આવે છે જે માટે પરિષ્કૃત ઈમેજ ગાઈડેન્સ સિસ્ટમનો ઉપયોગ કરાય છે.

સાયબર નાઈફ રેડિએશન થેરેપીનો સફળતાનો દર વધારે છે. જોકે આ એ ટ્યુમરો માટે સર્વશ્રેષ્ઠ કાર્ય કરે છે જેમનો આકાર લગભગ ૨-૨.૫ સે.મી. હોય છે. જોકે કેટલાક દુર્લભ કેસોમાં તેનો ઉપયોગ મગજના ટ્યુમરોના ઉપચારના વિકલ્પ તરીકે પણ કરાય છે કે એ દરદીઓ માટે જેમની ખરાબ મેડિકલ કન્ડિશન વગેરેને કારણે બ્રેન કેન્સર સર્જરી કરી શકાતી નથી.

આ ઉપચારની સફળતાનો દર ૯૦ ટકાથી વધારે હોઈ શકે છે. સાયબર નાઈફની આગામી જનરેશન એમ-૬ ભારતમાં પહેલા ઉપયોગમાં લેવામાં આવનારી સર્જરીઓની તુલનામાં વધારે પરિષ્કૃતિ છે કારણ કે તેની કેટલીક અસાધારણ વિશેષતાઓ છે. તેમાં રેડિએશનનો મહત્તમ ડોઝ અનેક અલગ-અલગ ખૂણેથી સીધા ટ્યુમર સુધી પહોંચાડવામાં આવે છે. તેનો સફળતાનો દર પણ ઘણો વધારે છે. આ સાથે જ ગહન ઊર્જાની ઉત્સર્જિત કેન્દ્રિત કિરણો કેન્સર સેલને નષ્ટ કરી દે છે અને ટ્યુમરના વિકાસને નિયંત્રિત કરે છે. આ લિક્ષત સેલ્સને વધતા રોકે છે.

રેડિએશન થેરેપીનો ઉદ્દેશ્ય હાનિકારક સેલ્સને નષ્ટ કરવાનો અને સ્વસ્થ સેલ્સને ઓછામાં ઓછું નુકસાન પહોંચાડવાનો હોય છે. આ ઉપરાંત સાયબર નાઈફ સિસ્ટમ આપમેળે જ સામંજસ્ય બેસાડી લે છે અને ટ્યુમરને શોધી કાઢે છે જેનાથી સ્વસ્થ અંગો અને ટિશ્યુ સુધી રેડિએશનના એક્સપોઝરને ઘટાડવામાં મદદ મળે છે. પરંપરાગત રેડિએશન ઈલાજ અને સર્જરીના અનેક ફાયદા છે. મોટાભાગના દરદીઓમાં કોઈ આડઅસર દેખાતી નથી અને તે ઈલાજના તરત જ બાદ પોતાના દૈનિક કાર્યો કરી શકે છે. કેટલાક સામાન્ય કાર્યો કરવામાં થોડી ઘણી સમસ્યાઓ ઉદ્ભવી શકે છે.

ઉપચાર પહેલા પોતાના ન્યુરોસર્જનથી તમામ સંભાવિત સાઈડ ઈફેક્ટ્સ અંગે ચર્ચા કરો કારણ કે તમારા મગજ કે સ્પાઈનમાં ટ્યુમરની સ્થિતિ અને પ્રકારના આધારે તે અલગ-અલગ હોઈ શકે છે.

સાઈડ ઈફેક્ટ્સ જે અસ્થાયી હોય છેતેમાં છે માથાનો હળવો દુઃખાવો, ગભરામણ વગેરે. તેનાથી કોઈ ફરક નથી પડતો કે તમારામાં કયા પ્રકારના ટ્યુમરનું નિદાન થયું છે, આ પ્રાયમરી ટ્યુમર છે કે કેન્સરયુક્ત છે જે શરીરના અન્ય ભાગમાંથી તમારા મગજમાં મેટાસ્ટેસાઈઝ્ડ થઈ ગયું છે.

સૌથી જરૂરી છે કે તેનું વહેલામાં વહેલી તકે નિદાન કરવામાં આવે અને સર્વશ્રેષ્ઠ ઈલાજના વિકલ્પો અંગે જાણી લેવામાં આવે.

# એન્ટા-એસિડ, કફ-સિરપ, પેઈનકિલર્સ, સ્લિપિંગ પિલ્સ જેવી દવાઓ નિર્દોષ નથી

**મન બિલોરી કાચ**

વારંવાર જ્યારે આવી દવાઓ પેટમાં ઠલવાયા કરે છે ત્યારે આંતરડા પ્રાકૃતિક રીતે કામ કરવાનું બંધ કરી દે છે અને પરિણામે આપણે અનેક બીમારીઓને ફક્ત આમંત્રણ જ નહીં પણ કાયમી વસવાટ કરવાનું કારણ આપી દઈએ છીએઆપણે ત્યાં જે ફાર્માસ્યુટિકલ્સ કંપનીઓ છે અને એમાંની કેટલીક જે પ્રકારની દવાઓ વેચે છે જે આપણે વખાંના માર્યા કે ડોક્ટરના દોરવ્યા અથવા આપણી બેવકૂફીને કારણે ગળતા રહીએ છીએ એ કેટલી હાનિકારક છે એનો આપણને અંદાજ પણ નથી. આપણો એકમાત્ર એવો દેશ છે જ્યાં એક લાખ બ્રાન્ડની દવાઓ વેચાય છે!આ વિષયની કેટલીક ટેક્નિકલ બાબતો પણ એટલી જ જાણવા યોગ્ય છે, પણ એની વાત પછી. અત્યારે તો દવાનું ઉત્પાદન કરનારી કંપનીઓ અને તબીબી જગતના કેટલાક લોકો આપણા આરોગ્યના ભોગે કેવી-કેવી દવાઓ ખવડાવે છે અને એનાં પરિણામ કેટલા ઘાતક હોઈ શકે એની વાત કરીએ.આજે દર ત્રીજી વ્યક્તિને એસિડિટીની તકલીફ હોય છે. આવામાં ઘણા લોકો એન્ટા-એસિડ ગોળીઓ ચગળવા માંડે છે અથવા સિરપની બાટલી ગટગટાવે છે. પરંતુ આ એન્ટા-એસિડ જે તમને પેટની બળતરા કે ખાટા ઓડકાર જેવી સમસ્યાઓમાંથી મિનિટોમાં રાહત આપવાની વાત કરે છે એ શરીરને કેટલી હદે નુકસાન કરી શકે છે એનો આપણને અંદાજ પણ નથી.

આપણા શરીરમાં ભોજન પચાવવા માટે અમુક માત્રામાં એસિડ જરૂરી છે પણ આ દવાઓ આપણે વારે-તહેવારે ગટગટાવવાતા રહીએ તો એસિડનું ઉત્પાદન ઘટવા માંડે છે. આવી એન્ટા-એસિડ નિયમિત કે પછી સમજદાર ડોક્ટરની સલાહ વિના જો લીધા કરીએ તો જેને પેટની પેરીસ્ટૈલ્સિસ મૂવમેન્ટ કહે છે એના પર અસર થાય છે. સરળ શબ્દોમાં કહીએ તો ભોજન પચી ગયા પછી મળ નીચેની તરફ ધકેલવા માટે આંતરડામાં આકુંચન અને શિથિલ થવાની પ્રક્રિયા થાય છે જે સમુદ્રમાં મોજાંના આવનજાવન પ્રકારની હોય છે. એન્ટા-એસિડ ઢિચ્યે રાખવાથી આંતરડાંના આ હલનચલન પર અસર થાય છે. જેના પરિણામે કબજિયાત થવા માંડે છે અને કબિજયાત પોતે જ અનેક રોગનું મૂળ છે એ તો આપણે બધા જાણીએ જ છીએ. કેમિસ્ટને ત્યાં આસાનીથી મળતી સફેદ-ગુલાબી રંગની ગોળીઓ કે સિરપ આપણને કેટલું નુકસાન પહોંચાડી શકે છે એની સમજણ ન તો આપણને ડોક્ટરો કે ન તો કેમિસ્ટ આપે છે અને આને આપણે નિર્દોષ દવાઓ સમજી ખાતા રહીએ છીએ.

એક જાણીતી હોસ્પિટલ સાથે સંકળાયેલા એક વરિષ્ઠ ડોક્ટર તો એટલી હદ સુધી કહે છે કે લાંબા સમય સુધી આવી એન્ટા-એસિડ દવાઓ ખાધા રાખવાથી વ્યક્તિની વિચારશક્તિને અસર થાય છે એટલું જ નહીં પણ ડિમનેશિયા જેવો રોગ પણ થઈ શકે છે. ડિમનેશિયાને સાદા શબ્દોમાં કહીએ તો મગજનું સંકોચાતા જવું. જેના અનેક લક્ષણો છે અને એમાંનું એક લક્ષણ છે યાદદાસ્ત ઓછી થતી જવી અથવા એકની એક વાત રિપીટ કર્યા કરવી. મેડિકલ જરનલમાં પ્રસિદ્ધ થયેલા અભ્યાસ મુજબ તો એન્ટા-એસિડના આડેધડ ઉપયોગને કિડની પર અસર થવા સાથે પણ સીધો સંબંધ છે.કેટલાક લોકો વળી કબજિયાતથી પરેશાન હોય તો જીવનશૈલીમાં કે ખાવા-પીવામાં સંયમ રાખવાને બદલે પાચક ગોળીઓ ખાતા રહે છે. જુદા-જુદા પ્રકારના જુલાબ અને જુલાબની ગોળીઓ દુકાનોમાં આસાનીથી ઉપલબ્ધ હોય છે. પેટ ફાટી જાય એટલું આડેધડ ખાઓ અને પછી જુલાબની ગોળી લો એટલે પત્યું એવી તેમની થિયરી હોય છે.


**અનુસંધાન પાના નં.૬ ઉપર**


# અહંકાર, આનંદ અને ઉત્સવ

**માનસ** — **ડો. પ્રવીણ પટેલ**

**ગતાંકથી ચાલુ**

મહાવીર સ્વામીના સમયમાં મગધ પાસે આવેલા એક ગામમાં બ્રાહ્મણ પરિવારમાં જન્મેલા ત્રણ વિદ્વાન જ્ઞાની, કર્મકાંડી બ્રાહ્મણો રહેતા હતા. ત્રણે ભાઈ ઈન્દ્રભુતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ તે સમયે શાસ્ત્રાર્થમાં અજેય ગણાતા હતા. જૈનોના પવિત્ર ગ્રંથ કલ્પસૂત્ર પ્રમાણે આ લોકો જ્યારે હવન કરતાં ત્યારે ઈન્દ્ર તથા બીજા દેવતાઓને ત્યાં હાજરી આપવી પડતી. ત્રણે પૈકી ઈન્દ્રભૂતિ પ્રખર મેધાવી પંડીત હતા તેમને ૫૦૦ શિષ્યો હતા.

એક વાર ઈંદ્રભૂતીએ હવન શરૂ કર્યો. રાબેતા મુજબ ઈન્દ્ર તથા દેવતાગણ પોતાના દિવ્ય યાનોમાં બેસીને આકાશમાર્ગે આવતા દેખાયા, પરંતુ એ યાનો તો ઈન્દ્રભૂતિના આશ્રમમાં ઉતરવાના બદલે આશ્રમ પરથી આગળ ઉડી ગયા. ઈન્દ્રભૂતિએ આવું પ્રથમ વાર બનતાં જોયું. આઘાત, આશ્ચર્ય અને ક્રોધની મિશ્ર લાગણીઓ અનુભવતાં તેણે ઈન્દ્ર અને દેવતાગણનો પીછો કર્યો. ત્યાંથી થોડાક અંતરે યોજાયેલા સમવસરણ (તીર્થંકર ભગવાનની સઘળા જીવોની ઉપસ્થિતિવાળી સભા) પાસે દેવતાગણે ઉતરાણ કર્યું અને બધાએ સભામાં તીર્થંકર પ્રભુની દેશના સાંભળવા યથાયોગ્ય સ્થાને બેસી ગયા.

ઈન્દ્રભુતિએ આ જોયું, વિશાળ, વૈવિધ્યસભર સભા જોઈ તેને ઈર્ષ્યા થઈ. અંતરમાં અહંકાર પ્રજ્જવલિત થયો. 'અરે ! મારાથી પણ વધુ સામર્થ્ય શીલ એવી તે કઈ હસ્તી અહીં આવી છે જેને સાંભળવા 'પશુપક્ષી, મનુષ્યો અને દેવો અહીં પધાર્યા છે? મારે એ વ્યક્તિને જોવી પડશે.. તેની સાથે શાસ્ત્રાર્થ કરીને તેને હરાવવી જ પડશે.. આવા ઘમંડી વિચારો કરતાં ઈન્દ્રભૂતિએ સમવસરણમાં પ્રવેશ કર્યો. ઝડપથી ચાલતાં તે તીર્થંકર ભગવાનની સન્મુખ જઈ ઉભા રહ્યા. ત્યાં તો સૌમ્ય મુદ્રામાં બિરાજમાન તીર્થંકર મહાવીર સ્વામી બોલ્યા, ભલે પધાર્યા ઈન્દ્રભૂતિ..'

ક્ષણાર્ધ પુરતું આશ્ચર્ય અનુભવતાં ઈન્દ્રભૂતિના મનમાં વિચાર ઉઠયો, 'માળા આ અજાણ્યા અર્ધ દિગંબર બાવાને મારા નામની ખબર શી રીતે પડી ? પછી અહંકારી મનમાંથી જવાબ મળ્યો અરે મારા જેવા સમર્થ જ્ઞાની-શાસ્ત્ર વિશારદનું નામ સર્વત્ર ગાજે છે. કોઈક પાસેથી તેણે જાણી લીધું હશે ! બડો ચાલાક બાવો છે !


**અનુસંધાન પાના નં.૬ ઉપર**


# શુ તમે પણ ભાત વધુ ખાવ છો ? તો તમને ઉઠાવવા પડશે આ નુકશાન

**આરોગ્ય**

ભાત લગભગ દરેક કોઈ ખાવા પસંદ કરે છે. લોકો ભલે રાત્ર ભાતને એવોઈડ કરી દે છે પણ બપોરના સમયે ભાત તો જાણે તેમની ફેવરેટ ડિશ હોય છે.

ભાત ખાવાથી પેટ તો ભરાય જ જાય છે પણ ભૂખ પણ વારેઘડીએ લાગતી રહે છે. વધુ પ્રમાણમાં ભાતનુ સેવન કરવાથી શરીરને અનેક પ્રકારનુ નુકશાન થઈ શકે છે. જો તમે પણ વધુ ભાતનુ સેવન કરો છો તો તેનાથી થનારા નુકશાન વિશે જાણી લો..

**ડાયાબિટીસ** - એક વાડકી ભાતમાં ઓછામાં ઓછી ૧૦ ચમચી જેટલી કેલોરી હોય છે. રોજ તેનુ સેવન કરવાથી ડાયાબીટીસની શક્યતા વધી જાય છે.

**જાડાપણુ** - બાફેલા ચોખામાં કાર્બોહાઈડ્રેટ્સ ની માત્રા પણ વધુ હોય છે જે વજન વધારવાનુ કામ કરે છે.

**ઓવર ઈટિંગ** - આમ તો ભાત ખાવાથી પેટ જલ્દી ભરાય જાય છે અને આ સહેલાઈથી પચી પણ જાય છે. પણ તેને ખાવાથી વારેઘડીએ ભૂખ પણ લાગે છે.

**ઓછુ ન્યૂટ્રિએંટ્સ** - સફેદ ભાતમાં ન્યૂટ્રિએંટ્સની માત્રા ખૂબ ઓછી હોય છે. જેના કારણે શરીરને જરૂરી વિટામિન્સ અને ન્યૂટ્રિએંટ્સ મળતા નથી.

**નબળા હાડકા** - સફેદ ચોખામાં વિટામિન સી ની માત્રા ઓછી હોય છે. જેને કારણે હાડકાને કોઈ ફાયદો થતો નથી.

**પાચન શક્તિમાં પ્રોબ્લેમ્બ** - સફેદ ચોખામાં ફાઈબર્સની માત્રા ખૂબ ઓછી હોય છે. તેમને વધુ માત્રામાં ખાવાથી પાચન શક્તિ કમજોર થઈ જાય છે.

### માનસ..

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

ત્યાં તો મહાવીર સ્વામી ફરી બોલ્યા..'ઈન્દ્રભૂતિ ! વર્ષોથી તમારા મનમાં આત્મા અસ્તીત્વ વિશે શંકાઓ જાગતી રહી છે. કેમ ખરૂ ંને ? તો ઈન્દ્રભૂતિ હુંકહું છું આત્માનું અસ્તિત્વ છે ? ત્યાર પછી મહાવીર સ્વામીએ ઉપનિષદોનો સંદર્ભ આપીને આત્મા હોવાની વાતને સિદ્ધ કરી બતાવી.

મહાવીર સ્વામીની વાત અક્ષરશઃ સત્ય હતી. ઈંદ્રભૂતિએ અંતરમનની વાત કોઈને જણાવી નહોતી. વાત સાંભળતાં જ ઈન્દ્રભૂતિના અહંકારના ચુરેચુરા થઈ ગયા. તે દોડયો..મહાવીર સ્વામીના ચરણોમાં તેણે મસ્તક મુકી દીધું. તેની આંખોમાંથી આનંદનાં અશ્રુ સરવા લાગ્યા ! ઈન્દ્રભૂતિએ દીક્ષા લઈ મહાવીર સ્વામીનું શિષ્યત્વ સ્વીકાર્યું. કાળાંતરે તેમને દિપાવલીના દિવસે કેવળજ્ઞાન ઉપલબ્ધ થયું. અહંકાર અસ્ત થતાં જ આનંદ સ્વરૂપ આત્મા આલોકિત થયો. અહંકારમાં રોકાયેલી ઉર્જાનું સહજતામાં રૂપાંતર થયું અને ઈન્દ્રભૂતિ મહાવીર સ્વામીના પ્રથમ ગણધર ગૌતમ સ્વામી બની ગયા.

આ ઘટનાથી તદ્દન વિપરીત વાત રાવણના જીવનમાં બની. પરમ શિવભકત, વિદ્વાન, શાસ્ત્રજ્ઞ સામર્થ્યશીલ રાવણે મદાંધ અહંકારમાં આંધળા બનીને શ્રીરામ સાથે યુદ્ધ કર્યું અને મૃત્યુ પામ્યો.

(ક્રમશઃ) **ડૉ. પ્રવિણ પટેલ**

### ઘરેલુ ઉપાયો

**અનુસંધાન ૫ નુ ચાલુ..**

ગોળ ખાવાથી ગળ્યુ ખાવાની સંતુષ્ટિ થશે અને એસીડીટી પણ નહી થાય. મોઢામાંથી દુર્ગંધ નહી આવે : લવિંગ અને ઈલાયચીને એકસાથે વાટીને તેનો પાવડર બનાવી લો. જમ્યા પછી આનો માઉથફ્રેશનરના રૂપમાં ઉપયોગ કરો. મોઢામાંથી દુર્ગંધ નહી આવે. કેવો જોઈએ સ્વાદ : ખાવામાં જો તમને આદુનો સ્વાદ સાધારણ જોઈતો હોય તો તેને રેસીપી બનાવતા પહેલા જ નાખી દો, અને જો આદુનો સ્વાદ વધુ જોઈતો હોય તો રેસીપીના અંતમા આદુ નાખો.

સામાન્ય રહેશે ત્વચા : લીબુના રસમાં મધના થોડાક ટીપાં નાખીને મિક્સ કરો. આ મિશ્રણને દાઝાયેલા સ્થાન પર લગાવો. ત્વચા સામાન્ય બનશે અને દાગ પણ નહી પડે. ઘી કરશે કમાલ : ગરમીમાં વારેઘડીએ હોઠ પર જીભ ફેરવવાથી હોઠ ફાટી જાય છે. ફાટેલા હોઠ પર ઘી લગાવો. હોઠ ગુલાબી અને નરમ રહેશે. ડુંગળીના રસને કુણું ગરમ કરીને કાનમાં નાખવાથી કાનનો દુઃખાવો ઠીક થઈ જાય છે. રોજ ૧ અખરોટ અને ૧૦ કિશમિશ બાળકોને ખવડાવવાથી પથારીમાં પેશાબ કરવાની સમસ્યા દૂર થાય છે. ટામેટાનુ સેવન કરવાથી ચિઢચિઢાપણુ અને માનસિક કમજોરી દૂર થાય છે. આ માનસિક થાકને દૂર કરી મસ્તિષ્કને તંદુરસ્ત રાખે છે. તેનુ સેવન કરવાથી દાંત અને હાડકાની કમજોરી પણ દૂર થાય છે. તુલસીના પાનનો રસ, આદુનો રસ અને મધ બરાબર માત્રામાં મિક્સ કરીને ૧-૧ ચમચી દિવસમાં ૩થી ૪ વાર સેવન કરવાથી શરદી, તાવ અને ખાંસી દૂર થાય છે. ચા ને બદલે તમાલપત્રના પાનની ચા પીવાથી શરદી, તાવ, છીંક આવવી, નાક વહેવુ, બળતરા માથાનો દુઃખાવા વગેરેમાં તત્કાલ આરામ મળે છે. ચહેરાને ચમકાવવા માટે હળદર, ચંદન, મુલ્તાની માટીમાં ગુલાબજળ નાખીને તેનું પેસ્ટ બનાવો, ચહેરા પર લગાવો, ૧૫ મિનિટ રહેવા દો. તમારી ત્વચા ચમકી જશે.

## વજન ઘટાડવાની સર્જરીથી કેટલી અપેક્ષા રાખવી જોઇએ?

સ્થૂળતાથી છૂટકારો મેળવવા માટે વેટલોસ સર્જરીને અત્યંત આકર્ષક વિકલ્પ માનવામાં આવે છે પરંતુ તેનાથી વધારે પ્રાપ્ત કરવાની આશા રાખવી ન જોઇએ. આમેય આ એક પ્રકારની હોતી નથી,પણ અનેક પ્રકારથી કરવામાં આવે છે. અલગ-અલગ હેતુની સાથે શરીરની જરૂરિયાતો અનુસાર સ્થૂળતાની સર્જરીના પ્રકાર નક્કી કરવામાં આવે છે

વજન ઘટાડવાની સર્જરીના પ્રથમ પ્રકારમાં અમાશયનો આકાર ઘટાડવામાં આવે છે જેથી કરીને તેમાં ઓછી માત્રામાં ભોજન સમાઇ શકે અને સમયાંતરે દરદીનું વજન ઘટી જાય. બીજા પ્રકારની સર્જરીમાં ભોજનમાંથી પ્રાપ્ત કેલોરી અને પૌષ્ટિક તત્વોમાંતી કેટલાકને ડાઇજેસ્ટિવ સિસ્ટમમાં જમા થતાં રોકી દેવામાં આવે છે. કેટલાક દરદીઓ માટે આ બન્ને પ્રકારે વજન ઘટાડવા માટે સર્જરી કરવામાં આવે છે.

કેવા દરદીઓની સર્જરી થાય છે? દરદીનાશરીરનું વજન એટલું વધારે હોવું જોઇએકે તેના ભોજનની માત્રા ઘટાડવાથી વજન ઘટી જાય.તેનો બોડી માસ ઇન્ડેક્સ (બીએમઆઇ) ૪૦ કરતાં વધારો હોવો ન જોઇએ. દરદીને ડાયાબિટીસની સાથે મેટાબોલિક સિન્ડ્રોમ પણ છે અને અસ્થમા સાથે બ્લેડર કંટ્રોલ પણ ન હોય તો આવા દરદીઓને વેટલોસ સર્જરીથી વધારે ફાયદો થાય છે. એવામાં વેટલોસ સર્જરી જ તેમના માટે બહેતર વિકલ્પ રહી જાય છે. સર્જરીના પ્રકાર વજન ઘટાડવાની સર્જરીને તેમની પ્રક્રિયા અનુસાર ગેસ્ટ્રિક સ્લીવ અને ગેસ્ટ્રિક બેન્ડિંગના નામે ઓળખવામાં આવે છે. બીજી તરફની સર્જરીમાં ડ્યુડિનલ સ્વિવચ કે માત્ર આંતરડાના એક ભાગને બાયપાસ કરવામાં આવે છે જેથી કરીને ઓછી માત્રામા ભોજન એબ્જોર્બ થઇ શકે. સર્જનતેમને માલાબ્સોરપ્ટિવ સર્જરી કહે છે. સર્જરીની પદ્ધતિ વેટલોસ સર્જરી બે પ્રકાર કરીશકાય છે, ઓપન અને લેપ્રોસ્કોપિક. લેપ્રોસ્કોપિક સર્જરી ઓપન સર્જરીથી સારી છે કાણ કે તેમાં ઘણા નાના છેદ દ્વારા ઓજારપેટમાં નાંખીને સર્જરી કરાય છે જેમાં અત્યંત ઓછા કોમ્પિલકેશન હોય છે. શરીર પર નિશાન પણ અત્યંત નાના રહી જાય છે. રિકવરીનો સમય ન્યૂનતમ રહી જાય છે.

ગેસ્ટ્રિક બાયપાસ સર્જરી તેમાં સર્જન સર્જિકલ સ્ટેપલ્સ લગાવીને અમાશયનો આકાર નાનો કરી દે છે. તેને પાઉચમાં એક કપની માત્રા સમાન ભોજન સમાઇ શકે છે. બાકીનું અમાશય ત્યાં જ રહે છે પરંતુ ભોજન તેમાં નથી જતું.તેમાં બાકીના અમાશયને બાયપાસ કરી ભોજન આંતરડાના આગળના ભાગમાં જાય છે. બાયપાસ માર્ગ બનાવવા માટે પાઉચ અને નીચેના આંતરડાના ભાગને જોડી દેવામાં આવે છે. આ માટે આંતરડામાં ચીરો મૂકી બે ભાગ કરી દેવામાં આવે છે. એક ભાગ સ્ટેપલ લગાવીને બંધ કરી દેવામાં આવે છે. બીજા ભાગને પાઉચ સાથે જોડી દેવામાં આવે છે. હવે ભોજન એક કપ માત્રામાં પાઉચમાંથી આવશે અને અહીંથીસીધા જ નીચેના આંતરડા સુધી પહોચી જશે. અમાશયનો બાકીનો હિસ્સો પેંક્રિયાઝ ગ્રંથીથી આવનારા પોષક રસાયણોને પેટ સુધી મોકલતુ રહે છે. ગેસ્ટ્રિક સ્લીવ આ પ્રકારના ઓપરેશનમાં સર્જન અમાશયના ૭૫ ટકા ભાગને કાપીને બહાર કાઢી લે છે અને એક નાની ટ્યૂબના આકારનો અમાશય બનાવી દે છે. હવે આ ટ્યુબ જેવું પેટ જેને ગેસ્ટ્રિક સ્લીવ પણ કહે છે તેને નાના આંતરડા સાથે જોડી દેવામાં આવે છે. સર્જરી બાદ આ સ્લીવ સમાન પેટ ઓછી માત્રામાં જ ભોજન સમાવી શકશે.પેટનો આકાર નાનો થઇ જવાથી પેટ થોડા જ ભોજન બાદ પેટ ભરાઇ ગયું હોવ તેવી અનુભૂતિ થાય છે. આ સાથે જ ભૂખ પણ ગાયબ થઇ જશે કારણ કે ભૂખ લાગવા માટે જવાબદાર ગ્રેહલીન નામનક હાર્મોન હવે પેટમાંથી ગાયબ થઇ ચૂક્યુ છે. અહીં સર્જરી સ્થાયી માનવામાં આવે છે. તેને રિવર્સ કરી શકતા નથી. સર્જરી પછી શું થશે? તમે ભલે ગમે તે પ્રકારની સર્જરી કરાવી હોય પરંતુ તમામનો ઉદ્દેશ્ય દરદીનું વજન નિયંત્રિત રાખવાનો છે. સર્જરી બાદ અત્યંત ઝીણવટતાથી દરદીની પ્રગતિ પર નજર રાખવામાં આવે છે. શરૂઆતના કેટલાક દિવસો સુધી દરદીને લિક્વિડ ડાઇટ પર રાખવામાં આવે છે. હવે દરદી પહેલાની માફક જે મરજી હોય તે ખાઇ શકતો નથી. જ્યારે ખાવાનું શરૂ કરશે ત્યારે પર્યાપ્ત પોષણ પણ મળે તેનું ધ્યાન રાખવુપં પડશે. દેખીતું છે કે પૂરક પોષક આહાર પણ લેવો જ પડશે. સર્જરીનું જોખમ જે રીતે તમામ પ્રકારની સર્જરીમાં જોખમ હોયછે તેટલું જ જોખમ બેરિયાટિક સર્જરીમાં પણ હોય છે. વજન ઉતારવાની સર્જરીમાં ગંભીર સમસ્યા સર્જાવાની શક્યતા ઘણી જ ઓછી હોય છે. રેગ્યુલર ડોક્ટરની મુલાકાત લો. માત્ર આપવામાં આવેલ સલાહનું સારી રીતે પાલન કરો.

## દુધના સેવનથી અનેક રોગોથી છુટકારો

દૂધ આપણા આરોગ્યને તંદુરસ્ત રાખવામાં મદદ કરે છે. દૂધનું સેવન કરવાથી આપણા શરીરને અનેક રોગોથી છૂટકારો મળે છે અને નિયમિત રૂપે દૂધનુ સેવન કરવામાં આવે તો આપણુ શરીર હંમેશા સ્વસ્થ રહે છે અને ચહેરા પર નિખાર પણ આવે છે. જો દૂધમાં હળદર મેળવવામાં આવે તો આપણા સ્વાસ્થ્ય માટે વધુ સારુ કામ કરશે. ભલે તે બાળક હોય, જવાન હોય કે વૃદ્ધ આપણા સર્વ માટે હળદરવાળું દૂધનુ સેવન કરવુ લાભકારી હોય છે. તો જાણી લો ગરમ હળદરવાળા દૂધ પીવાના ફાયદાઓપ

- હળદરવાળુ દૂધ પીવાથી વજન ઓછુ થાય છે અને જાડાપણાથી છૂટકારો મેળવી શકાય છે.
- શરીર પર કંઈક વાગ્યુ હોય તો પણ હળદરવાળા દૂધનુ સેવન કરવુ લાભકારી છે.
- હળદરવાળુ દૂધ પીવાથી હાડકાં મજબૂત બને છે.
- હળદરવાળુ દૂધ આપણા શરીરને અનેક રોગોથી છુટકારો અપાવવામાં મદદ કરે છે.
- હળદરવાળા દૂધનું સેવન કરવાથી શરીરમાં રહેલ રક્ત પાતળુ અને રક્ત વાહિકાઓની ગંદકી પણ સાફ કરવામાં મદદ કરે છે.
- શરીરમાં કોઈપણ પ્રકારની થઇ રહેલ દર્દથી છુટકારો મેળવવા માટે હળદરવાળુ દૂધનુ સેવન કરવુ ફાયદાકારી સાબિત થાય છે.
- સાંધાનો દુખાવો, દમા અને કાનમાં દુઃખાવો થતો હોય તો પણ આનુ સેવન કરવુ જોઈએ.
- હળદરવાળુ દૂધ પીવાથી ત્વચામાં નિખાર આવે છે અને ત્વચા સંબંધી રોગોથી રાહત મળે છે.
- હળદરવાળુ દૂધ પીવાથી આપણી પાચન ક્રિયા ઠીક રહે છે અને અનેક રોગોથી છુટકારો મેળવી શકાય છે. જેવા કે અલ્સર-ડાયેરિયાથી પણ રાહત મેળવી શકાય છે.
- અનિદ્રા જેવા રોગથી છૂટકારો મેળવવા માટે હળદરવાળુ દૂધનુ સેવન કરવુ લાભકારી હોય છે અને ગરમ દૂધમાં થોડી હળદર મેળવીને પીવાથી સારી ઊંઘ આવે છે.

### મન બિલોરી કાચ

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

વારંવાર જ્યારે આવી દવાઓ પેટમાં ઠલવાયા કરે છે ત્યારે આતંરડા પ્રાકૃતિક રીતે કામ કરવાનું બંધ કરી દે છે અને પરિણામે આપણે અનેક બીમારીઓને ફક્ત આમંત્રણ જ નહીં પણ કાયમી વસવાટ કરવાનું કારણ આપી દઈએ છીએ.આ દર્દશામક દવાઓથી એસિડિટી, અલ્સર, કિડની અને લિવર પર અસર થવી, હૃદયરોગનું જોખમ, મગજને અસર થવી વગેરે અનેક આડઅસરો થઈ શકે છે. આમાં તાવ આવે ત્યારે જે પેરાસિટામોલ કે શરદી-તાવમાં અથવા જરાક પણ કમર કે પગ દુઃખે તો આપણે પટ્ દઈને ગળી જતા હોઈએ છીએ એ દવાનો પણ સમાવેશ થાય છે. એન્ટા-એસિડ, પેઈન-કીલર્સ કે જુલાબની જેમ જ લોકો ટ્રાક્વિલાઈઝર્સ એટલે કે ઊંઘ આવવા માટેની દવાઓ ખાતા રહે છે. તનાવપૂર્ણ જીવન જીવતા લોકો માટે અનિદ્રાની ફરિયાદ બહુ સામાન્ય બાબત થઈ ગઈ છે. આ સ્લીપિંગ પિલ્સની આડઅસર કેટલી ભયાનક છે એનો આપણને ખ્યાલ પણ નથી. સામાન્ય રીતે વ્યક્તિ એક ગોળીથી શરૂ કરે છે પણ પછી ધીમે-ધીમે તેઓ એટલા બંધાણી થઈ જાય છે કે એક ગોળીથી તેમને ઊંઘ નથી આવતી અને તેઓ બે, ત્રણ કે ચાર ગોળી સુધી પહોંચી જાય છે. આ ગોળીઓની અસર માણસની નિર્ણય લઈ શકવાની શક્તિ પર પડે છે એટલું જ નહીં આ દવાઓને કારણે ભૂખ બહુ લાગે છે અને વજન વધવા માંડે છે. ઊંઘ આવવા માટે આપણે જે દવાઓ ગળીએ છીએ એની અસર સ્મરણશક્તિ પર તેમ જ મગજની કાર્યપ્રણાલી પર પડે છે કારણ કે મગજમાં પણ લહેરો આવતી હોય છે એની ગતિ મંદ પડી જાય છે. લાંબા સમય સુધી આવી દવાઓ લેવાથી શરીરમાં ધ્રુજારી, શારીરિક અસ્થિરતા, શરીરના અવયવો અને મગજ સાથે કોઓર્ડિનેશનનો અભાવ તેમ જ ચક્કર આવવા, જીભના લોચા વળવા જેવી તકલીફો સર્જાઈ શકે છે.કફ સિરપને આપણે નિર્દોષ દવા ગણીએ છીએ પણ એ નિર્દોષ નથી. કફ સિરપમાં હળવી માત્રામાં કેફિન હોય છે. ખાસ કરીને આધુનિક માતાઓ બાળકોને ઉધરસ આવે તો કફ સિરપ પીવડાવીને ઉંઘાડી દેતી હોય છે પણ આ કફ સિરપની અસર બાળકોના કુમળા મગજ પર કરે છે. કફ સિરપના પણ બંધાણી થઈ જવાય છે અને ગુજરાતમાં તો દારૂબંધી હોવાને કારણે કેટલાક લોકો દારૂને બદલે નિયમિત કફ સિરપ પીધે રાખે છે. વારંવાર કફ સિરપ લેવામાં આવે તો કેટલાક કિસ્સાઓમાં હાઈ બ્લડપ્રેશર અને મગજમાં રક્તસ્રાવ થવા જેવી બીમારીઓ અને અમુક વખતે હાર્ટ-એટેક પણ આવી શકે છે એવું ડોક્ટરો કહે છે.એન્ટિ-બાયોટિક્સ પણ છૂટથી આપનારા ડોક્ટરોની કમી નથી અને કેટલાક દોઢ ડાહ્યાઓ ડોક્ટરને ફી ચૂકવવી ન પડે અથવા તેમની પાસે જવાની આળસને કારણે જૂના પ્રિસ્ક્રિપ્સનના આધારે સ્વ ઈલાજ કરતા રહે છે. આ રીતે એન્ટિબાયોટિક્સ લેવાનું સૌથી પહેલું નુકસાન તો એ છે કે એક સમય બાદ આ દવાઓની જે અસર થવી જોઈએ એ થતી જ નથી. હા, આડઅસર જરૂર થાય છે. ઘણા વાચકો એ વાતથી અજાણ હોય છે કે જુલાબ થઈ ગયા હોય ત્યારે આપણે જે ગોળી કેમિસ્ટ પાસેથી જાતે જ લાવીને ગળી જતા હોઈએ છીએ એનો પણ આમાં જ સમાવેશ થાય છે. આવી આડેધડ લીધેલી એન્ટિબાયોટિક્સથી વ્યક્તિ પોતાની શ્રવણશક્તિ એટલે કે સાંભળવાની શક્તિ ગુમાવી બેસે છે એવી ચેતવણી ડોક્ટર ઉચ્ચારે છે.આટલું સમજી લીધા પછી સ્વાભાવિકપણે જ પ્રશ્ર્ન ઉપસ્થિત થાય કે તો પછી બીમાર પડીએ તો કરવાનું શું? દવાઓ તો લેવી જ પડેને? આનો જવાબ છે ના અને હા.સૌથી પહેલાં તો આપણા શરીરની જવાબદારી આપણે જ લેવાની અને ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શનના ભરોસે નહીં રાખવાની. આપણી જીવનશૈલી એવી રીતે ગોઠવવાની કે બીમારીને પ્રવેશવાની બહુ જગ્યા જ ન રહે. આધુનિક બીમારીઓનું સૌથી મોટું કારણ છે માનસિક તનાવ. એમાંથી મુક્ત રહેવા માટેના શક્ય એ સાધનો કરવાના. શરીરને નિરોગી રાખવા માટે યોગાસન કે વ્યાયામનો કોઈ પર્યાય નથી. તનાવ પછીનું બીજું સૌથી મોટું કારણ છે જીભ. જીભને ખુશ રાખવા માટે આપણે ગમે તે પેટમાં ઓરતા રહીએ છીએ અને બીમારીનું ઘર થઈ જઈએ છીએ. સૌથી મોટી અને મહત્વની ચાવી છે ચિંતાઓને આપણા અસ્તિત્વમાંથી તડીપાર કરીને મસ્ત થઈને જીવવાનું. આમ છતાંય કોઈક કારણોસર જેવા કે પ્રદૂષણ અથવા ખાવા-પીવામાં આવતા રસાયણોને કારણે બીમારી આવી જ પડે તો શક્ય હોય ત્યાં સુધી એલોપેથીને બદલે આયુર્વેદ કે હોમિયોપથીના આશ્રયમાં જવું. ઈમર્જન્સી હોય એ સ્થિતિમાં ઉપર વર્ણવેલી દવાઓ લેવી જ પડે તો કોઈ સમજદાર ડોક્ટરના હાથ નીચે સારવાર લેવી અને શક્ય એટલી ઓછી દવાઓ ગળવી. સૌથી મહત્વની વાત કે પોતાની જાતે તો દવાઓ લેવી જ નહીં.

### ભીલડી ...

**પાના નં.૧ ચાલુ**

ડીસા સીવીલ અને ત્યારબાદ પાલનપુર ખાતે રીફર કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ જુની ભીલડી ગામના રેલવે રીટાયર્ડ ઉગરાજીના દિકરા સોવનજી ઉગરાજીના લગ્ન કાંકરેજ તાલુકાના છાપરા ગોળીયા ગામે થયેલ જ્યારે બીજી બહેન કાંકરેજ તાલુકાના વડા ગામે સાસરે જતી હતી આ બે બહેનો શૈલાબેન સોવનજી ઠાકોર, ઉ.વ.૨૦ રહે.જુની ભીલડી તથા આશાબેન હુકાજી ઠાકોર ઉ.વ.૧૮ રહે. વડા પોતાના પિયર ગયેલ ત્યાથી બપોરના તેમના પિતા બંને બહેનોને જુની ભીલડી મુકામે આવીને મુકી ગયા હતા. બંને બહેનોએ જુની ભીલડીથી નીકળી ભીલડી બજારમાં બંગડી લેવાના બહાને આવી ત્યાંથી કોઈ અગમ્ય કારણોસર રેલ્વે સ્ટેશને પહોંચી ગયેલ અને દિયોદર તરફથી આવી રહેલ માલગાડી આગળ બંને બહેનોએ પડતુ મુકતા નાની બહેન આશાના બે પગ કપાઈ ગયા છે. જ્યારે મોટી બહેન શૈલાબેન ને પણ ઈજાઓ થતાં પ્રથમ ભીલડી રેફરલ અને ત્યારબાદ ડીસા સીવીલ અને ત્યારબાદ પાલનપુર ખાતે રીફર કરી હોવાનું જાણવા મળેલ છે. જોકે હાલમાં બંને બહેનો જીવીત હોવાના સમાચાર મળેલ છે. જોકે ક્યાં કારણોસર આ પગલું ભર્યું તેનુ કોઈ કારણ જાણવા મળેલ નથી.

### બનાસકાંઠામાં ...

**પાના નં.૧ ચાલુ**

આ અંગે ખેડૂત કલ્પેશભાઈએ જણાવ્યું હતુ કે, બનાસકાંઠામાં બટાટાના પાકમાં ઉપરા ઉપરી થપાટો પડવાથી ખેડૂત નિરાશ થઈ ગયો હતો. આત્મહત્યાના પણ બનાવો બન્યા હતા. અંતે સરકારે ખેડૂતોની સહાય માટે બટાટા ઉપર સબસીડી જાહેર કરી હતી.

ત્યારે ખેડૂતોએ હોંશે હોંશે ફોર્મ ભરી જમા કરાવ્યા હતા. પરંતુ બાગાયત વિભાગ અને કોલ્ડ સ્ટોરેજના માલિકોએ ભ્રષ્ટાચાર આદરવાનો એક નવો નુસ્ખો શોધી કાઢ્યો છે. ખેડૂતે જે ડોક્યુમેન્ટ્સ જમા કરાવ્યા હતા તેમના નામે બીજા ખેડૂતનું આધાર કાર્ડ લિંક કરી અને જે નકલી ખેડૂતો બન્યા હતા તેમને સબસીડી પધરાવી દેવામાં આવી છે. આધારના નામે સાચા ખેડૂતોને થવાનું એક માત્ર પર્યાય બનાવી દીધું અને બાગાયત વિભાગના જે અધિકારીઓ છે તેમની મીલી ભગતથી આજે અનેક ખેડૂતો સબસિડીની સહાયથી વંચિત છે અને તેમની સહાયના હક માટેની માગણી કરી રહ્યા છે.

### થરાદમાં પાંચ...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

આ પ્રસંગે નાયબ કલેક્ટર એકે કળસરીયા,પ્રમુખ લવજીભાઇ વાણીયા,ઉપપ્રમુખ ચોથાભાઇ રબારી તથા નગરપાલિકાના ભાજપના સદસ્યો અને ભાજપના હોદ્દેદારો અને બહોળી સંખ્યામાં નગરના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

નર્મદામાં પાણી છોડવાના વિલંબ અંગે મંત્રી પરબતભાઇ પટેલે જણાવ્યું હતુંકે આમ તો નહેરમાં વહેલું પાણી છોડવાનું હતું. પરંતુ કામગીરી બાદ પણ થોડું લિકેજીગ રહેતાં છોડી શકાયું ન હતું.જોકે સિંચાઇ માટે નહી પરંતુ પ્રજાજનોને પીવા માટે પાણી મળી રહે તે માટે નહેરમાં પાંચથી છ ફુટ પાણી છોડવામાં આવ્યું છે જે દસથી બાર કલાકમાં આવી પહોંચશે આથી પીવાના પાણી માટે કોઇ સમસ્યા નહી રહે.

### વડાપ્રધાન મોદીના...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

મંત્રીએ કહ્યું કે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ અભિયાનને લીધે રાજયભરમાં શિક્ષણ ક્ષેત્રે આમૂલ પરિવર્તન આવ્યુંવ છે. મંત્રીએ રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની વિસ્તૃત માહિતી આપી તેનો લાભ લેવા લોકોને અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે પૂર્વ મંત્રી હરજીવનભાઇ પટેલ, વાવ તા.પંચાયત પ્રમુખ કાનજીભાઇ રાજપૂત, સૂઇગામ તા.પંચાયત પ્રમુખ રમીલાબેન ચૌધરી, બનાસ ડેરીના ડિરેક્ટર ખેમજીભાઇ પટેલ, જિ.પંચાયત સભ્ય દેવજીભાઇ પટેલ, અગ્રણીઓ ઉમેદદાન ગઢવી, દુદાજી રાજપૂત, પીરાભાઇ ગામોટ, પ્રાંત અધિકારી પાટીદાર, પાણી પુરવઠા વિભાગના અધિક્ષક ઇજનેર એમ.ડી.ઠક્કર સહિત અધિકારીઓ, અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## સ્નાયુઓ નબળવા પડવાને કારણે પમ્પીંગની ગરબડ દૂર કરવા શાકાહારી બનો

હાર્ટ-ફેલ્યર એટલે કે હૃદયના સ્નાયુઓ નબળા પડવાને કારણે પમ્પીંગમાં થતી ગરબડને કારણે થતી સમસ્યાને નિવારવી હોય તો શાકાહારી થઇ જવું જોઇએ એવું અમેરિકાના નિષ્ણાતોનું કહેવું છે. ન્યુયોર્કની એક યુનિવર્સિટીના સાયન્ટિસ્ટોનું કહેવું છે કે આખા ધાન્ય, કઠોળ, લીલી શાકભાજી અને ફળોનો ડાયટમાં સમાવેશ કરવાથી હૃદયનું સ્વાસ્થ્ય સુધરે છે. ચરબીયુકત ચીજો ખાવાથી હૃદયના સ્નાયુઓ નબળા પડે છે. જે લોકો મોટા ભાગે શાકાહારી જ હોય છે તેમને હાર્ટ-ફેલ્યરની સંભાવના ૪૨ ટકા જેટલી ઘટી જાય છે. રીફાઇન્ડ ફૂડ, વધારાની શુગર અને ફેટવાળી ચીજો વધુ માત્રામાં લેવાથી કોરોનરી હાર્ટ-ડિસીઝ થઇ શકે છે.

અમેરિકન હાર્ટ એસોસીએશનની કેલિફોર્નિયામાં મળેલી બેઠકમાં રજૂ થયું હતું કે લોકો જો રીફાઇન્ડ કાર્બોહાઇડ્રેટ અને શુગર ઓછી માત્રામાં લે તો હાર્ટ-ફેલ્યરની સંભાવના માંસાહારી લોકો કરતા અડધોઅડધ થઇ જાય છે.

## નિયમિત એકસરસાઇઝ કરવાથી આંખોની દૃષ્ટિ પણ સારી રહેશે : અભ્યાસ

કસરત કરવાની માત્ર મસલ્સ, હાર્ટ,ફેફસાં, પાચન અવયવોની જ હેલ્થ સારી રહે છે એવું નથી, એનાથી આંખોની દૃષ્ટિ પણ સારી હોય છે. કસરત કરવાથી ખાસ કરીને ઝામર જેવા ડીજનરેટિવ રોગથી આંખને બચાવી શકાય છે.લોસ એન્જલસની યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાના નિષ્ણાતોનું કહેવુ છે કે કસરત કરવાથી શરીરની તમામ રકતવાહિનીઓમાં રકતપ્રવાહ ઝડપી બને છે ઝારમાં આંખની અંદરનું પ્રેશર વધે છે. અભ્યાસકર્તાઓનું કહેવુ છે કે તીવ્ર ગતિએ એકસરસાઇઝ કરવાથી શરીરની સાથે આંખમાં પણ બ્લડ-ફલોમાં સુધારો થાય છે અને એને કારણે ગ્લુકોમા એટલે કે ઝામર થવાની સંભાવના ૩૭ ટકા જેટલી ઘટી જાય છે.

બેઠાડુ જિંદગી ધરાવતા લોકોમાં ગ્લુકોમાં થવાનું રિસ્ક વધુ હોય છે જયારે ફિઝિકલી એકિટવ અને હાર્ટ-રેટ વધે એવી તીવ્ર ગતિની કસરત નિયમિતપણે કરનારાઓમાં ગ્લુકોમાનું રિસ્ક ઘટે છે. આ સમસ્યા ધીમે-ધીમે વકરે છે અને એનાથી દૃષ્ટિ ઝાંખી થતી જાય છે.

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :......................... પતિ/પિતા :.........................
માતા : ........................જ.તા. .................ઉ.વ.
પરિચયઃ ..........................................................
સરનામુ : ........................................................
મોકલનારની સહી : ..............................................

### થરા પાલિકા...

**પાના નં.૮ ચાલુ**

શૌચાલયમાં વ્યાપક ગેરરીતિ તળાવ - સ્મશાન સુધારણાને બીજા વિકાસલક્ષી કામોની ગ્રાન્ટ ભૂખ્યા આખલા જ ચરી જાય છે. વિસ્તારને લોકોને મળે છે કાગળ પરનો વિકાસ ?? વિરાંજલી વૃક્ષ મહોત્સવ કે બીજા વૃક્ષારોપણના કાર્યક્રમો બાદ કોઈ જ કાળજી રખાતી નથી. જેના કારણે એક પણ વૃક્ષ નહી ઉછરતાં ઠેરઠેર બાવળીયા જ જોવા મળે છે. નર્મદા નહેર સાયફન ના નામે પાણી બંધ કરાતા પીવાના પાણીની વિકટ સમસ્યા કાંકરેજના ગામડામાં સર્જાઈ છે ત્યાં વૃક્ષારોપણમાં કાગા રોળ - વાઉચરો મુકીને ઉપાડો નાણાં પ્રજાપર વધુ એક ટેક્ષનો મારો જેવા સુત્રો લોકો પોકારતા જોવા મળ્યા હતા.

### રાધનપુર પંથકમાં...

**પાના નં.૮ ચાલુ**

અને ટેન્કર આવે તો માંડ એક માટલું ભરાય તેટલું પાણી મળે જે બે દીવસ ચલાવવું પડે આ પરિસ્થિતિ સર્જાઈ છે ત્યાંરે વિવિધ ગામનાં આગેવાનો અને રાધનપુર પાલિકાનાં કોર્પોરેટરો આજે કાંકરેજ ખાતે નર્મદા નહેર પર પહોંચ્યા હતાં જયાં પાણી પુરવઠા ઈજનેર ને આ બાબતે રજુઆત કરતાં યોગ્ય જવાબ મળ્યો ન હતો અને મહિલા કોર્પોરેટર તેમજ લોકો એ અધિકારીને તતડાવતા અધિકારી જવાબ આપવાની ટાળી ગાડી તરફ બેસવા પહોંચ્યા તો લોકો એ રોકી તેમને કેટલા સમય મા પાણી આપશો તેવો ખુલાસો માગશે પરંતુ અધિકારીની માત્ર એક જ વાત હતી પાણી નથી ક્યાંથી આપુ જોકે આ અધિકારી કેમેરા સામે પણ બોલવાનો ઈન્કાર કરતા હતાં પરન્તુ પ્રજાનાં પાણીનો પ્રશ્ન હોઇ અમે તેમનાં ખુલાસા માટે ગાડી મા બેઠા બાદ પણ કેટલા સમયમાં પાણીની સમસ્યા હલ થશે જે બાબતે પૂછતાં તેઓ પ્રથમ તો પાણી નથી ક્યાંથી આપુ એવો જવાન આપ્યો હતો અને બાદમાં કહ્યુ નહેરનું સમારકામ હોવાના કારણે પાણી બંધ કરાયું હતુ પંરતુ હવે પાણીની જેમ આળ વધશે તેમ પાણી આપવાનું સરૂ કરી દેવામાં આવશે.

### નાગલેન્ડમાં ઉગ્રવાદી...

**પાના નં.૮ ચાલુ**

હતા. જયાં પણ રવિવારે સમગ્ર ગ્રામ જનો દ્વારા ભવ્ય સ્વાગત યાત્રા નીકળી ગામના મંદિરે સ્વાગત કાર્યક્રમ યોજયો હતો. દેશમાં હાલમાં આતંકવાદી સંગઠનો સહિત ઉગ્રવાદીઓ અને માઓવાદીઓ પણ દેશની સુરક્ષા સામે મોટો ખતરો ઉભો કરી રહ્યા છે. ત્યારે દેશના સુરક્ષકર્મી ઓ આ દેશ વિરોધી તત્વોને મૂહતોડ જવાબ આપી રહ્યા છે. તાજેતરમાં નાગાલેન્ડમાં પણ આવોજ એક બનાવ બન્યો હતો. જેમાં ઉગ્રવાદીઓ સાથે અથડામણમાં આસામ રાયફલના ચાર જવાન શહીદ થયા હતા. ત્યારે આસામ રાઈફલ ના જવાનો પર બોમ્બ ફૈંકી જવાનો ને શહીદ કરનાર ત્રણ જેટલા ઉગ્રવાદીઓનો જવાનોએ ખાત્મો બોલાવ્યો હતો. આ અથડામણ માં મૂળ બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના ચાંગા ગામના દિલીપસિંહ રાજપૂત પણ હતા. ત્યારે ઉગ્રવાદીઓએ બોમ્બ ફૈંક્યા બાદ દિલીપસિંહને બે ગોળી પેટના ભાગે વાગી હતી. પરંતુ સાથી મિત્રો શહીદ થઈ જતાં જ્યાં સુધી નવી ફોર્સ ન આવે ત્યાં સુધી દિલીપસિંહને ઉગ્રવાદીઓ સામે એકલા હાથે લડવાનું હતું. શરીરમાં બે ગોળી અને બૉમ્બ ના કારણે શરીર માં ઠેરઠેર છરા ઘૂસી ગયા હોવાછતાં હિંમત હાર્યા વગર જ્યાં સુધી નવી ટીમ ના આવી ત્યાં સુધી એકલા હાથે ઝઝુમી પોતાની વીરતા બતાવી હતી. જ્યાંથી તેમને સેના દ્વારા ગંભીર હાલતમાં કલકત્તામાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાંથી સારવાર બાદ તેવો સ્વસ્થ થતાં તેઓ વતન પરત ફરતા અમદાવાદ એરપોર્ટ પર ગુજરાત મહાકાલ સેનાના સંસ્થાપક સંજયસિંહ રાઠોડ, સહ સંસ્થાપક કિરપાલસિંહ ચાવડા, સમાજના આગેવાન દીગુભા ગોધાવી, વિજયસિંહ ચાવડા, દાદુભા વાઘેલા, કિરીટસિંહ આજોલ, મયુરસિંહ સોલંકી, અમદાવાદ શહેર કર્ણી સેનાના મહામંત્રી નવીનસિંહ દેવડા, બનાસકાંઠા મહાકાલ સેના ના અધ્યક્ષ આઈ.ડી રાજપૂત, સમાજ ના અગ્રણીઓ ઉપસ્થિત રહી દિલીપસિંહ નું ભવ્ય સ્વાગત કર્યું હતું. ત્યારબાદ મહેસાણા જિલ્લાના અને ઊંઝા તાલુકા ના મહાકાલ સેનાના કાર્યકરોએ રસ્તામાં ઊંઝા ખાતે પણ ભવ્ય સ્વાગત કર્યું હતું. અને દિલીપસિંહ તેમના માદરે વતન ચાંગા માં આવતા આખું ગામ પોતાના પનોતા પુત્રની રાહ જોઈ ને ઉભું હતું તેઓ ગૌરવ ની સાથે આંખો માં હર્ષ ના આંશુ છલકાય હતા. ત્યારે ગામજનો દ્વારા રવિવારે ગામમાં દિલીપસિંહ ની સ્વાગત યાત્રા નીકાળી તેમનું ગામના મંદિર માં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમગ્ર ગામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### વડાલી શહેરમાં...

**પાના નં.૮ ચાલુ**

પોતાની જીપમાં બેસાડવા મથામણ કરતા હોય છે, વડાલી શહેરની ભાઈચારાની ભાવનાને ઠેસ પહોંચાડતા તત્વો સામે લઘુમતી સમાજ તેમજ હિન્દુ સમાજ દ્વારા કડક પગલા ભરવામાં નહિં આવે તો આવા બનાવો કાયમી બની જશે તેવુ વડીલો દ્વારા ચર્ચાઈ રહ્યું છે. ગતરોજ મુસ્લિમ સમાજના લોકોએ પણ આવા તત્વોની સામે કડકમાં કડક પગલા ભરવામાં આવે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી.

વડાલીમાં દરેક સમાજ સાથે સંબંધો ધરાવતા મુસ્લિમ સમાજના અગ્રણી અમાલ્લુખાન પઠાણ દ્વારા મનસુરી પરિવારને કડક સુચના આપી છે કે કોઈપણ ભોગે બે દિવસમાં આ હિન્દુ (જૈન) યુવતીને તેના પરિવારને સોંપી દેવામાં આવે. લવજેહાદ માટે હિન્દુ યુવતીઓએ પણ હવે જાગૃત રહેવાનો સમય આવી ગયો છે તેવા હિન્દુ સંગઠનો દ્વારા જણાવામાં આવી રહ્યું છે.

### રાધનપુર પાલિકાએ...

**પાના નં.૮ ચાલુ**

પાઈપલાઈન તૂટ્યા બાદ તેને રીપેર કરવા માટે માલસામાન પણ રાખવામાં આવતો ના હોવાથી લોકોને પાણી પહોંચી શકતું નથી.એજન્સી ઘણી જ બેદરકારી દાખવતી હોવાથી આ નોટિસ મળ્યે તાત્કાલિક કામ બંધ કરીને પ્રશ્નોનું નિરાકરણ લાવવા જણાવવામાં આવ્યું છે,જો તેમ નહિ થાય તો કાયદેસરની કાર્યવાહી કરવાની ચીમકી પણ ઉચ્ચારવામા આવી છે.

### બનાસકાંઠામાં દારૂની...

**પાના નં.૮ ચાલુ**

ઈન્ચાર્જઓ દ્વારા દરેક પોલીસ સ્ટેશનમાંથી અલગ અલગ ૧૦૦ ટીમો બનાવી દારૂની બદી સાથે સંકળાયેલ ઈસમો ઉપર રેઈડો કરવામાં આવી રહી છે. જયાં સતત બીજા દિવસે ૮૬ બુટલેગરો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ૨૯ આરોપીની તાત્કાલિક ધરપકડ કરવામાં આવેલ અને ૫૭ નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટેની કાર્યવાહી કરવામાં આવેલ છે. આ રેડમાં ૪૮૨૦ નો દેશી દારૂ લીટર ૨૪૧, રૂપીયા ૭૦,૧૦૦ની વિદેશી દારૂની બોટલ નંગ ૭૦૨, રૂપિયા ૩૫,૧૦૦નો દારૂ ગાળવાનો વાંસ લીટર-૮૭૭૫ તેમજ અન્ય માલ મળી કુલ રૂપિયા ૩,૫૫,૮૨૦ નો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો.

### ભાભર તાલુકાના...

**પાના નં.૮ ચાલુ**

ધોકા વડે રેખાબેન અને તેની નણંદ કાન્તાબેનને માર માર્યો હતો. ત્યરબાદ પરણીત મહિલા રેખાબેન દેસાઈનું અપહરણ કરી ઘરમાં તોડફોડ કરીને તીજોરીમાં રહેલ રોકડ રૂા. ૪.૫૦ લાખ લૂંટીને ઘરની બહાર પડેલ બે ગાડીઓમાં તોડફોડ કરીને ટોળુ ફરાર થઈ ગયું હતું. જો કે, હોબાળો થતાં ગામમાં ચકચાર સાથે ફફડાટ ફેલાયો હતો. લોકોના ટોળેટોળા એકઠા થઈ જતાં ઘાયલ થયેલ નણંદ કાન્તાબેન દેસાઈને ૧૦૮ વાન દ્વારા ભાભર સી.એચ.સી. ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ ભાભર પોલીસને કરવામાં આવતા પોલીસે અપહરણ અને ધાડનો આઠ ઈસમો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## સાંતલપુરના કોરડામાં પાલક પિતાએ જ સગીર દીકરી સાથે અડપલાં કરતાં ગુનો

સાંતલપુર

સાંતલપુર તાલુકાના કોરડાગામે માતા સાથે આંગળીએ આવેલી ૧૪ વર્ષિય દિકરીને તેના પાલક પિતાએ રાત્રે અડપલા કરતા હોબાળો થયો હતો. બાદમાં દિકરીએ વારાહી પોલીસ મથકે પિતા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં આરોપી પિતાને ઝડપી પાડ્યો હતો અને તેની સઘન પુછપરછ શરૂ કરી હતી. કોરડાગામે એક શખ્સે થોડા વર્ષો અગાઉ ત્રણ દિકરીઓની મા સાથે લગ્ન કર્યા હતા. બાદમાં તેઓને લગ્ન જીવન દરમ્યાન બે પુત્ર થયા હતા. બધાં મળીને પાંચ સંતાનો સાથે રહેતા હતા. શુક્રવારની રાત્રે પરિવાર સાથે બહાર સુતા હતા. તે વખતે રાત્રિના ૧૨ કલાકના અરસામાં શખ્સ તેમની મોટી દિકરી (વર્ષ ૧૪) પથારીમાં જઈને તેની સાથે તેને છેડછાડ કરવા લાગ્યા હતા. તે વખતે જાગી જઈને દિકરી જોર જોરથી રડવા લાગી હતી. ત્યારે તેની માતા પણ જાગી ગઈ હતી. તે વખતે તેના પિતા દૂર જતા રહ્યા હતા. તેની માતાએ પુછ્યુ કેમ રડે છે ત્યારે તેને તેની માતાને દિકરીએ સઘળી હકીકત જણાવી હતી. તે અરસામાં બીજી દિકરી (વર્ષ ૧૨) જાગી જતાં તેણે પણ તેના પિતા તેની સાથે અશ્લીલ ચેનચાળા કરે છે તે માતાને કહ્યુ હતુ અને જો તુ કોઈને કહીશ તો તને અને તારી બહેનો અને તારી માતાને જાનથી મારી નાખવાની ધમકી આપતા હોવાની દિકરીએ વારાહી પોલીસ મથકે શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી.

## મેગા રોજગાર અને એપ્રેન્ટિસ મેળો યોજાશે

પાટણ

જિલ્લા રોજગાર કચેરી, પાટણ દ્વારાપાટણ જિલ્લાના રોજગાર વાંચ્છુ ઉમેદવારોને રોજગાર મળે તે માટે ખાનગીક્ષેત્રના નોકરીદાતા દ્વારા મેગા રોજગાર/એપ્રેન્ટિસ ભરતી મેળાના માધ્યમથી ભરતી કરવા માટે એક રોજગાર/એપ્રેન્ટિસ ભરતી મેળાનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી પાટણ તેમજ દ્વારા કરવામા આવેલ છે. જેમા ધોરણ૧૦/આઈ.ટી.આઈ પાસથીગ્રેજ્યુએટ સુધીનીલાયકાત ધરાવતા ઉમેદવારો આ ભરતીમેળામાં ઉપસ્થિત રહી શકશે. ઉમર મર્યાદા ૧૮ થી ૩૦ ની રહેશે. આ રોજગાર/એપ્રેન્ટિસ ભરતી મેળામાં ખાનગીક્ષેત્રના નોકરીદાતાશ્રીઓ હાજર રહી તેમની ખાલી જગ્યાઓ માટે સ્થળ પર પ્રાથમિક પસંદગી કરનાર છે.તારીખઃ-૧૦/૦૭/૨૦૧૮ ના રોજ મંગળવારે સમયઃ-સવારે ૧૦-૦૦ કલાકેસ્થળઃ-એમ.કે.એન્જીનીયરીંગ કોલેજ, માતરવાડી વિસ્તાર, ટી.બી.ત્રણ રસ્તા પાસે, મુ.તા.જિ-પાટણ જેમાં નોકરીદાતાઃ-અલગ અલગ ખાનગીક્ષેત્રના નોકરીદાતાશ્રીઓહશે. ખાલી જગ્યાઆ કસ્ટમર કેર, ઓપરેટર,ટ્રેઈની,મશીન ઓપરેટર, લાઈન ઓપરેટર, ટેલી કોલર, સેલ્સ, વિવિધ એપ્રેન્ટિસ જગ્યાઓહશે. આ મેગા રોજગાર/એપ્રેન્ટિસ ભરતી મેળામાં લાયકાત ધરાવતા ઉમેદવારોએ સ્વખર્ચે ઈન્ટરવ્યુમાં ઉપસ્થિત રહેવાનું રહશે. તમામ અસલ અને નકલ પ્રમાણપત્રો સાથે બે ફોટોગ્રાફ તેમજ ૬ થી ૭ નકલ બાયોડેટા સાથે ઈન્ટરવ્યુમાં હાજર રહેવા જણાવવામાં આવેલ છે. આ રોજગાર/એપ્રેન્ટિસ ભરતી મેળામાં રોજગાર કચેરી ખાતે નામ નોધણી કરાવેલ ન હોય તેવા ઉમેદવાર પણ ભાગ લઈ શકશેતેમ રોજગાર અધિકારી પાટણે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## મોઢેરાની નર્મદા કેનાલમાં યુવતીએ ઝંપલાવી આત્મહત્યા કરી

મહેસાણા

મોઢેરા નજીકથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાં એક યુવતીએ કોઈ અગમ્ય કારણોસર ઝંપલાવી મોતને વહાલુ કર્યું હતું, જે અંગે મોઢેરા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો હતો

જાણવા મુજબ મોઢેરા ગામની યુવતી ઠાકોર કાજલબેન ઉર્ફે ચકુબેન નાનજીએ ગત શુક્રવારે સવારે ઘરેથી નિકળી અગમ્ય કારણોસર નર્મદાની કેનાલમાં ઝંપલાવ્યું હતું. આ બનાવ અંગે મૃતકના પિતા ઠાકોર નાનજી મણજીએ મોઢેરા પોલીસમાં જાણ કરી હતી.પોલીસે ઘટના સ્થળે આવી પહોંચી તરવૈયાઓની મદદથી કાજલબેન (ઉ.વ.૨૦) ની લાશ બહાર કાઢી પી.એમ. અર્થે શંખલપુરના સરકારી દવાખાને લઈ જઈ લાશને પરિવારજનોને સોંપી વધુ તપાસ હાથ ધરી છે.

## પાંચોટમાં સામાન્ય બાબતે ધારિયુ ફટકારતા પોલીસમાં રાવ

મહેસાણા

મહેસાણાના પાંચોટ ગામે ખાતે ઘરની બહાર પાર્ક કરેલ એકટીવાને ગામનો એક શખ્સ અડપલા કરતો હતો તેથી એકટીવા માલીકે તેને અડપલા કરવાની ના પાડતાં તેને ઉશ્કેરાઈને ધારિયાથી હુમલો કરી ગંભરી ઈજા પહોંચાડી હતી આ અંગે તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પાંટોચના નાયક વાસમાં રહેતા હસમુખ ચંદુલાલ નાયકે ગામના બબાજી ભવાનજી ઠાકોર સામે ગત ગુરૂવારે મહેસાણા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ હસમુખ નાયકે તેના ઘર આગળ પોતાનું એકટીવા મુક્યું હતું તેને આરોપી અડપલા કરતો હતો જેથી તેને અડપલા કરવાની ના પાડતા તેને ઉશ્કેરાઈને ધારિયાથી હુમલો કરતાં હસમુખ નાયકને નાક અને ગાલ પર ગંભીર ઈજાઓ થઈ હતી આ બાબતે તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

## હિંમતનગર પોલીસે માનસીક અસ્વસ્થ મહીલાનું તેના પરીવાર સાથે મીલન કરાવ્યું



સતીષ ભટ્ટ

હિંમતનગર

સવગઢ (પાણપુર) ગામના સરપંચ સાજીદભાઈ રેવાસીયાને હિમતનગર ગ્રામ્ય પો.સ્ટે. જાણ કરેલ કે, એક અજાણી મહીલા પાણપુર ગામે રસ્તામાં ફરે છે. તેવી બાતમી હકિકત આધારે ટાઉ બીટના એ.એસ.આઈ ઈશ્વરભાઈ આત્મારામ અ.પો.કો. જાહીદહુસેન અકબરઅલી આ.પો.કો.રાજદીપસિંહ પૃથ્વીસિંહ વુ.લોકરક્ષક સોનીયાબેન માવજીભાઈ તથા વુ. લોકરક્ષક દિપીકાબેન અરવિંદભાઈ સાથે વર્તમાન પરીસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈ તાત્કાલીક સવગઢ (પાણપુર) મુકામે પહોંચી મહીલા પોલીસની મદદથી પુછપરછ કરતાં નામઠામ કે કોઈ માહીતિ આપતી ન હોઈ માનસીક રીતે અસ્વસ્થ હોવાનું જણાઈ આવેલ હોઈ સમજાવી પો.સ્ટે. લાવી તેને ચા-પાણી પીવડાવી સાંત્વના આપી યુકતિ પ્રયુકતીથી પુછપરછ કરતા પોતે પોતાનું નામ અકીલા મહમદ બશીર અહમદભાઈ ઈશાક કુરેશી (અંસારી) ઉ.વ.૩૫ રહે. માલેગાંવ (મહારાષ્ટ્ર)ની હોવાનું જણાવેલ છે. અને મસ્તાનઅલી શાહદતઅલી ફકીર રહે. હાજીપુર તા. હિમતનગરના માલીના છાપરીયા મહેતાપુરા વિસ્તારમાં આવેલ મકાનમાં ભાડેથી રહેતી હોવાનું જણાવેલ હોઈ સદરી મહીલાના મકાન માલીક મસ્તાનઅલી શાહદતઅલી ફકીરનાઓને પોસ્ટે બોલાવી ઓળખાણ કરાવતાં પોતાના ભાડુઆત હોવાની તથા તેણીને ત્રણ મહીના અગાઉ પુત્ર જન્મ થયેલ અને ચારેક દિવસ બાદ મરણ ગયેલ હોઈ માનસિક રીતે પડી ભાંગેલ હોઈ માનસિક રીતે અસ્વસ્થ હોઈ ઘરેથી નીકળી ગયેલ હોવાનું જણાવેલ અને તેણીના પતિ સિધ્ધપુર ધંધાર્થે ગયેલ હોઈ આ મહીલાને મકાન માલીકની હાજરીમાં તેના ઘર સુધી સરપંચ સાજીદભાઈ રેવાસીયા તથા ગામ આગેવાનોની મદદથી હિંમતનગર ગ્રામ્ય પોસ્ટેના પોલીસ સ્ટાફની સુઝબુઝથી માનસિક રીતે અસ્વસ્થ મહીલાને તેના પરીવાર સુધી સહી સલામત પહોંચાડી સરાહનીય કામગીરી કરેલ છે.

## પાટણ ખાતે બાળ મજુરી પ્રથા નાબુદી અંતર્ગત સેમીનાર યોજાયો



પાટણ

પાટણ ગાંધીસ્મૃતિ હોલ ખાતે સરકાર શ્રમ અધિકારી વિભાગ દ્વારા બાળ અને તરૂણ શ્રમયોગી નાબુદી પ્રથા અંતર્ગત જિલ્લા કલેટરશ્રી આનંદ પટેલની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાનો એક દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા કલેકટર આનંદ પટેલે જણાવ્યુ હતું ક બાળક એ રાજયની અમુલ્ય સંપતિ છે. અને રાજયના વિકાસમાં તેની ભૂમિકા મહત્વની છે. સમાજે જાગૃત બની બાળ મજુરી નાબુદી અભિયાનમાં સહભાગી બનવું જોઈએ. રાજય સરકાર દ્વારા ૬ થી ૧૪ વર્ષની વયના તમામ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ પુરુ પાડવાની૪ આરોગ્ય અને અન્ય સુવિધા પુરી પાડવાની જોગવાઈ કરવામાં આવી છે. નિદર્યી બાળકોનું બાળપણ પર લાગતું ગ્રહણ એટલે બાળમજુરી અટકાવવા સમાજના દરેક નાગરીકોનો અધિકાર છે. બંધારણની જોગવાઈથી રાજયના બાળકો અને બાળશ્રમિકો પ્રત્યેની જવાબદારીઓ નક્કી કરવામાં આવી છે. નાની ગરીબ દિકરીઓ માટે કોઈ સમયે ગંભીર પરિસ્થિતીનું નિર્માણ થતું હોય છે. નાની ઉંમરે દિકરીઓના લગ્ન કરી નાની ઉંમરે માતૃત્વ ધારણ કરી પોતાની જીંદગી જોખમમાં મુકતી હોય છે. હવે સમાજને જાગૃત થવાનો સમય છે. આ પ્રસંગે હે.ઉ.ગુ. યુનિવર્સીટીના લો એકસપર્ડ ડૉ. અવનીબેન સાબએ બાળ મજુરી નાબુદી અભિયાન અંતર્ગત બાળકો માટેના જુવેનાઈલ જસ્ટીસ એકટ પોકસો એકટ ૨૦૧૨ ના કાયદાકીય વિષે વિસ્તૃત માહિતી પુરી પાડી હતી. આ કાર્યક્રમમાં પાટણ જિલ્લા બાળ સુરક્ષા અધિકારી કેતનભાઈ પ્રજાપતિએ સંકલીત બાળ સુરક્ષા યોજનાઓની માહિતી આપી હતી. પ્રોજેકટ મેનેજરશ્રી ઝખનાબેન ઠાકરે બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની વિવિધ યોજનાકીય રૂપરેખા રજુ કરી હતી. મદદનીશ શ્રમ આયુક્તશ્રી જી.એમ. ગુટકાએ બાળ મજુરી અધિનિયમ ૧૯૮૬ તથા મજુર કાયદાઓમાં થયેલ સુધારાઓ અંગેની સવિસ્તૃત માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં પાટણ જિલ્લા પંચાયતના નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.એમ. ચૌહાણ૪ બાળ કલ્યાણ સમિતિ કમિટીના ચેરમેન મધુબેન સેનમા અધિકારીગણ કર્મચારી૪ પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.

## કહોડા ગામે મહેમાન બની આવેલા નણદોઈએ પરિણીતા પર દુષ્કર્મ આચર્યુ

ઊંઝા

ઊંઝા તાલુકાના કહોડા ગામે મહેમાન ગતિએ આવેલા નણદોઈએ ઘરમાં સાંજના સમયે એકલતાનો લાભ લઈ રસોઈ કરતી પરિણીતાને પકડી જબરજસ્તીથી દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ આ બનાવની કોઈને વાત નહિં કરવાની ચીમકી આપી હતી, નહી તો તારા પતિને વાનની ટક્કર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા પરિણીતાએ પોલીસમાં ફરિયાદ કરતા ઘરે આવેલા નણદોઈની પોલીસે ધરપકડ કરી જેલહવાલે કર્યો હતો. જાણવા મુજબ કહોડા ગામે રહેતી પરિણીતાએ પોલીસમાં ફરિયાદ કરી છે કે ઘણા સમયથી મારા નણદોઈ મારા પર નજર બગાડી બિભત્સ માગણી કરતા હતા. આ બાબતે મારા પતિને જાણ કરતા તેઓએ નણદોઈને કાઢી મુક્યા હતા અને ઘણા વર્ષો સુધી ઘરે આવ્યા ન હતા, પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓથી ઘરે ફરીથી અવરજવર શરૂ કરી હતી. ત્યારે થોડાક દિવસો અગાઉ મારા ઘરે થ્રેસરથી એરંડા કઢાવવા માટે વાહનમાં એરંડા લઈને આવ્યા હતા તે સમયે ઘરમાં મારા સસરા- સાસુ તથા પતિ અને બાળકો પોતપોતાના કામે બહાર ગયા હતા. ત્યારે ઘરમાં એકલતાનો લાભ લઈ બળજબરીપૂર્વક ધાકધમકી આપી દુષ્કર્મ આચર્યુ હતું અને આ બનાવની કોઈને જાણ નહિં કરવાની ચીમકી આપી હતી અને જો જાણ કરીશ તો મારા પતિને ગાડીની ટક્કર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

પરિણીતાની ફરિયાદ સંદર્ભે પોલીસે આરોપી નણદોઈ જવાનજી તખાજી ઠાકોર (રહે. કેસીમ્પા, તા. વડનગર) ની તાત્કાલીક ધોરણે તપાસ ચલાવી ધરપકડ કરી જેલહવાલે કર્યો હતો અને પરિણીતાને મેડીકલ ચેકઅપ માટે મોકલી કાર્યવાહી હાથ ધરી હતી.

## પાટણ પાલિકામાં કમિટીઓની રચના કરાવવા કલેક્ટર સમક્ષ રજુઆત

પાટણ

પાટણ પાલિકામાં સત્તા પરિવર્તન બાદ પ્રમુખ અને ઉપપ્રમુખે સત્તા સંભાળી લીધી છે, દરમ્યાન કમિટીઓની મુદત ૧૫ દિવસથી પૂર્ણ થઈ હોવા છતાં તેની રચના કરાઈ નથી. જેથી મહિલા કોંગ્રેસ પ્રમુખે પાલિકામાં પ્રમુખ સર્વેસર્વા થઈ ગયા હોવાથી કમિટીઓની રચના કરવા કલેક્ટરને રજુઆત કરી છે.

પાટણ પાલિકાની વિવિધ કમિટીઓની મુદ્દત ૨૦ જૂનના રોજ પૂર્ણ થઈ ગઈ છે. સામાન્ય રીતે કમિટીઓનું ગઠન મુદ્દત પૂર્ણ થતાં અગાઉ હાથ ધરાતી હોય છે. પાટણ પાલિકામાં કોંગી બળવાખોરો મારફત ભાજપે દાવ ખેલી સત્તા પરિવર્તન કરાવી પ્રમુખ - ઉપપ્રમુખ ચૂંટી કાઢ્યા છે. આ પછી ૧૫ દિવસથી પણ વધુ સમય વીતી ગયો હોવા છતાં કમિટીઓની રચના નહિં થતાં પૂર્વ પાલિકા પ્રમુખે આ મામલે કલેક્ટરને રજૂઆત કરી છે. જેમાં કમિટી વગરની પાલિકામાં પ્રમુખ સર્વેસર્વા બની ગયા હોઈ ચેરમેનોની ચૂંટણી કરવા માંગ કરી છે.

આ તરફ કોંગ્રેસ કોઈ પણ ભોગે કમિટીઓ કબજે કરી સત્તામાં ભાગ લેવા દાવ ખેલવાની તૈયારીમાં છે. એના કારણે કોંગી બળવાખોરો અને કોંગ્રેસના નગર સેવકો વચ્ચે કમિટીઓની રચનાને લઈ આગામી દિવસોમાં રાજકીય ઘમાસાણ સર્જાવાની શક્યતા છે.

## પાટણમાં લાલ દરવાજા નજીક બાઈક લારીને અથડાતા ત્રણને ઈજા

પાટણ

પાટણમાં ભદ્ર વિસ્તાર નજીકના લાલ દરવાજા બહાર ગત ગુરૂવાર સાંજે એક બાઈક શાકભાજીની લારીને અથડતા આ બનાવામાં ત્રણ જણાને સામાન્ય ઈજા થવા પામી હતી.

જાણવા મુજબ પાટણમાં આવેલ પ્રસિધ્ધ લાલ દરવાજા બહાર રોજ સાંજે મીની શાકભાજી બજાર ભરાય છે. એટલે લોક-વસ્તીની અવર જવર વિશેષ રહે છે. વળી નગરપાલિકામાં જવા આવવા માટેનો આ રસ્તો હોવાથી વાહનોની દોડા દોડી વિશેષ પ્રમાણમાં રહે છે ત્યારે ગત ગુરૂવારે ત્રણ દરવાજા વિસ્તારના રહીશ મેરૂજી ઝાલા પોતાનું બાઈક બેફામ ચલાવીને લાલ દરવાજાની બહાર નીકળી રહ્યા હતા ત્યારે અચાનક ગમે તે કારણસર બાઈક એક શાકભાજીની લારીને અથડાતાં ત્યાં શાકભાજી લેવા માટે આવેલા ત્રણ જણાને સામાન્ય ઈજા થઈ હતી, જો કે બાઈક ચાલકે માનવતા દાખવી ત્રણે ઈજાગ્રસ્તોને નજીકના દવાખાને સારવાર માટે લઈ ગયેલ.

અત્રે નોંધવુ ઘટે કે લાલ દવાજાથી ચાચરીયા જવાનો રસ્તો ઢાળ પડતો હોવાથી ઘણા દ્વિચક્રી વાહનો સ્લીપ થઈ જતાં હોય છે આથી આ રસ્તો પુનઃ નવો સમતલ બનાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## મહેસાણામાં રસ્તાના મામલે ત્રણ સોસાયટીના રહીશોના કલેક્ટર કચેરીમાં ધામા

મહેસાણા

મહેસાણા વાલ્મીકી નગર પાછળ આવેલા હેતલપાર્ક, વિશિષ્ટ પાર્ક અને વિજયલક્ષ્મી સોસાયટીનો આંતરિક રસ્તો વાલ્મિકી નગરમાંથી નિકાળવા બાબતે ભારે વિવાદ સર્જાયેલ છે. વહીવટી તંત્ર દ્વારા બે વાર માર્ગ પરના દબાણો દૂર કરવા ગયા હતા પરંતુ દબાણો દૂર ન થતાં આ મુદો ચર્ચાસ્પદ બન્યો છે.

જો કે ત્રણ સોસાયટીને વાલ્મિકી નગરમાંથી નિકળવાનો મુખ્ય માર્ગ હોવાથી અને તે માર્ગ વાલ્મિકી નગરે બંધ કરી દેતાં. આ ત્રણ સોસાયટીના રહીશોને ચોમાસામાં બહાર નિકળવું મુશ્કેલ બન્યું છે. ત્યારે ગત બુધવારે વહીવટી તંત્રની ટીમ પોલીસ સાથે દબાણ દૂર કરવા ગઈ પરંતુ દબાણ હટાયા વિના પરત ફરી હતી. જેથી ત્રણ સોસાયટીના રહીશોએ કલેકટર કચેરીમાં ધામા નાખ્યા હતા.

મહેસાણાના સોમનાથ રોડ પર વાલ્મિકી નગર વિસ્તાર આવેલ છે. આ વિસ્તારની પાછળ હેતલપાર્ક, વિશિષ્ટપાર્ક અને વિજયલક્ષ્મી સોસાયટીઓ આવેલ છે. આ સોસાયટીના આંતરિક રસ્તાને લઈ વિવાદ સર્જાયેલ છે અને વહીવટી તંત્રની ટીમ દબાણ દૂર કરવા જાય છે. પરંતુ દબાણ દૂર થતા નથી, કોઈ રાજકીય દબાણથી આ માર્ગ ખુલ્લો કરી શકાતો નથી અને સીસીરોડ બનાવી શકાતો નથી.

## જિલ્લા માહિતી કચેરીના પરિસરમાં ૬૦ વૃક્ષોનો ઉછેર: ૪૦ નવા રોપાનું વાવેતર

પાટણ

જિલ્લા માહિતી કચેરી પાટણના પ્રાંગણમાં ૬૦ વૃક્ષોનો ઉછેર કરાયો છે. કર્મચારીઓની દેખરેખ અને જહેમતથી છેલ્લા પાંચ વર્ષમાં વિવિધ જાતના વૃક્ષોનો ઉછેર કરાયો છે.

ચાલુ વર્ષે ગુજરાત સરકારના વન મહોત્સવ કાર્યક્રમના ભાગરૂપે માહિતી કચેરીના કર્મચારીઓએ ૪૦ રોપાનું વાવેતર કર્યું છે. જેમાં બાગાયતી રોપાનું પણ આરોપણ કરાયું છે.

આજે કચેરી ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કચેરીના સર્વશ્રી ભરતભાઈ રાવલ, સુરેશભાઈ જી.પટેલ, ડી.પી. પટેલ, ડી.આર.વઢેર, બટુકભાઈ બુસા, સંજય બી. પરમાર, બી.એમ.દેસાઈ, પ્રતાપજી ઠાકોર,

પ્રવિણ ઠાકોર, વિજય ભીલ, દલપત ઠાકોરે વૃક્ષારોપણ કર્યું હતું.

## સામુહીક ખેતી અપનાવેલ મેથાણ, મેત્રાણા અને વરશીલા ગામના પ્રગતિશીલ ખેડુતોની કલેક્ટરએ મુલાકાત લીધી





પાટણ

માનનીય પ્રધાનમંત્રીશ્રી એ વર્ષ ૨૦૨૨ સુધીમા ખેડુતોની આવક બમની કરવાની નેમ વ્યક્ત કરેલ છે ત્યારે પાટણ જીલ્લાનુ આર્થિક પાસુ ખેતી અને પશુપાલન હોઈ, આ જિલ્લાના ખેડુતોને એક નવી દિશા આપવાના હેતુથી કલેક્ટરશ્રી , પાટણએ સિધ્ધપુર તાલુકાના મેથાણ, મેત્રાણા અને વરશીલા ગામના પ્રગતિશીલ ખેડુતોના ખેતરની તા. ૦૬.૦૬.૨૦૧૮ ના રોજ મુલાકાત લઈ સામુહીક ખેતી દ્વારા મળેલ કૃષિ વિકાસના પરિણામોની જાત માહિતિ મેળવી, નવા પ્રયોગો કરવા અને તેમા સફળ થૈ અન્ય ખેડુતોને પ્રેરણા પુરી પાડવા બદલ ખેડુતોના પ્રયત્નોને બિરદવ્યા હતા. આ તબક્કે જિલ્લા ખેતીવાડી અધિકારી શૈલેશભાઈ પટેલ, નાયબ બાગાયત નિયામક મુકેશભાઈ ગાલવાડીયા સહીત ખેડુતો ઉપસ્થિત રહ્યા હતા.

હાલના સમય મા યુવાનો ખેતી થી દુર થઈ રહ્યા છે એવા સમય મા પાટણ જીલ્લા નુ સિધ્ધપુર તાલુકા નુ મેથાણ ગામ જ્યા પાચ યુવાનો એ નવીનતમ સાહસ થકી બાગાયતી પાકની કો - ઓપરેટીવ બેઝ દાડ્મ ની ૧૪૦ વિઘા મા આધુનિક ખેતી કરી નવો ચીલો ચીતર્યો છે. આ એ મેથાણ ગામ છે, જ્યા એશીયા નુ સૌથી મોટો બાયો ગેસ પ્લાંટ આવેલ હતો મેથાણ ગામના યુવાનો પૈકી સલીમભાઈ મરેડીયા, મોહ્સીન ભાઈ મરેડીયા, અમીરભાઈ માકણોજીયા, બરકતભાઈ મરેડીયા, શોકતભાઈ તુક્કા જેઓ મુંબઈ ખાતે હોટેલ ના વ્યવસાય સાથે જોડાયેલ હતા એમના દાદા જે ચીલા ચાલુ વરસાદ આધારીત ખેતી કરતા હતા અને ધીમે ધીમે ખેતી છોડવાની તૈયારીમા હતા એવા સમયે આ યુવાનોને નવીનતમ આધુનીક ખેતી કરવાનો વિચાર આવ્યો. આ યુવાન ખેડુતોએ ભેગા મળી મહારાષ્ટ ના તલેગાવ સહીત વિવિધ વિસ્તારની મુલાકાત લીધી અને ત્યાની ખેતીનો અભ્યાસ કરી, આ વિસ્તારમા અનુકુળ એવા બાગાયત - દાડમ પાકનુ આર્થિક ઉપાર્જન સારુ હોઈ, બંજર ગણાતી જમીનમાં ૧૪૦ વિઘામા દાડમ પાકનુ વાવેતર કરવા આયોજન કરવા નુ વિચાર્યુ એક સાથે આટલી જમીન માટે મેથાણ ના ખેડુતો પાસે ૧૫ વર્ષ ના ભાડા પેટે જમીન લીઝ પર રાખી લેવલીંગ કરવી એપ્રીલ ૨૦૧૩ મા કુલ ૨૫૫૦૦ દાડમ ના ટીસ્ટ્યુકલ્ચર રોપા નુ વાવેતર ટપક પધ્ધતિથી કર્યુ આમ દાડમ નુ વાવેતર કર્યા બાદ પાટણ જીલ્લા મા ખેડુતોને આવી ખેતી કરવા માટે પ્રેરણા મળી જેના થકી પાટણ જીલ્લા ના ખેડુતો ટપક પધ્ધતિ અને દાડમ પાક કરવા માટે પ્રેરાયા અને આટ્લા મોટા વિસ્તાર મા દાડમ મા અલગ અલગ બહાર ની માવજત લઈને માર્કેટ ને અનુરુપ દાડમનુ ઉત્પાદન લેવાનુ શરુ કરેલ છે. ખેડુતોના કહેવા મુજબ જેમા ટેકનિકલ એક્સપર્ટ ની ફી સહીત એક છોડ દીઠ ૩૦૦ થી ૩૫૦ રુપિયા ખર્ચ આવે છે છોડ દીઠ અંદાજીત ૧૫ કીલો નુ ઉત્પાદન મેળવેલ છે અને આમ વાર્ષિક ૮૦ થી ૯૦ લાખ સુધી ની આવક મેળવેલ છે. કલેક્ટરશ્રી એ તેઓને અભિનંદન આપ્યા હતા અને આવનારા સમયમા વધુ ઉત્પાદન મેળવવા તેમજ ૨૦૨૨ સુધી આવક ડબલ કરવા અનુરોધ કરી મુલ્યવર્ધન તરફ આગળ વધવા માર્ગદર્શન કર્યુ હતુ. વધુમા ખેડુતોની મુશ્કેલીઓ સાભળી અને નિવારણ માટે કાર્યવાહી કરી હતી.

આ પ્રસંગે નેટાફિમ ઈરીગેશનના પ્રવીણભાઈ પટેલ, ગામના સરપંચશ્રી ,પ્રગતિશીલ ખેડુત અને ગામ્ના મુખી જાફરભાઈ, વિસતરણ અધિકારી દસ્હરથભાઈ પટે, ગ્રામ્સેવક મિત્તલબેન જોશી, તલાટી સહીત મોટી સંખ્યામા ખેડુતો ઉપસ્થિત રહ્યા હતા.

# ભાભર તાલુકાના બલોધણ ગામે ઘરમાંથી પરણિત મહિલાનું અપહરણ કરી રૂા.૪.૫૦ લાખની લૂંટ

**ઘરમાં નણંદ - ભોજાઈ એકલા હતા ત્યારે આઠ માણસોની ટોળી આવીને નણંદને ઘાયલ કરી અપહરણ કર્યું : બે ગાડીઓની તોડફોડ કરતા ગામમાં ચકચાર : ઘાયલ મહિલાને સારવાર અપાઈ**

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર તાલુકાના બલોધણ ગામે ગત સાંજે ઘરમાંથી એક પરણીત મહિલાનું અપહરણ કરી તેના ઘરમાંથી રૂા.૪.૫૦ લાખની લૂંટ અને ઘરમાં તોડફોડ કરી આઠ ઈસમો ફરાર થઈ જતાં ગામમાં ચકચારની સાથે ફફડાટ ફેલાયો છે. પોલીસે આઠ ઈસમો સામે મહિલાનું અપહરણ અને ધાડની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ બલોધણ ગામના અમરતભાઈ ઓખાભાઈ દેસાઈ(ભુવાજી) એ ચાર મહિના પહેલા રેખાબેન સાથે કોર્ટ મેરેજ કરીને બલોધણમાં પોતાના પરિવાર સાથે રહેતા હતા. ગત સાંજ તેઓ પોતાની પાડોશમાં ગયેલ હતા. તે દરમ્યાન આઠ ઈસમો એક બોલેરો ગાડી લઈને આવ્યા હતા. ઘરમાં રેખાબેન અને નણંદ કાન્તાબેન (નણંદ - ભોજાઈ) ઘરે એકલા હતા ત્યારે મહિલાઓનો એકલતા નો લાભ લઈ ફરિયાદી અમરતભાઈના ઘરમાં આઠ ઈસમોનું ટોળુ ઘુસીને લાકડી

અનુસંધાન પાના નં.૬







વનરાજસિંહ રાઠોડ

**કોની સામે ફરીયાદ નોંધાઈ**

મગન પુનાભાઈ રબારી, શીવા પુનાભાઈ રબારી, દશરથ મગનભાઈ રબારી, મહાદેવ મફાભાઈ રબારી, ગોવિંદ મગનભાઈ રબારી તમામ રહે. ધ્રેચાણા તા. સુઈગામ, કીર્તિ દાનાભાઈ રાજપુત રહે. વાવ, ભીખા રગનાથભાઈ રહે. કપરુપુર, ગુગા દાનાભાઈ રાજપુત રહે. વાવ

**ફરીયાદી શું કહે છે ?**

અમરતભાઈ દેસાઈએ જણાવેલ કે ચાર દિવસ પહેલા મને ખબર પડી કે મને મારવા માટે ગાડી લઈને ગામમાં આવે છે. તેની જાણ ભાભર પોલીસ સ્ટેશન જઈને પી.એસ.આઈ.ને કરી હતી. ત્યારે મને કહેલ કે તુ ખોટી ફરીયાદ કરવા આવ્યો છે. તેમ કહીને મને પોલીસ સ્ટેશનમાંથી કાઢી મુકયો હતો. પોલીસે ગંભીરતા ન લેતા આવો બનાવ બન્યો છે.

# ચોડુગરી બસસ્ટેન્ડ સામે બાઈક અને ટેન્કર વચ્ચે અકસ્માતમાં એકનું મોત : એક ગંભીર

**ટેન્કર ચાલક ટક્કર મારી ફરાર**

પ્રતિ. દાંતીવાડા

દાંતીવાડા તાલુકાના ચોડુગરી ગામના બસ સ્ટેન્ડ સામે ગતરોજ સાંજના પાંચેક વાગ્યાના સુમારે દાંતીવાડા તરફથી જીજે-૧ એન.ડી ૧૫૬૫ બાઈક લઈને પાંથાવાડા તરફ જઈ રહ્યા હતા તે દરમ્યાન પાંથાવાડા તરફથી પૂર ઝડપે આવી રહેલા દુધના ટેન્કર ચાલકે સામે આવી રહેલ બાઈકને જોરદાર ટક્કર મારતા બાઈક સવાર યુવકો પૈકી એક યુવકનું ઘટના સ્થળે મોત થયેલ જ્યારે બીજાને ૧૦૮ મારફતે પાલનપુર ખાતે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ આ અકસ્માતમાં સબભાઈ પુરોહીતનું ઘટના સ્થળે મોત થયેલ જ્યારે પિન્ટુ ડાભીને ગંભીર ઈજાઓ થયેલ દાંતીવાડા પોલીસ વધુ તપાસ હાથ ધરી ફરાર ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.



ઈશ્વર રબારી

# બનાસકાંઠા જિલ્લાની ૭૭ ગ્રાન્ટેડ માધ્યમિક ઉ.મા. શાળાઓમાં આચાર્યની ભરતી અચાનક બંધ

તાલુકા પ્રતિ. થરા

રાજ્યમાં ધો.૯ થી ૧૨ ના શિક્ષણ માટે સરકારી ગ્રાન્ટેડ નોન ગ્રાન્ટેડ માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ આપવામાં આવે છે. જેમાં રાજ્યની ગ્રાન્ટેડ મા. અને ઉ.મા. શાળાઓમાં છેલ્લા ઘણા વર્ષોથી આચાર્યની જગ્યા ખાલી પડેલી જગ્યા નહી ભરાતા રાજ્યભરમાં ગત મે ૨૦૧૮ પહેલાંની સ્થિતિએ ૨૧૦૦ થી વધુ આચાર્યની જગ્યા ખાલી હતી. જે ભરવા માટે સ્પેશીયલ એચ.ટાટની પરીક્ષા લેવાઈ હતી. તેમાં પાસ થનાર ઉમેદવારોનું મેરીટ લીસ્ટ બનાવી દરેક ખાલી જગ્યા ધરાવતી શાળાઓને ૧૫ ઉમેદવારોની યાદી અર્પણ કરી સંચાલક મંડળના બે તાલુકા બહારના કેળવણીકાર, જિલ્લા શિક્ષણાધિકારી શિક્ષણ નિરીક્ષક એમ પાંચ સભ્યોની ભરતી સમિતિ બનાવી ભરતી પ્રક્રિયા કરવાનું આયોજન થયું હતું. પરંતુ આ ભરતી સામે નોનગ્રાન્ટેડ શાળાના કેટલાક લોકોએ હાઈકોર્ટમાં દાદ માંગી ૧૨ જગ્યા ખાલી રાખવા કેસ દાખલ કરતાં સંયુક્ત શિક્ષણ નિયામક હર્ષવર્ધન મોદી (માધ્યમિક) તાઃ૬/૭/૨૦૧૮ ના પરિપત્ર કરીને રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને આદેશ કર્યો છે કે જ્યાં સુધી હાઈકોર્ટનો કોઈપણ પ્રકારનો ચુકાદો ન આવે ત્યાં સુધી શાળા પસંદગી સમિતિ દ્વારા લેવાનાર ઈન્ટરવ્યુની કાર્યવાહી તાત્કાલિક અસરથી સ્થગિત કરવી. જેના ભાગરૂપે બનાસકાંઠા જિલ્લા શિક્ષણાધિકારી એચ.એમ. રાવલે બનાસકાંઠા જિલ્લાની ૭૭ ગ્રાન્ટેડ માધ્યમિક- ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની ખાલી જગ્યા ભરવા માટે તા. ૨૩/૭/૨૦૧૮ થી તા. ૩/૮/૨૦૧૮ દરમ્યાન યોજાનાર ઈન્ટરવ્યુની કાર્યવાહી સ્થગિત રાખવા પરિપત્ર ક્રમાંક મા.વિ-૨/ આચાર્ય ભરતી/ ૩૧૩૮૮-૪૬૪/૨૦૧૮ /તા. ૬/૭/૨૦૧૮ થી તમામ ૭૭ શાળાઓના સંચાલક મંડળ- ઈન્ચાર્જ આચાર્યને જાણ કરી હોવાનું જાણવા મળેલ છે.

# વડાલી શહેરમાં બનેલ લવ જેહાદના કારણે વડાલીમાં ઠેર ઠેર પોલીસ બંદોબસ્ત

પ્રતિ. વડાલી

વડાલી શહેરમાં ગતરોજ રવિવારે પણ અજંપાભરી પરિસ્થિતિ જોતા પોલીસ બંદોબસ્ત કડક કરી દેવામાં આવ્યો છે. વડાલીમાં ડ્રાઈવર તરીકે કામ કરતો મનસુરી સાહિલ હુસેન અબ્દુલભાઈ લવ જેહાદના ભાગરૂપે હિન્દુ જૈન યુવતીને લલચાવી ફોસલાવી, મોટા સપના બતાવી ઉઠાવી ગયેલ છે તે માટે તેનો કયા કયા તત્વોએ સાથ સહકાર આપ્યો છે તેની પણ યોગ્ય તપાસ કરવામાં આવી રહી છે. ગુજરાતમાં પણ હવે લવ જેહાદ માથુ ઉચકી રહ્યો છે. હિન્દુ યુવતીઓને લાલચો આપી ફસાવામાં આવી રહી છે. ત્યારે આ બાબતે સરકાર દ્વારા નક્કર કાયદો બનાવવા પણ હિન્દુ સમાજમાં માંગ ઉઠવા પામી છે. આજે આવા અસામાજિક તત્વો સામે જો કાર્યવાહી નહી કરવામાં આવે તો હિન્દુ યુવતીઓને બજાર, કોલેજ, શાળાઓએ જવાનુ ભારે પડી શકે છે. વડાલી બસસ્ટેન્ડ ઉપર તો શાળા કોલેજ જવા આવાના સમયે બાઈકો, જીપો લઈ અસામાજિક તત્વો બેફામ ટેપો વગાડી યુવતીઓને પરેશાન કરતા હોય છે. ઘણા ડ્રાઈવરો તો યુવતીઓને હાથ પકડી

અનુસંધાન પાના નં.૬



# દાંતીવાડા ડેમની મેઈન કેનાલમાં ડૂબી જવાથી અજાણ્યા ઈસમનું મોત

પ્રતિ. દાંતીવાડા

દાંતીવાડા ડેમની મેઈન કેનાલ શિકરીયા ગામની સીમ પાસે નાહવા પડેલ યુવકો પૈકી એક અજાણ્યા યુવકનું ડુબી જવાથી મોત થયેલ જયારે એક યુવક બહાર નીકળી ગયેલ. જેની રામનગરના ચંદ્રસિંહ અને ભમ્મરસિંહ ને જાણ થતાં ઘટના સ્થળે તાબડતોબ આવી પહોચતાં મૃતક યુવકની લાશની શોધખોળ કરી બહાર કાઢેલ જાણવા મુજબ આ મૃતક યુવક ડીસાના દેવીપુજક હોવાનું જાણવા મળેલ છે તરવૈયા અવાર નવાર મદદે આવતા હોવાથી આવી ઉમદા કામગીરીને લોકોએ બિરદાવી હતી.



ઈશ્વર રબારી

# રાધનપુર પાલિકાએ ભૂગર્ભ ગટરની કામગીરી બાબતે નોટિસ ફટકારી

રાધનપુર

રાધનપુર શહેરમાં છેલ્લા ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ચાલતી ભૂગર્ભ ગટરની કામગીરીથી લોકો અને ખુદ નગરપાલિકાના સત્તાધીશો પણ ત્રાહિમામ પોકારી ગયા છે.પાલિકા દ્વારા ભૂગર્ભ ગટરના કોન્ટ્રાક્ટર દ્વારા હલકી કક્ષાની કામગીરી બાબતે અવાર નવાર નોટિસો આપવા છતાંય કોઈ અસર ના થતી હોવાથી પાલિકાએ ફરીએકવાર પાણી પુરવઠા વિભાગને ભૂગર્ભ ગટરના કોન્ટ્રાક્ટરની કામગીરી બાબતે નોટિસ આપી છે,અને કાયદેસરની કાર્યવાહી કરવા ચીમકી આપવામાં આવી છે. પાલિકાના ચીફ ઓફિસર રૂડાભાઈ રબારી અને કારોબારી ચેરમેન કાનજીભાઈ ડી.પરમારે આપેલી નોટિસમાં રાજગઢીથી મંડાઈચોક સુધીના વિસ્તારમાં ભૂગર્ભ ગટરની કામગીરી દરમ્યાન પાણીની પાઈપલાઈન તોડી નાખવામાં આવી હોવાથી લોકોને પાણી પહોંચાડી શકાતું નથી, જેના કારણે લોકો પાણી વિના હાલાકી ભોગવી રહ્યા છે. નગરપાલિકાને જાણ કર્યા વગર એજન્સી દ્વારા કામગીરી કરીને શહેરના અલગ-અલગ વિસ્તારોમાં પાઈપલાઈનોને નુકશાન કર્યું છે તે ગંભીર બાબત છે. એજન્સી દ્વારા જે વિસ્તારમાં કામગીરી કરવામાં આવે છે તે વિસ્તારની પાણીની

અનુસંધાન પાના નં.૬

# બનાસકાંઠામાં દારૂની બદી નાથવા ફોટા - વિડિયો પોલીસને આપવા અપીલ

**બીજા દિવસે ૧૦૦ ટીમો દ્વારા રેડ કરી ૮૬ બુટલેગરો સામે કાર્યવાહી**

પાલનપુર

સરહદી બનાસકાંઠા જિલ્લામાંથી દારૂની બદીને નાથવા પોલીસ દ્વારા બુટલેગરો સામે તવાઈ હાથ ધરવામાં આવી છે. જે અન્વયે બીજા દિવસે પોલીસ દ્વારા ૧૦૦ ટીમો બનાવી જુદાજુદા સ્થળોએ રેડ કરવામાં આવી હતી. જ્યાંથી ૮૬ બુટલેગરો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. દરમિયાન કોઈપણ ગામમાં દારૂની બદી ચાલતી હોય તો તેના ફોટા અને વિડિયો પોલીસને આપવા માટે અપીલ કરવામાં આવી છે. જેમાં અરજદારનું નામ ગુપ્ત રાખવામાં આવનાર હોવાનું પણ જણાવવામાં આવ્યું છે.

બનાસકાંઠા પોલીસ અધિક્ષક નીરજ બડગુજર દ્વારા જીલ્લામાંથી દારૂની બદી સદંતર નેસ્ત નાબુદ થાય તે માટે આવી ગેરકાયદેસર પ્રવૃતિમાં સંડોવાયેલ ઈસમો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવાના આદેશો કરવામાં આવ્યા છે. જેના પગલે જીલ્લાના તમામ થાણા

અનુસંધાન પાના નં.૬







(સંજય જોષી)

**ઝીરો ટોલરન્સ નિતિથી બુટલેગરો સામે કાર્યવાહી**

બનાસકાંઠા પોલીસ અધિક્ષક દ્વારા દારૂબંધી ને લઈને ઝીરો ટોલરન્સ ની નીતિ અપનાવી કડકાઈથી બુટલેગરો વિરૂધ્ધ કામગીરી કરી રહેલ છે. તેમના દ્વારા જીલ્લાના તમામ નાગરીકો અને આગેવાનોને અપીલ કરવામાં આવે છે કે આપના ગામ,વિસ્તારમાં કોઈ પણ જગ્યાએ દારૂની પ્રવૃતિ ચાલતી હોયતો જીલ્લા પોલીસ કંટ્રોલરૂમના નંબર ૦૨૭૪૨ ૨૫૨૬૦૦, ૧૦૦ તથા પોલીસ અધિક્ષક નીરજ કુમાર બડગૂજરના મો.નં.૯૯૭૮ ૦૫૦૦૬૫ પર ફોન કે ફોટા કે વિડીયો દ્વારા માહિતી આપી શકો છો અને માહીતી આપનારની વિગત ગુપ્ત રાખવામાં આવશે.

# નાગલેન્ડમાં ઉગ્રવાદી હુમલામાં ૨ ગોળી વાગવા છતાં ઝઝુમી મોતને માત આપનારા જવાનનું સન્માન

**એરપોર્ટથી લઈ ગામ અને ગામમાં પણ સ્વાગત યાત્રા બાદ સન્માન**

પાલનપુર

વડગામ તાલુકાના ચાંગા ગામના વતની દિલીપસિંહ રાજપૂત અને તેમના સાથી મિત્રો થોડાક સમય અગાઉ નાગાલેન્ડમાં ઉગ્રવાદીઓ સામે લડી રહ્યા હતા. જે દરમિયાન ઉગ્રવાદીઓએ બોમ્બ વિસ્ફોટક કરતાં અને અંધાધૂંધ ગોળીઓ ચલાવતા ત્રણ ઉગ્રવાદીઓ નો ખાત્મો કર્યો હતો. જેમાં આસામ રાઈફલ ના ચાર જવાન શહીદ થયા હતા. ત્યારે દિલીપસિંહ બે ગોળી વાગવા છતાં તેવો ઝઝુમી ઉગ્રવાદીઓ ને પાછા પાડ્યા હતા. આ લડાઈ માં દિલીપસિંહ બે ગોળી વાગવા છતાં મોતના મુખમાંથી બાર આવતા તેવો સારવાર બાદ વતન પરત ફરતાં અમદાવાદ એરપોર્ટ પર મહાકાલ સેના સહિત સમાજ અને અન્ય લોકોએ ભવ્ય સ્વાગત કરી તેમને વતન લાવ્યા

અનુસંધાન પાના નં.૬



(સંજય જોષી)

**એક ગોળી હજુ શરીરમાં જ છે**

દિલીપસિંહને અથડામણમાં ૨ ગોળી વાગી હતી. જેમાં થી એક ગોળી ઓપરેશન કરી નીકાળી દેવામાં આવી છે. જ્યારે એક ગોળી હજુ શરીરમાં જ છે. તે થોડાક સમય બાદ પુનઃ ઓપરેશન કરી નીકાળવામાં આવશે.

**છોડવાઓનું બાળ મરણ...**

# થરા પાલિકા દ્વારા વૃક્ષારોપણ કરાયાના કલાકોમાં ભૂખ્યા આખલા વૃક્ષો ચરી ગયા

**સરકારી ગ્રાન્ટના વેડફાટથી આમ પ્રજામાં આક્રોશ**

તા.પ્રતિ. થરા

ગુજરાત સરકાર દ્વારા વૃક્ષારોપણને આગવું મહત્વ આપવામાં આવી રહ્યું છે તો બીજી તરફ ફોરેસ્ટ ખાતાની રહેમ નજર હેઠળ ગામડાઓમાંથી રાત - દિવસ જુના અડીખમ વૃક્ષો બિનકાયદેસર કપાઈને લાટી બજારમાં ઠલવાઈ રહ્યાં છે. જુલાઈ ઓગસ્ટમાં રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી વૃક્ષો રોપણ કરવામાં આવે છે પણ આ અભિયાનમાં વ્યાપક ગેરરીતિના કારણે સફળતા પ્રાપ્ત થતી નથી. કાંકરેજ તાલુકાના થરા નગર પાલિકા વિસ્તારમાં રખડતી ગાયો - આખલા ને ફુટ પાથ પરના દબાણોના કારણે ટ્રાફીકની વિકટ સમસ્યાથી લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. ત્યારે ગત શુક્રવારે પાલિકા દ્વારા ધમાકેદાર વૃક્ષારોપણ કરવામાં આવ્યું ને થોડા જ કલાકોમાં ભૂખ્યા ભટકતા આખલાઓ આ વૃક્ષો ચરી જતાં નગરમાં અનેક પ્રકારની કટાક્ષ ભરી ચર્ચા ચાલતી જોવા મળી રહી હતી. રોડ રસ્તામાં ભ્રષ્ટાચાર -

અનુસંધાન પાના નં.૬



યશપાલસિંહ ટી.વાઘેલા

# રાધનપુર પંથકમાં પાણીનો પોકાર : પાણી નહીં છોડયા તો આંદોલનની ચીમકી





ભરત સુંદેશા

ડીસા

પાટણ જીલ્લાનાં અમુક ગામોમાં નર્મદાનું પીવાનું પાણી છેલ્લાં પંદર દીવસથી બંધ કરી દેવાતા લોકો પરેશાન થઈ ચુક્યા છે, રાધનપુર શહેર, વારાહી અને સાંતલપુરનાં ૧૦૦ જેટલા ગામો પીવાના પાણીની બુંદ માટે પડાપડી કરી રહ્યાં છે અને પાણી માટે રીતસરની લાઈનો સવાર થી લગાવી દેવામાં આવે છે.

સરકાર ભલે દાવા કરતી હોય કે ગુજરાતનું કોઈ ગામડામાં પાણીની સમસ્યા નથી પરંતુ આજે પાટણ જીલ્લાનાં વારાહી, સુઈગામ અને રાધનપુર તાલુકા ના ૧૦૦ ગામડાઓ ને છેલ્લાં ૧૫ દીવસ થી પીવાનું પાણી મળતું નથી, કાંકરેજ પાસેથી પસાર થતી નર્મદા કેનાલ માંથી રાણકપુર પાસે બનાવવામાં આવેલ ફિલ્ટર પ્લાન્ટમાં રીફાઈન કરી પાણી પુરવઠા દ્વારા પાઈપલાઈન દ્વારા રાધનપુર શહેર, સાંતલપુર અને વારાહીને ગામોને પુરુ પાડવામાં આવી રહ્યુ છે પરન્તુ છેલ્લાં ૧૫ દીવસ થી નર્મદા કેનાલ બંધ કરી દેતા ૧૦૦ જેટલા ગામો મા પાણી બંધ થઈ જવા પામ્યું છે અને ગામોમાં બે, ત્રણ દિવસે એક વાર ટેન્કર આવતાં પડાપડી સર્જાય છે તો ક્યાંક ટેન્કર આવવાના સમાચાર મળતાં ગામલોકો લાઈન લગાવી બેસી જતા હોય

અનુસંધાન પાના નં.૬

સરકાર ભલે ગામેગામ પીવાનું પાણી મળી રહે છે તેવા દાવા કરતી હોય પરન્તુ આપ જે દ્રશ્યો જોઈ રહ્યાં છો તેનાં પરથી ચોક્કસ કહી શકાય કે સરકારનાં દાવા માત્ર કાગળ પર છે પરન્તુ વાસ્તવિકતા કંઈક અગળ છે સવાર થી સસ્તા અનાજ ની દુકાન આગળ જેમ લાઈનો લાગે તેમ સુંઈગામ, વારાહી અને સાંતલપુર,અને રાધનપુર વિસ્તાર નાં લોકો લાઈનમાં પાણી માટે લાગી જાય છે જોકે પાણી બંધ કરવા પાછળ ભલે લોકો રાજકીય આક્ષેપ કરતા હોય અને જે સાચા છે કે કેમ તે ખબર નથી પરન્તુ હાલ તો સરકારે રાજકીય કિન્નાખોરી રાખ્યા વગર પાણી માટે ટળવળતા લોકોને પાણી પુરૂ પાડે તે જરૂરી છે.

રાધનપુર પાલિકાનાં કોર્પોરેટર અને તાલુકા પંચાયતનાં સદસ્યો તેમજ લોકો એ સરકાર રાધનપુરનાં ધારાસભ્ય અલ્પેશ ઠાકોરને બદનામ કરવા માટે પીવાનું પાણી આપતાં નથી છેલ્લાં ૧૫ દીવસથી ૧૦૦ ગામડાઓ પાણી વગર ટળવળી રહ્યાં છે જો બે દીવસમાં પાણી નહી આવે તો ધારાસભ્યનાં માર્ગદર્શન લઈને આમે આંદોલન કરીશુ, તાળાં બંધી પણ કરીશું.